

અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : 28 ઓગસ્ટ 2026 શુક્રવાર | વર્ષ : 18 | તંત્રી: પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. 2.00
વિક્રમ સંવત 2082, અષાઢ સુદ -15 | અંક : 59 | અમદાવાદ | પાના : 8

» ઓફિસ : 315, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - 380015. » ટેલિફોન : 079-26765733 » E-Mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com » RNI Reg. No. GUJGUJ/2009/28886

3

ટ્રમ્પે આખા વિશ્વમાં અમેરિકન વિઝા આપવા પર પ્રતિબંધ મૂક્યો

4

ગ્લોબલ વોર્મિંગથી હિમાલયની ઈકોસિસ્ટમ બદલાઈ રહી છે

6

ગુજરાતમાં રમતા જોવા મળશે સેહવાગ-દ્રવિડના પુત્રો, ઓસ્ટ્રેલિયા સામેની શ્રેણી માટે U19 ભારતીય....

7

E20 પેટ્રોલથી પરેશાની વચ્ચે ગ્રાહકો માટે સારા સમાચાર, જાણો શું છે સરકારની તૈયારી?

## NEWS BRIEF

### આંધ્ર પ્રદેશમાં બસ અને ઓટો-રિક્ષાની ટક્કર, 7ના મોત

**6 ઘાયલ, ઓટોમાં 15 મુસાફરો સવાર હતા, રોંગ સાઈડથી આવતી ટક્કર**

આંધ્ર પ્રદેશના પલનાડુ જિલ્લામાં ગુરુવારે એક બસે ઓટો-રિક્ષાને ટક્કર મારી. આ અકસ્માતમાં 7 લોકોના મોત થયા, જ્યારે અન્ય 6 લોકો ઘાયલ થયા છે. ઘાયલોમાં 4 બાળકોનો પણ સમાવેશ થાય છે. પોલીસે આ માહિતી આપી.



આ અકસ્માત ચિલકલુરિપેટ મંડળના અડ્ડા રોડ પાસે થયો હતો. બસ વિજયવાડાથી તિરુપતિ જઈ રહી હતી, ત્યારે તેણે 15 મુસાફરોને લઈ જઈ રહેલી ઓટો-રિક્ષાને ટક્કર મારી. પોલીસના જણાવ્યા અનુસાર, ઓટો-રિક્ષા વળીને રોંગ સાઈડથી બસના રસ્તામાં આવી ગઈ હતી. તે સમયે બસ લગભગ 40 કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે ચાલી રહી હતી. નરસારાવપેટના ડીએસપી એમ. હનુમંત રાવના જણાવ્યા અનુસાર, અકસ્માત રાત્રે લગભગ 1 વાગ્યે થયો હતો. તિરુપતિ જતી બસ એક મુસાફરને લેવા માટે ચિલકલુરિપેટ પાસે બાયપાસ પર પહોંચી હતી. મુસાફરને લીધા પછી બસ નરસરાવપેટ બસ સ્ટેન્ડ તરફ જઈ રહી હતી. આ દરમિયાન કલા મંદિર જંક્શન પાસે બસની ઓટો-રિક્ષા સાથે ટક્કર થઈ હતી. અકસ્માતમાં ચાર લોકોનું ઘટનાસ્થળે જ મોત થયું હતું, જ્યારે અન્ય ત્રણ લોકોએ હોસ્પિટલમાં સારવાર દરમિયાન દમ તોડ્યો હતો.

### દિલ્હી- 21 વર્ષીય મોડેલની ઘરમાં ઘૂસીને હત્યા

**છરીના ઘા ઝીંક્યા, ઘટના સમયે એકલી હતી, આરોપી જીમ ટ્રેનર ઈમરાન ફરાર**



દિલ્હીના તિલક નગર વિસ્તારમાં બુધવારે રાત્રે 21 વર્ષીય મોડેલની તેના ઘરમાં ઘૂસીને હત્યા કરવામાં આવી હતી. યુવતી મુસ્કાનના જીમ ટ્રેનર ઈમરાન પર છરીથી હુમલો કરવાનો આરોપ છે. ઈમરાન યુવતીને થોડા સમયથી ઓળખતો હતો.

પોલીસ સૂત્રો મુજબ, બુધવારે યુવતીના પરિવારજનો બહાર ગયા હતા અને તે ઘરમાં એકલી હતી. ત્યારે આરોપી ત્યાં પહોંચ્યો અને તેના પર છરી વડે હુમલો કર્યો, જેના કારણે તેનું મોત થયું. માહિતી મળ્યા બાદ પોલીસ ઘટનાસ્થળે પહોંચી અને તપાસ શરૂ કરી.

પોલીસ આસપાસ લગાવેલા CCTV કેમેરાના ફૂટેજની તપાસ કરી રહી છે. ફૂટેજ દ્વારા આરોપીની હિલચાલ અને ઘટનાક્રમની માહિતી ભેગી કરી રહી છે.પોલીસ એ જાણવાનો પ્રયાસ કરી રહી છે કે આરોપી ઘર સુધી કેવી રીતે પહોંચ્યો અને ઘટના બાદ કયા રસ્તેથી ફરાર થયો. એડિશનલ ડીસીપી અભિષેક ગુપ્તાએ જણાવ્યું કે પોલીસ આરોપીની શોધ કરી રહી છે.

મૃતકના મિત્રએ જણાવ્યું કે સાંજે લગભગ 7 વાગ્યે તેની પાસે મુસ્કાનની બહેને ફોન કરીને જણાવ્યું કે તેની બહેનને કોઈએ છરી મારી દીધી છે. છરી મારનારનું નામ ઈમરાન છે, તે મુસ્કાનની જીમમાં ટ્રેનર હતો.

તે સાયકો હતો અને વાત ન કરવા પર મુસ્કાનને પરેશાન કરી રહ્યો હતો. ઈમરાન તેનો પીછો કરતો હતો અને લગ્ન માટે દબાણ કરી રહ્યો હતો. મુસ્કાન વિદ્યાર્થિની હતી અને પાર્ટ ટાઈમ મોડેલિંગ કરતી હતી. તે તેનાથી છુટકારો મેળવવા માંગતી હતી.

### 288 ભારતીયો ગૂમ, 21 ભારતીયોને રેસ્ક્યૂ કરાયા

# નેપાળમાં જળપ્રલય: ભારે તબાહીથી મૃત્યુઆંક 270 થયો

## નેપાળના વિદેશમંત્રી શિશિર ખનાલે હિમાલયમાં આવેલા આ ભીષણ પૂર બાદ ભારત માટેના સંભવિત જોખમો ઉપર પણ ચિંતા વ્યક્ત કરી છે

**કાઠમંડુ, તા.27**

નેપાળમાં હાલ ભારે તબાહીનો દર્દનાક મંજર જોવા મળી રહ્યો છે. ભારત પણ પાડોશી દેશ પર સતત નજર રાખી રહ્યું છે. દિલ્હીમાં વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જાયસ્વાલે આ મામલે લેટેસ્ટ માહિતી આપી છે. તેમણે જણાવ્યું કે ભારતના પ્રધાનમંત્રીએ કાલે નેપાળના પ્રધાનમંત્રી સાથે વાત કરી અને ઊંડી સંવેદના વ્યક્ત કરી. પીએમએ કહ્યું કે ભારત નેપાળના લોકો સાથે એકજૂથતાથી છે અને દરેક શક્ય મદદનો પ્રસ્તાવ પણ રજૂ કર્યો. તેમણે કહ્યું કે નેપાળમાં પૂર બાદ રાહત અને બચાવ કાર્ય ચાલુ છે. કેટલાક લોકોને રેસ્ક્યૂ કરાય છે પરંતુ હજુ પણ ૨૮૮ ભારતીય નાગરિકોનો સંપર્ક થઈ શકતો નથી.

વિદેશ મંત્રાલયના પ્રવક્તાએ કહ્યું કે ગૂમ થયેલા લોકોમાં ૭૩ ભારતીય નાગરિકો છે. જે ત્રિશુલી વન પાવર પ્રોજેક્ટમાં કામ કરતા હતા. કાઠમંડુમાં આપણું દૂતાવાસ આ લોકો વિશે વધુ માહિતી મેળવવા માટે પ્રોજેક્ટ હેડના સંપર્કમાં છે. નેપાળમાં પૂરની સ્થિતિ માટે વિદેશ મંત્રાલયમાં એક વિશેષ કંટ્રોલ રૂમ બનાવવામાં આવ્યો છે.

રણધીર જાયસ્વાલે જણાવ્યું કે ગૂમ થયેલામાં પાંચ મુખ્ય ગ્રુપ છે જેમા કુલ મળીને ૨૮૮ લોકો સામેલ છે. પહેલું ગ્રુપ ૭૩ લોકોનું છે જે ત્રિશુલી પાવર પ્રોજેક્ટ પર કામ કરતા હતા. ત્યારબાદ તમિલનાડુના નાગરિકોના બે અલગ અલગ ગ્રુપ છે જેમાં એક ૩૭ અને બીજુ ૪૯ લોકોનું છે. જેમણે સમ્રાટ અને ફ્લાઈ એવરેસ્ટ ટ્રાવેલ્સ દ્વારા કૈલાશ માનસરોવરની યાત્રા કરી હતી. પશ્ચિમ બંગાળના ૩૨ નાગરિકોનું એક ગ્રુપ છે જે સમ્રાટ ટ્રાવેલ્સની મદદથી રસુવા જિલ્લાના તિમુરે ગયા હતા. અલગ અલગ રાજ્યોના ૬૧ ભારતીય નાગરિકોનું ગ્રુપ છે. ત્યરાબાદ કેરળના ૩૩ ભારતીય નાગરિકોનું એક ગ્રુપ છે.

નેપાળમાં આવેલા ભીષણ પૂર બાદ ચર્ચા છે કે તેના પાડોશી દેશો માટે કેટલું જોખમ છે? આ મામલે નેપાળના વિદેશ મંત્રી શિશિર ખનાલે હિમાલયની નાજુક



સ્થિતિથી ભારત માટે ઊભા થનારા જોખમ વિશે કહ્યું કે હિમાલયમાં જે પણ પીઘળે છે તે સમુદ્રમાં ભળે છે. તેમણે કહ્યું કે, નેપાળ અને ભારતે હંમેશા પોતાના સંબંધોને રોટી બેટી અને સીતા રામની રીતે જોયા છે. અમારા સંબંધોમાં ધર્મ અને સાંસ્કૃતિક જોડાણની હંમેશા મોટી ભૂમિકા રહી છે પરંતુ હવે આપણે આપણા સંબંધોને પર્યાવરણના દ્રષ્ટિકોણથી નવેસરથી પરિભાષિત કરવા પડશે.

તેમણે નેપાળમાં આવેલા વિનાશકારી પૂર વિશે વાત કરતા કહ્યું કે, હિમાલયમાં જે પણ પીઘળે છે તે સમુદ્રમાં ભળે છે. બુધવારે અમે અમારી આંખો સામે આ જોયું. હિમાલયમાં નેપાળ-ચીન સરહદ પાસે અચાનક પાણીનો પ્રવાહ વધવાથી પાણી ઝડપથી નીચેની તરફ વહેવા લાગ્યું જેનાથી નેપાળના અનેક વિસ્તારો તબાહ થયા.

ખનાલે કહ્યું કે, ચીન, નેપાળ, ભારત અને ભૂટાન પર્યાવરણીય રીતે એક બીજા સાથે જોડાયેલા છે અને આપણું સહિયારું અસ્તિત્વ અને ભવિષ્ય હિમાલયની ઈકોસિસ્ટમની સુરક્ષા પર નિર્ભર કરે છે. પર્યાવરણના ક્ષેત્રમાં તથા વધુ સહયોગની અપીલ કરતા તેમણે કહ્યું કે, ભલે આ વખતે પૂરના પાણી આગળ વધી શક્યા નહીં અને ભારત પર તેની અસર ન પડી, પરંતુ આવી ઘટનાઓ પહેલા પણ ઘટી ચૂકી છે અને ભવિષ્યમાં પણ થઈ શકે છે.

ખનાલે કહ્યું કે, ચીન, નેપાળ, ભારત અને ભૂટાન પર્યાવરણીય રીતે જોડાયેલા છે અને આપણું અસ્તિત્વ તથા ભવિષ્ય હિમાલયની ઈકોસિસ્ટમની સુરક્ષા પર નિર્ભર છે. રાજનીતિક હરીફાઈ હોઈ શકે છે પરંતુ આપણે એકજૂથ રહેવું પડશે. કારણ કે હિમાલય ક્ષેત્ર જળવાયુ પરિવર્તન પ્રત્યે સૌથી વધુ સંવેદનશીલ છે. સહયોગની જરૂરિયાત પર ભાર મૂકતા ખનલે ચેતવણી ઉચ્ચારી કે હિમાલયી વિસ્તારમાં પર્યાવરણીય સંવેદનશીલતાને કારણે પાણીનું સંકટ પેદા થઈ શકે છે. તેમણે કહ્યું કે, જેમ જેમ હાલાત બદલાશે, જોખમ વધશે અને આ ઘટનાઓની અસર આ વિસ્તારમાં બે અબજ લોકો માટે પીવાના પાણીની ઉપલબ્ધતા પર પડી શકે છે. બધા સાથે મળીને પગલાં ભરે એ જરૂરી છે.

# મોદીએ કહ્યું- ઓલિમ્પિકમાં ભારતની ભાગીદારી વધારવી પડશે: ખેલો ઇન્ડિયા ડાયલોગમાં PMએ કહ્યું - યુવાનોને સ્ક્રીન કરતાં વધુ પ્લેગ્રાઉન્ડ જોઈએ

**નવી દિલ્હી, તા.27**

વડાપ્રધાન નરેન્દ્ર મોદી ગુરુવારે 1,500થી વધુ સ્થળોએ યુવાનો અને ખેલાડીઓ સાથે વર્ચ્યુઅલ સંવાદ કર્યો. તેમણે કહ્યું કે મેં 15 ઓગસ્ટે દેશ સમક્ષ સ્પોર્ટ્સ વિઝન રજૂ કર્યું હતું. આ માત્ર મેડલ જીતવા પૂરતું મર્યાદીત નથી, પરંતુ વિકસિત ભારતનું નિર્માણ કરવા અને દેશની રમતગમત શક્તિ વધારવાનું અભિયાન છે. તેમણે કહ્યું કે ઓલિમ્પિકમાં 20થી વધુ રમતોમાં ભારતની ભાગીદારી રહી નથી. ઓલિમ્પિકમાં ભારતની ભાગીદારી વધારવી પડશે. પીએમએ કહ્યું - હું હંમેશા કહું છું - જે ખેલે, તે ખીલે. રમત માત્ર મેદાનમાં જીતવાનું નામ નથી, પરંતુ વ્યક્તિત્વને નિખારવાનું અને દેશનું ગૌરવ વધારવાનું માધ્યમ છે. ખેલાડીઓના નામથી જ તેમના રાજ્ય અને શહેરની ઓળખ થાય છે. પીએમએ આ સાથે જ સૌને રાષ્ટ્રીય ખેલ દિવસની શુભેચ્છાઓ પણ પાઠવી.

નેશનલ સ્પોર્ટ્સ ડે અને મેજર ધ્યાનચંદ પર- 29 ઓગસ્ટના રોજ



નેશનલ સ્પોર્ટ્સ ડે ઉજવવામાં આવે છે. આ મહાન હોકી ખેલાડી મેજર ધ્યાનચંદને યાદ કરવાનો દિવસ છે. લગભગ 100 વર્ષ પહેલા ભારતીય સેનાની હોકી ટીમ ન્યુઝીલેન્ડ ગઈ હતી, જેમાં ધ્યાનચંદ પણ સામેલ હતા. તેમના દ્વારા સ્થાપિત ભારત-ન્યુઝીલેન્ડ સંબંધોને આજે વધુ મજબૂત કરવામાં આવી રહ્યા છે.

ઓલિમ્પિકમાં નવી રમતો પર- દેશના દરેક જિલ્લામાં રમતગમતની પ્રતિભાઓની કોઈ કમી નથી. ઓલિમ્પિકમાં ભારત ઘણી રમતોમાં ભાગ જ નથી લેતું. 20 થી વધુ રમતોમાં આપણી ભાગીદારી રહી નથી, જ્યારે બીજા દેશો તેમાં મેડલ જીતી રહ્યા છે. ભારતને નવી રમતોમાં પણ સિદ્ધિ મેળવવી પડશે. સર્ફિંગ તેનું ઉદાહરણ છે. લાંબી દરિયાઈ તટરેખા હોવા છતાં ભારત સર્ફિંગમાં હજુ દુનિયામાં દેખાતું નથી. આવી સંભાવનાઓને ઓળખવી જરૂરી છે.

2036 ઓલિમ્પિક્સ માટેની તૈયારી પર- 2036 ઓલિમ્પિક્સ માટે અત્યારથી જ ખેલાડીઓને તૈયાર કરવા પડશે. આ માટે 5 વર્ષની ઉંમરથી ટેલેન્ટ હન્ટ દ્વારા બાળકોની રમતગમતનું ટેલેન્ટ ઓળખવામાં આવશે અને તેમને તે જ રમતની ટ્રેનિંગ આપવામાં આવશે. સરકાર ખેલાડીઓને દરેક જરૂરી મદદ આપશે. કે સરકાર ખેલાડીઓ સાથે ખભે ખભો મિલાવીને આગળ વધશે.

ખેલો ઈન્ડિયા સંવાદ પર- સરકાર 21મી સદીનું મજબૂત સ્પોર્ટ્સ ઈકોસિસ્ટમ બનાવવા માટે પ્રતિબદ્ધ છે. ખેલો ઈન્ડિયા સંવાદ આ માટે એક મહત્વપૂર્ણ મંચ છે. યુવાનો રમતગમત, ગવર્નન્સ અને વિકસિત ભારતને લઈને પોતાના સૂચનો આપી શકશે. યુવાનોના વિચારો વિકસિત ભારતના સંકલ્પને તાકાત આપશે.

સ્પોર્ટ્સમેન સ્પિરિટ પર- સ્વસ્થ સમાજ અને મજબૂત પરિવાર માટે સ્પોર્ટ્સમેન સ્પિરિટ જરૂરી છે. રમતો આપણને માત્ર ચેમ્પિયન જ નહીં, પરંતુ વધુ સારા સ્પર્ધક બનવાનું પણ શીખવે છે. પેરા એથ્લેટ્સની સફળતા લોકોનો દ્દષ્ટિકોણ બદલે છે અને તેમના પરિવારોમાં નવી આશા જગાવે છે. દિવ્યાંગ ખેલાડીઓની સિદ્ધિઓ પરિવારનો ઉત્સાહ વધારે છે. શીતલ અને અવની લેખરાની સિદ્ધિ પર- આર્ચરી ખેલાડી શીતલના મેડલથી જમ્મુ-કાશ્મીર અને દેશને ગર્વ થયો. અવની લેખરાએ પણ બે મેડલ જીત્યા. ઝંડુ કુમાર સહિત ઘણા પેરા એથ્લીટ પ્રેરણા આપી રહ્યા છે. સ્પોર્ટ્સ જીવનની ગુણવત્તા સુધારે છે. 100 વર્ષથી વધુ ઉંમરે પણ ફિટનેસનું ઉદાહરણ રહેલા ફૌજા સિંહ તેનું ઉદાહરણ છે. રમતગમત અને નશા પર- દેશમાં રમતગમત પ્રત્યે લોકોની વિચારસરણી બદલાઈ છે. લોકો ટ્રાયથલોન, 5K અને 10K રેસમાં ભાગ લઈ રહ્યા છે. કોઈ શીર્ષાસન કરી રહ્યું છે, તો કોઈ પરિવાર સાથે પિકલબોલ રમી રહ્યું છે. સ્પોર્ટ્સ હવે જીવનનો એક ભાગ બની રહ્યું છે. રમતગમત યુવાનોમાં નશાથી દૂર રહેવાની ઈચ્છાશક્તિ વધારે છે.

# TMCનું મમતા જૂથ બેંક-એકાઉન્ટનો ઉપયોગ ન કરે: કોલકાતા HC......

- **આમાં ₹804 કરોડ, પહેલા કોર્ટે રોજિંદા ખર્ચ પૂરા કરવાની મંજૂરી આપી હતી**

**કોલકાતા, તા.27**



મમતા બેનર્જીના નેતૃત્વ હેઠળના TMC જૂથને પાર્ટીના ચાર બેંક ખાતા ચલાવવાની વચગાળાની મંજૂરી આપવાનો ઈનકાર કર્યો છે. આ ખાતાઓમાં લગભગ 804 કરોડ જમા છે અને પોલીસે તેમાંથી ઉપાડ પર રોક લગાવી છે. કોલકાતા હાઈકોર્ટે ગુરુવારે આ જ મામલે સુનાવણી કરતા કહ્યું કે આવી રાહત આપવાથી તેના અગાઉના આદેશની અસર સમાપ્ત થઈ જશે. તે આદેશમાં રાજકીય પક્ષના રોજિંદા ખર્ચ પૂરા કરવાની મંજૂરી આપવામાં આવી હતી. આ કેસની આગામી સુનાવણી દુર્ગા પૂજાની રજાઓ પછી થશે. કોર્ટે આ પહેલા બંને પક્ષોને પોતાનો પક્ષ રજૂ કરતા સોગંદનામા દાખલ કરવાનો નિર્દેશ આપ્યો હતો. કલકત્તા હાઈકોર્ટના જસ્ટિસ સૌગત ભટ્ટાચાર્યએ કહ્યું કે ચાર ખાતા ચલાવવાની આગળ પરવાનગી આપવાનો આદેશ તેમના અગાઉના આદેશને 'ખોટો' સાબિત કરી દેશે. TMCએ જાહેર ક્ષેત્રની બેંકોમાં રહેલા ચાર ખાતા ચલાવવાની પરવાનગી માંગી હતી. પાર્ટીએ દાવો કર્યો હતો કે આ ખાતાઓ પર રોક લગાવવા સંબંધિત FIRમાં ઘણી ખામીઓ છે. પશ્ચિમ બંગાળ સરકારે કહ્યું કે ફોજદારી કેસમાં કાયદા મુજબ પગલાં લેવામાં આવ્યા છે અને પોલીસને તપાસ ચાલુ રાખવાની પરવાનગી આપવી જોઈએ. બંને પક્ષોની દલીલો સાંભળ્યા પછી જસ્ટિસ ભટ્ટાચાર્યએ કહ્યું કે ૯ જુલાઈના આદેશમાં રાજકીય પક્ષના રોજિંદા ખર્ચ પૂરા કરવા માટે પહેલેથી જ વ્યવસ્થા કરવામાં આવી છે.



# ખાનગી બસમાં અમદાવાદ લવાતું 1.17 કરોડ રૂપિયાનું કોકેઈન ઝડપાયું, પોલીસે રાજસ્થાનના યુવકની કરી અટકાયત

**અમદાવાદ, તા.27**

અમદાવાદના નરોડા વિસ્તારમાં પોલીસે મોટી કાર્યવાહી કરીને કરોડો રૂપિયાની કિંમતનું કોકેઈન જપ્ત કર્યું છે. નરોડા પોલીસે ચોક્કસ બાતમીના આધારે વોચ ગોઠવીને 234 ગ્રામ કોકેઈન સાથે રાજસ્થાનના એક શખસને ઝડપી પાડ્યો છે. જપ્ત કરવામાં આવેલા કોકેઈનની આંતરરાષ્ટ્રીય બજારમાં અંદાજિત કિંમત 1.17 કરોડ રૂપિયાથી વધુ હોવાનું સામે આવ્યું છે. પોલીસે આરોપી સામે નાર્કોટિક ડ્રગ્સ એન્ડ સાયકોટ્રોપિક સબસ્ટન્સ એટલે કે NDPS એક્ટ હેઠળ ગુનો નોંધીને વધુ તપાસ શરૂ કરી છે.



મળતી માહિતી પ્રમાણે નરોડા પોલીસની ટીમને વિસ્તારમાં ગેરકાયદેસર રીતે માદક પદાર્થોની હેરાફેરી થતી હોવાની ચોક્કસ બાતમી મળી હતી. બાતમીના આધારે પોલીસે નરોડા GIDC નજીક ખાસ વોચ ગોઠવી હતી. પોલીસની ટીમ શંકાસ્પદ લોકો અને વાહનો પર નજર રાખી રહી હતી. આ દરમિયાન એક યુવકની હિલચાલ શંકાસ્પદ જણાતાં પોલીસે તેની અટકાયત કરી હતી.

અટકાયત બાદ પોલીસે યુવકની તલાશી લેતાં તેની પાસેથી 234 ગ્રામ કોકેઈન મળી આવ્યું હતું. પોલીસે તરત જ ડ્રગ્સનો જથ્થો કબજે કરી આરોપીની ધરપકડ કરી હતી. જપ્ત કરાયેલા કોકેઈનની કિંમત આંતરરાષ્ટ્રીય બજાર પ્રમાણે 1.17 કરોડ રૂપિયાથી વધુ હોવાનું પોલીસ તપાસમાં સામે આવ્યું છે. કરોડો રૂપિયાની કિંમતનું કોકેઈન ઝડપાતા પોલીસ વિભાગમાં પણ ચકચાર મચી છે.

પોલીસની પ્રાથમિક તપાસમાં આરોપીની ઓળખ હરેશ સૈન તરીકે થઈ છે. તે મૂળ રાજસ્થાનનો રહેવાસી હોવાનું જાણવા મળ્યું છે. પોલીસના જણાવ્યા અનુસાર, આરોપી ખાનગી ટ્રાવેલ્સ બસ મારફતે કોકેઈનનો આ મોટો જથ્થો લઈને અમદાવાદ આવ્યો હતો. ત્યારબાદ તે નરોડા GIDC વિસ્તારમાં કોઈ સ્થાનિક વ્યક્તિને ડ્રગ્સની ડિલિવરી કરવાનો હતો. જોકે, ડિલિવરી થાય તે પહેલાં જ પોલીસે તેને ઝડપી લીધો હતો.

હવે પોલીસ માટે સૌથી મોટો સવાલ એ છે કે આરોપી સુધી આટલી મોટી માત્રામાં કોકેઈન પહોંચ્યું કેવી રીતે અને તેની પાછળ કોણ છે. રાજસ્થાનમાંથી આ ડ્રગ્સનો જથ્થો કોણે મોકલ્યો હતો, આરોપી કોના સંપર્કમાં હતો અને અમદાવાદમાં આ કોકેઈન કોને પહોંચાડવાનું હતું તે અંગે પોલીસ તપાસ કરી રહી છે.

પોલીસ આરોપીની પૂછપરછ કરીને સમગ્ર સપ્લાય ચેઈન સુધી પહોંચવાનો પ્રયાસ કરી રહી છે. ડ્રગ્સના આ નેટવર્કમાં અન્ય કેટલા લોકો સંકળાયેલા છે અને કોકેઈનનો જથ્થો ક્યાંથી આવ્યો હતો તે અંગે પણ તપાસ કરવામાં આવી રહી છે. આરોપીના રિમાન્ડ મેળવવાની તજવીજ પણ હાથ ધરવામાં આવી છે, જેથી તેની પાસેથી ડ્રગ્સના નેટવર્ક અંગે વધુ માહિતી મેળવી શકાય.

અમદાવાદમાં અગાઉ પણ વિવિધ વિસ્તારોમાંથી માદક પદાર્થો ઝડપાઈ ચૂક્યા છે. ત્યારે નરોડા વિસ્તારમાંથી એકસાથે 234 ગ્રામ કોકેઈન ઝડપાવાની આ ઘટના ગંભીર માનવામાં આવી રહી છે. પોલીસે હવે માત્ર કોકેઈન સાથે પકડાયેલા આરોપી સુધી કાર્યવાહી મર્યાદિત ન રાખી, તેની પાછળ રહેલા સપ્લાયર અને સંભવિત રિસીવર સુધી પહોંચવા તપાસ તેજ કરી છે.

હાલમાં પોલીસે કોકેઈનનો જથ્થો કબજે કરીને આરોપી હરેશ સૈન સામે NDPS એક્ટ હેઠળ કાયદેસરની કાર્યવાહી શરૂ કરી છે. તપાસ આગળ વધશે તેમ આ ડ્રગ્સ કાંડ સાથે સંકળાયેલા અન્ય લોકો અને સમગ્ર નેટવર્ક અંગે વધુ વિગતો સામે આવવાની શક્યતા છે.

# સોસાયટીના રીડેવલપમેન્ટનો કોન્ટ્રાક્ટ રદ થતાં કોન્ટ્રાક્ટરે મહિલાઓ પર કાર ચઢાવવાનો પ્રયાસ કર્યો, ફરિયાદ નોંધાઈ

**અમદાવાદ, તા.27**

અમદાવાદના રાણીપ વિસ્તારમાં સોસાયટીના રીડેવલપમેન્ટનો કોન્ટ્રાક્ટ રદ થતાં મહિલાઓની છેડતી કરવા, અભદ્ર મેસેજ મોકલવા અને કાર ચઢાવી દેવાનો પ્રયાસ કરવા અંગે એક કોન્ટ્રાક્ટર સામે પોલીસ ફરિયાદ નોંધાઈ છે. સુભાષબ્રિજ નજીક આવેલી સોસાયટીના રહીશોની ફરિયાદના આધારે રાણીપ પોલીસે શિવાલય ઈન્ફ્રાના સંચાલક તેજસ પટેલ સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.




ફરિયાદની વિગતો અનુસાર, અગાઉ આ સોસાયટીના રીડેવલપમેન્ટની જવાબદારી તેજસ પટેલને સોંપવામાં આવી હતી. જોકે, સોસાયટીના નિયમો અને શરતો સાથે અસહમતી દર્શાવતાં સોસાયટી દ્વારા તેને આ કામમાંથી મુક્ત કરવામાં આવ્યો હતો. આ બાબતની અદાવત રાખીને આરોપી મહિલાઓ જ્યારે બહાર જતી ત્યારે તેમની પાછળ જઈને અપશબ્દો બોલતો હોવાનો આક્ષેપ છે. ગત 16મી મેના રોજ આરોપી પોતાની કાર લઈને સોસાયટીમાં ઘૂસી આવ્યો હતો અને ત્યાં બાંકડા પર બેઠેલી મહિલાઓ પર કાર અથડાવવાનો પ્રયાસ કરી ગંભીર ધમકીઓ આપી હોવાનો પણ ફરિયાદમાં ઉલ્લેખ છે.

આ ઉપરાંત, તેજસ છેલ્લા છ મહિનાથી સોસાયટીના સભ્યોના મોબાઈલ નંબર ભેગા કરીને એક વોટ્સએપ ગ્રુપ બનાવી તેમાં અભદ્ર ભાષા, અશ્લીલ વીડિયો અને ટિપ્પણીઓ પોસ્ટ કરી માનસિક ત્રાસ આપતો હોવાનો મહિલાઓએ આરોપ લગાવ્યો છે. આ સતત ત્રાસથી કંટાળીને આખરે સોસાયટીની મહિલાઓએ રાણીપ પોલીસ મથકનો સંપર્ક કર્યો હતો.

આ અંગે રાણીપ પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટરે જણાવ્યું હતું કે, 'મહિલાઓની ફરિયાદના આધારે તેજસ સામે ગુનો નોંધવામાં આવ્યો છે. પ્રાથમિક તપાસમાં સોસાયટી અને કોન્ટ્રાક્ટર વચ્ચે રીડેવલપમેન્ટ અંગે વિવાદ હોવાનું સામે આવ્યું છે. સોશિયલ મીડિયા પર કરાયેલી પોસ્ટ અને સીસીટીવી ફૂટેજ સહિતના પુરાવા એકત્ર કરી કાયદેસરની આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.' અમદાવાદના રાણીપ વિસ્તારમાં સોસાયટીના રીડેવલપમેન્ટનો કોન્ટ્રાક્ટ રદ થતાં મહિલાઓની છેડતી કરવા, અભદ્ર મેસેજ મોકલવા અને કાર ચઢાવી દેવાનો પ્રયાસ કરવા અંગે એક કોન્ટ્રાક્ટર સામે પોલીસ ફરિયાદ નોંધાઈ છે. સુભાષબ્રિજ નજીક આવેલી સોસાયટીના રહીશોની ફરિયાદના આધારે રાણીપ પોલીસે શિવાલય ઈન્ફ્રાના સંચાલક તેજસ પટેલ સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# અમદાવાદમાં રાજધાની એક્સપ્રેસના બેઝ કિચનમાંથી 1383 એક્સપાયર્ડ ફૂડ પેકેટ મળી આવ્યા......

**અમદાવાદ, તા.27**

મુસાફરોને ગુણવત્તાયુક્ત ભોજન આપવાના દાવા વચ્ચે અમદાવાદમાં રેલવેની ખાસ ટીમની તપાસમાં ગંભીર બેદરકારી સામે આવી છે. જેમાં સ્વર્ણ જયંતી રાજધાની એક્સપ્રેસ માટે ભોજન તૈયાર કરતા બેઝ કિચનમાં સમયમર્યાદા પૂર્ણ થયેલી ખાદ્યસામગ્રીનો મોટો જથ્થો મળી આવ્યો હતો. મુસાફરોના આરોગ્ય સાથે ચેડા થાય તેવી સ્થિતિ સામે આવતા ભોજન પૂરું પાડતી કંપનીને 10 લાખ રૂપિયાનો દંડ ફટકારવામાં આવ્યો હતો.



અમદાવાદ મંડળના ડીઆરએમ દ્વારા રચાયેલી રેલવે ફૂડ વિજિલન્સ ફોર્સે સતત બીજા દિવસે અમદાવાદ રેલવે પરિસર અને ટ્રેનોમાં તપાસ હાથ ધર્યું હતું. જેમાં સ્વર્ણ જયંતી રાજધાની એક્સપ્રેસ માટે ભોજન તૈયાર કરતા બેઝ કિચનમાં ઓચિંતી તપાસ કરી હતી. તપાસ દરમિયાન મુસાફરોને પીરસવા માટે રાખવામાં આવેલી સમયમર્યાદા પૂર્ણ થયેલી ખાદ્યસામગ્રીનો મોટો જથ્થો મળી આવ્યો હતો. જેમાં હલ્દીરામ પૌઆના 369 પેકેટ, હલ્દીરામ ઉપમાના 984 પેકેટ, હલ્દીરામ છોલે મસાલાના 24 પેકેટ, ફોર્ચ્યુન સોજીના 6 પેકેટ એક્સપાયર્ડ ડેટ સાથે મળી આવ્યા હતાં. આમ, કુલ 1383 પેકેટ એક્સપાયર્ડ સામગ્રી મળી આવતાં ભોજનની ગુણવત્તા અને મુસાફરોની સલામતી સામે ગંભીર સવાલો ઊભા થયા છે. નિયમોના ભંગ બદલ ભોજન પૂરું પાડતી કંપની સામે રેલવેએ 10 લાખ રૂપિયાનો દંડ ફટકારી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

રાજધાની જેવી પ્રીમિયમ ટ્રેનમાં મુસાફરો વધુ ભાડું ચૂકવે છે. અને તેના બદલામાં સલામતી, સ્વચ્છતા તથા ગુણવત્તાયુક્ત ભોજનની અપેક્ષા રાખે છે. પરંતુ આ જ ટ્રેનના બેઝ કિચનમાં જ સમયમર્યાદા પૂર્ણ થયેલી સામગ્રીનો મોટો જથ્થો મળવો તંત્રની કામગીરી સામે સવાલો ઊભા કરે છે. મુસાફરો માટે સૌથી ચિંતાજનક બાબત એ છે કે, તપાસ દરમિયાન પકડાયેલી સામગ્રી જો ભોજનમાં વપરાઈ હોત તો તેમના આરોગ્ય પર મોટી અસર થઈ શકતી હતી.

રેલવે તંત્ર માટે દંડ પછી કાર્યવાહી પૂરી થઈ જાય એટલું પૂરતું નથી, આવી બેદરકારી ફરી ન થાય તેની કડક દેખરેખ પણ રાખવી ખુબ જરૂરી છે.

ઝીરો ટોલરન્સ નીતિ હેઠળ અમદાવાદ મંડળની ફૂડ વિજિલન્સ ટીમે અમદાવાદ, ગાંધીધામ, આદિપુર, મહેસાણા, પાલનપુર અને વિરમગામ સહિત 15 સ્થળે બેઝ કિચન અને ખાનપાન કેન્દ્રોની તપાસ કરી હતી. તપાસમાં સ્વચ્છતાનો અભાવ, બગડેલી ખાદ્ય સામગ્રી, જીવાત, ખુલ્લા મસાલા, જરૂરી રેકોર્ડનો અભાવ તથા નિર્ધારિત સ્થળને બદલે અન્યત્રથી ભોજન તૈયાર કરાવવાની ગેરરીતિ મળી હતી. નિયમોના ભંગ બદલ વિવિધ સ્થળોએ જવાબદારો પાસેથી આશરે 40 લાખ રૂપિયાનો દંડ કરાયો હતો. જ્યારે એક બેઝ કિચનને સીલ કરાયું હતું.

# સોના-ચાંદીના ભડકે બળતા ભાવ વચ્ચે અમદાવાદમાં ચાંદીની રાખડીનું ધૂમ વેચાણ

**અમદાવાદ, તા.27**

ભાઈ-બહેનના પવિત્ર અને લાગણીસભર સંબંધને ઉજવતો રક્ષાબંધનનો તહેવાર આ વર્ષે અમદાવાદના સોની બજાર માટે ખાસ ફાયદાકારક સાબિત થઈ રહ્યો છે. સોના અને ચાંદીના ભાવમાં સતત વધારો થયો હોવા છતાં તહેવારની ખરીદીમાં કોઈ ખાસ ઘટાડો જોવા મળ્યો નથી. ઊલટું, રક્ષાબંધન નજીક આવતાં સોની બજારમાં ગ્રાહકોની ભારે ભીડ જોવા મળી રહી છે. છેલ્લા લગભગ 15 દિવસથી અમદાવાદના વિવિધ જ્વેલરી માર્કેટમાં ખરીદી માટે લોકોની સતત અવરજવર વધી છે, જેના કારણે લાંબા સમયથી મંદીનો સામનો કરી રહેલા જ્વેલર્સમાં પણ ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા યુદ્ધ અને વૈશ્વિક અનિશ્ચિતતાના કારણે સોના અને ચાંદીના ભાવમાં આ વર્ષે સતત તેજી જોવા મળી છે. કિંમતી ધાતુઓના ભાવ ઊંચા સ્તરે પહોંચતાં વર્ષની શરૂઆતમાં સોની બજારમાં મંદીનો માહોલ જોવા મળ્યો હતો. જોકે, રક્ષાબંધનના તહેવારે બજારની આ સ્થિતિમાં મોટો બદલાવ લાવ્યો છે. હાલમાં સોનાનો પ્રતિ તોલા ભાવ આશરે 1.66 લાખ રૂપિયા અને ચાંદીનો પ્રતિ કિલો ભાવ 2.59 લાખ રૂપિયા સુધી પહોંચી ગયો છે. આટલા ઊંચા ભાવ હોવા છતાં તહેવારની ખરીદી પર તેની અસર મર્યાદિત જોવા મળી રહી છે.

ભાવવધારા વચ્ચે સોનું અને ચાંદી ન ખરીદવાની અપીલ કરવામાં આવી હોવા છતાં ગ્રાહકોમાં તહેવારને લઈને ઉત્સાહ ઓછો થયો નથી. ભાઈને કંઈક ખાસ અને લાંબા સમય સુધી યાદ રહે તેવી ભેટ આપવાની ઈચ્છાને કારણે લોકો પોતાની ક્ષમતા પ્રમાણે સોના અને ચાંદીની જ્વેલરી ખરીદી રહ્યા છે. ખાસ કરીને મધ્યમ વર્ગના ગ્રાહકો મોંઘા દાગીનાના બદલે નાના અને બજેટમાં આવી શકે તેવા દાગીના તરફ વળી રહ્યા છે.



રક્ષાબંધન પર્વને હવે માત્ર બે દિવસ બાકી રહ્યા છે ત્યારે બજારમાં રાખડીઓની વિવિધ ડિઝાઈનોની માંગમાં પણ વધારો થયો છે. મોતી, સ્ટોન, રંગબેરંગી દોરા અને લાઈટવાળી રાખડીઓની સાથે હવે સોના અને ચાંદીમાંથી બનેલી રાખડીઓ પણ ગ્રાહકોનું ધ્યાન ખેંચી રહી છે. જ્વેલર્સના જણાવ્યા મુજબ, આ વર્ષે ખાસ કરીને 5,000 રૂપિયા સુધીની ચાંદીની રાખડીઓની સૌથી વધુ માંગ જોવા મળી રહી છે.

ચાંદીની રાખડીઓમાં પણ ગ્રાહકોને નવી અને આકર્ષક ડિઝાઈન પસંદ પડી રહી છે. ખાસ કરીને લેબગ્રોન ડાયમંડ અને અમેરિકન ડાયમંડવાળી ડિઝાઈનો બજારમાં ટ્રેન્ડમાં છે. આવી રાખડીઓ પરંપરાગત રાખડી કરતાં અલગ દેખાવ આપતી હોવાની સાથે ભાઈ માટે યાદગાર ભેટ તરીકે પણ પસંદ કરવામાં આવી રહી છે. ચાંદીની રાખડીનો ફાયદો એ છે કે તે સોનાની સરખામણીમાં ઓછા બજેટમાં ખરીદી શકાય છે અને લાંબા સમય સુધી સાચવી પણ શકાય છે. માત્ર ચાંદીની રાખડીઓ જ નહીં, કેટલાક ગ્રાહકો સોનાની રાખડીઓ પણ ખરીદી રહ્યા છે. જોકે સોનાના ઊંચા ભાવને કારણે આવી ખરીદી મુખ્યત્વે વધુ બજેટ ધરાવતા ગ્રાહકો સુધી મર્યાદિત છે. કેટલાક ગ્રાહકો પરંપરાગત રાખડીની જગ્યાએ ભાઈને સોનાની નાની જ્વેલરી અથવા રાખડી આપવાનું પસંદ કરી રહ્યા છે.

24 કેરેટ અને 22 કેરેટ સોનાના ભાવ ઊંચા હોવાથી મધ્યમ વર્ગીય પરિવારો માટે ભારે જ્વેલરી ખરીદવી મુશ્કેલ બની છે. તેમ છતાં ભાઈ-બહેન વચ્ચેની લાગણીને ધ્યાનમાં રાખીને ગ્રાહકો બજેટ પ્રમાણે વિકલ્પ શોધી રહ્યા છે. હાલમાં 9 કેરેટ ગોલ્ડમાં બનતા નાના દાગીના ખાસ પસંદગી બની રહ્યા છે. 9 કેરેટ ગોલ્ડના બ્રેસલેટ, બુટ્ટી અને વીંટી જેવી જ્વેલરીની માંગમાં વધારો જોવા મળી રહ્યો છે.

ગ્રાહકોનું માનવું છે કે સામાન્ય રાખડીની સરખામણીમાં નાની સોનાની કે ચાંદીની જ્વેલરી ભાઈ અથવા બહેન માટે લાંબા સમય સુધી સાચવી શકાય તેવી ભેટ બની શકે છે. આ જ કારણસર ઊંચા સોનાના ભાવ વચ્ચે પણ નાના બજેટની ગોલ્ડ જ્વેલરી માટે બજારમાં ખરીદી ચાલુ છે.

ગિફ્ટિંગ સેગમેન્ટમાં પણ આ વર્ષે સોની બજારમાં સારી ખરીદી જોવા મળી રહી છે. 5,000થી 25,000 રૂપિયા સુધીની ચાંદી અને સોનાની ભેટની માંગ સૌથી વધુ હોવાનું વેપારીઓ જણાવી રહ્યા છે. આ બજેટમાં ગ્રાહકો રાખડી ઉપરાંત વીંટી, બ્રેસલેટ, પેન્ડન્ટ, બુટ્ટી અને અન્ય નાના દાગીના ખરીદી રહ્યા છે. બીજી તરફ વધુ બજેટ ધરાવતા ગ્રાહકોમાં પણ ખરીદીનો ઉત્સાહ જોવા મળી રહ્યો છે. 50,000થી 1 લાખ રૂપિયા સુધીના સોનાના દાગીના અને અન્ય કિંમતી ભેટ ખરીદનારા ગ્રાહકોની સંખ્યા પણ નોંધપાત્ર છે. કેટલાક પરિવારો રક્ષાબંધનના પ્રસંગે ભાઈ-બહેન વચ્ચે માત્ર રાખડીની આપ-લે કરવાને બદલે સોનાની અથવા ચાંદીની જ્વેલરીને ભેટ તરીકે પસંદ કરી રહ્યા છે.

# અમેરિકાની વિઝા કડકાઈને લીધે 14,000 ગુજરાતી અસાઈલમ અરજદારોને અસર

**અમદાવાદ, તા.27**

અમેરિકામાં જઈને અસાઈલમ એટલે કે આશ્રય માગનારા વિદેશીઓ સામે ટ્રમ્પ પ્રશાસન વધુ કડક કાર્યવાહી કરવાની તૈયારી કરી રહ્યું છે. અમેરિકન સરકાર હવે એવા વિદેશી નાગરિકોના B1 અને B2 વિઝા રદ કરવાની દિશામાં આગળ વધી રહી હોવાનું સામે આવ્યું છે, જેઓ બિઝનેસ અથવા ટૂરિસ્ટ વિઝા પર અમેરિકા પહોંચ્યા બાદ અસાઈલમ માટે અરજી કરી ચૂક્યા છે અથવા જેમની અસાઈલમ અરજી હાલમાં પેન્ડિંગ છે. આ કાર્યવાહી અમલમાં આવે તો અંદાજે 2 લાખ જેટલા લોકો તેના પ્રભાવ હેઠળ આવી શકે છે. B1 વિઝા સામાન્ય રીતે બિઝનેસ સંબંધિત મુલાકાત માટે આપવામાં આવે છે, જ્યારે B2 વિઝા પ્રવાસન, પરિવારજનોને મળવા અથવા અન્ય ટૂંકા ગાળાની મુલાકાત માટે ઉપયોગમાં લેવાય છે. આ વિઝા લઈને અમેરિકા પહોંચ્યા બાદ કેટલાક વિદેશીઓ ત્યાં લાંબા સમય સુધી રહેવા માટે અસાઈલમ અરજી કરે છે. ટ્રમ્પ પ્રશાસન આવા કેસોને અમેરિકાની ઈમિગ્રેશન વ્યવસ્થાના દુરુપયોગ સાથે જોડીને જોઈ રહ્યું છે.

જો મોટા પાયે B1 અને B2 વિઝા રદ કરવાની આ કાર્યવાહી કરવામાં આવશે તો અમેરિકાના ઈતિહાસમાં આ સૌથી મોટી માસ વિઝા રિવોકેશનની કાર્યવાહીમાંની એક બની શકે છે. સંભવિત કાર્યવાહીના સમાચાર સામે આવતા અસાઈલમ પ્રક્રિયા હેઠળ રહેલા લોકોમાં ભારે ચિંતા જોવા મળી રહી છે. ખાસ કરીને એવા લોકો મુશ્કેલીમાં મુકાઈ શકે છે જેમણે વિઝા પર કાયદેસર રીતે અમેરિકામાં પ્રવેશ કર્યા બાદ આશ્રય માટે અરજી કરી છે.

ટ્રમ્પ પ્રશાસનની આ સંભવિત કાર્યવાહી ગુજરાત માટે પણ મહત્વપૂર્ણ બની શકે છે. અમેરિકી સરકારે અત્યાર સુધી અસરગ્રસ્ત ગુજરાતીઓની સંખ્યા અંગે કોઈ સત્તાવાર આંકડો જાહેર કર્યો નથી. જોકે, જ્હોન્સ હોપકિન્સના ઉપલબ્ધ આંકડા અનુસાર 2001થી 2022 દરમિયાન ભારતીય અસાઈલમ અરજદારોમાં આશરે 7 ટકા લોકો ગુજરાતી ભાષી હતા.

જો આ જ પ્રમાણ સંભવિત 2 લાખ અસરગ્રસ્ત લોકો પર લાગુ કરવામાં આવે તો અંદાજે 14 હજાર જેટલા ગુજરાતી ભાષી લોકો પણ આ કાર્યવાહીની અસર હેઠળ આવી શકે છે. જોકે, આ સંખ્યા માત્ર ઉપલબ્ધ ટકાવારીના આધારે કરવામાં આવેલો અંદાજ છે અને તેને અસરગ્રસ્ત ગુજરાતીઓનો સત્તાવાર આંકડો માનવો નહીં. ગુજરાતીઓ માટે અમેરિકા લાંબા સમયથી લોકપ્રિય વિદેશી ગંતવ્ય રહ્યું છે. અમેરિકાના વિવિધ શહેરોમાં મોટી સંખ્યામાં ગુજરાતી મૂળના લોકો રહે છે અને ત્યાં ગુજરાતીઓના અનેક સામાજિક તથા સાંસ્કૃતિક સંગઠનો પણ કાર્યરત છે. ફેડરેશન ઓફ ગુજરાતી એસોસિએશન ઓફ યુએસએના ડેટા અનુસાર અમેરિકામાં આશરે 17 લાખ ગુજરાતી મૂળના લોકો વિવિધ સંગઠનો સાથે જોડાયેલા હોવાનું જણાવવામાં આવે છે.




આ કારણે અમેરિકાની ઈમિગ્રેશન નીતિમાં થતો કોઈપણ મોટો ફેરફાર માત્ર અસાઈલમ અરજદારો પૂરતો મર્યાદિત રહેતો નથી, પરંતુ તેમના પરિવારજનો અને અમેરિકામાં રહેતા સંબંધીઓ પર પણ તેની આડકતરી અસર પડી શકે છે. અમેરિકન ઈમિગ્રેશન અધિકારીઓના જણાવ્યા પ્રમાણે કેટલાક વિદેશી નાગરિકો B1 અથવા B2 વિઝા દ્વારા કાયદેસર રીતે અમેરિકામાં પ્રવેશ કરે છે અને ત્યારબાદ અસાઈલમ માટે અરજી કરે છે. અસાઈલમ અરજી પેન્ડિંગ રહેતી હોવાથી કેટલાક લોકો લાંબા સમય સુધી અમેરિકામાં રહેવાનો પ્રયાસ કરે છે. ટ્રમ્પ પ્રશાસન આ પ્રકારના કેસોને ગંભીરતાથી લઈ રહ્યું છે. સરકારનું માનવું છે કે જો કોઈ વ્યક્તિ પ્રવાસ અથવા બિઝનેસ માટે આપવામાં આવેલા વિઝાનો ઉપયોગ કરીને અમેરિકામાં પ્રવેશ કર્યા બાદ ઈમિગ્રેશન સિસ્ટમનો ઉપયોગ લાંબા સમય સુધી દેશમાં રહેવા માટે કરે છે, તો આવી પ્રક્રિયા પર કડક નિયંત્રણ જરૂરી છે. આ કારણે અમેરિકી તંત્ર દ્વારા B1 અને B2 વિઝા ધરાવતા અસાઈલમ અરજદારોના રેકોર્ડની સમીક્ષા કરવામાં આવી રહી હોવાની ચર્ચા છે. જો કોઈ વ્યક્તિનો વિઝા રદ કરવામાં આવે તો તેની અમેરિકામાં કાયદેસર સ્થિતિ અને આગળની ઈમિગ્રેશન પ્રક્રિયા અંગે પણ અમેરિકામાં અસાઈલમ અરજી કરનારા વિદેશીઓ માટે આ સંભવિત કાર્યવાહી નવી અનિશ્ચિતતા ઊભી કરી શકે છે. ઘણા અરજદારોની અસાઈલમ પ્રક્રિયા લાંબા સમયથી પેન્ડિંગ હોય છે અને તેઓ પોતાના કેસના નિર્ણયની રાહ જોઈ રહ્યા હોય છે. હવે જો તેમના B1 અથવા B2 વિઝા રદ કરવામાં આવે તો તેમની ઈમિગ્રેશન સ્થિતિ વધુ જટિલ બની શકે છે. આ કાર્યવાહીનો હેતુ અમેરિકામાં અસાઈલમ સિસ્ટમનો દુરુપયોગ અટકાવવાનો હોવાનું ટ્રમ્પ પ્રશાસન તરફથી સંકેત આપવામાં આવી રહ્યો છે. સરકાર ઈચ્છે છે કે બિઝનેસ અને ટૂરિસ્ટ વિઝાનો ઉપયોગ તેના મૂળ હેતુ માટે જ થાય અને કોઈ વ્યક્તિ તેનો ઉપયોગ અમેરિકામાં લાંબા સમય સુધી રહેવા માટેના વિકલ્પ તરીકે ન કરે. સંભવિત વિઝા કાર્યવાહી અંગે અમેરિકામાં રહેતા ગુજરાતી સમુદાય તેમજ અમેરિકામાં જવાની તૈયારી કરી રહેલા લોકોની નજર હવે અમેરિકી સરકારના આગામી નિર્ણય પર છે. ખાસ કરીને જેમના પરિવારના સભ્યો B1 અથવા B2 વિઝા પર અમેરિકા ગયા છે અને ત્યારબાદ અસાઈલમ પ્રક્રિયામાં જોડાયા છે, તેમના માટે આ મુદ્દો વધુ મહત્વપૂર્ણ બની શકે છે. હાલમાં અસરગ્રસ્ત લોકોની ચોક્કસ સંખ્યા અને અંતિમ કાર્યવાહી અંગે અમેરિકી સરકાર તરફથી સંપૂર્ણ વિગતો જાહેર થવાની રાહ જોવાઈ રહી છે. જો ખરેખર મોટા પાયે વિઝા રદ કરવાની કાર્યવાહી કરવામાં આવશે તો તેની અસર માત્ર અસાઈલમ અરજદારો સુધી મર્યાદિત નહીં રહે, પરંતુ અમેરિકામાં રહેતા તેમના પરિવારજનો અને સંબંધીઓમાં પણ ચિંતા વધી શકે છે.

# ઉધનામાં 15 વર્ષ જૂના 7 વૃક્ષનું ગેરકાયદે છેદનઃ બિલ્ડિંગના નડતરરૂપ થતાં રાતોરાત કાપાયાનો આરોપ

**સુરત, તા.25**

સુરત શહેરના ઉધના વિસ્તારમાં પર્યાવરણ સાથે મોટો ખિલવાડ કરવાનો અને કાયદાના ધજાગરા ઉડાવવાનો એક અત્યંત ગંભીર કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. ઉધનામાં આવેલા પ્રખ્યાત જોગણી માતાના મંદિરથી નવજીવન શોરૂમ તરફ જતા મુખ્ય અને જાહેર માર્ગ પર રાતોરાત અંદાજે ૭ જેટલા મોટા અને ઘટાદાર વૃક્ષોનો સફાયો કરી દેવામાં આવ્યો હતો. આ સમગ્ર કૌભાંડ નજીકમાં આવેલી બિલ્ડિંગને નડતરરૂપ બનતા વૃક્ષોને દૂર કરવાના હેતુથી આચરવામાં આવ્યું હોવાનું સામે આવ્યું છે. સૌથી ચોંકાવનારી વાત એ છે કે આટલા મોટા પાયે લીલાછમ વૃક્ષોનું નિકંદન કાઢતા પહેલાં સુરત મહાનગરપાલિકા કે વન વિભાગની કોઈ પણ પ્રકારની પૂર્વ પરવાનગી લેવામાં આવી નહોતી. આટલી ગંભીર ઘટના બાદ પણ ઉધના ઝોનના જવાબદાર અધિકારીઓએ માત્ર રૂ. ૯૦,૦૦૦નો મામૂલી દંડ ફટકારીને આખા મામલા પર પડદો પાડવાનો પ્રયાસ કરતાં સ્થાનિક રહીશો અને પર્યાવરણપ્રેમીઓમાં ભારે આક્રોશ અને રોષની લાગણી વ્યાપી ગઈ છે. સ્થાનિક લોકો દ્વારા કરવામાં આવેલા ગંભીર આક્ષેપો મુજબ, રસ્તાની આસપાસના વિસ્તારને હરિયાળો રાખતા અને લોકોને છાંયડો આપતા ૧૦ થી ૧૫ વર્ષ જુના ૭ જેટલા ઘટાદાર વૃક્ષો પર કોઈ પણ ડર વગર ક્રૂરતાપૂર્વક કુહાડી ચલાવી દેવામાં આવી હતી. બિલ્ડિંગના માલિકો કે જવાબદારોએ પોતાના સ્વાર્થ માટે પર્યાવરણને મસમોટું નુકસાન પહોંચાડ્યું હોવા છતાં, પાલિકાના તંત્રએ માત્ર નજીવો દંડ વસૂલીને સંતોષ માની લીધો છે. લોકોનું કહેવું છે કે જો માત્ર દંડ ભરીને જ વૃક્ષો કાપવાની છૂટ મળતી રહેશે તો શહેરમાંથી લીલોતરી સાવ ગાયબ થઈ જશે. તંત્રની આવી શંકાસ્પદ અને ઢીલી કાર્યવાહી સામે લોકોમાં ભારે નારાજગી અને અસંતોષ જોવા મળી રહ્યો છે.



આટલી મોટી પર્યાવરણીય બેદરકારી અને ગેરકાયદે કૃત્ય છતાં પાલિકા દ્વારા માત્ર નામ માત્રની દંડકીય કાર્યવાહી કેમ કરવામાં આવી, તે અંગે જ્યારે ઉધના ઝોનના ડેપ્યુટી કમિશનર મીના ગજ્જરનો સંપર્ક સાધવામાં આવ્યો ત્યારે તેમણે આ સમગ્ર બનાવ અંગે પોતે બિલકુલ અજાણ હોવાનું નિવેદન આપ્યું હતું. જોકે, ઘટનાની ગંભીરતાને ધ્યાને રાખીને તેમણે ખાતરી આપી હતી કે તેઓ તાત્કાલિક ધોરણે આ સમગ્ર મામલાની વિગતો મેળવશે. આ ઉપરાંત, આ વૃક્ષો આખરે કોના કહેવાથી અને કોના ઈશારે કાપવામાં આવ્યા છે તેની ઊંડાણપૂર્વક યોગ્ય તપાસ કરવામાં આવશે અને તપાસ બાદ જે પણ દોષિત જણાશે તેમની સામે કાયદા મુજબની કડકમાં કડક કાર્યવાહી કરવામાં આવશે.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨

# ન્યૂયોર્કમાં મોહન ભાગવતનો કાર્યક્રમ રદ કરવાનો પ્રયાસ: હિન્દુ અમેરિકન ફાઉન્ડેશનનો આરોપ, કહ્યું- સાવચેત રહો

ન્યૂયોર્ક, તા.27

RSS પ્રમુખ મોહન ભાગવતના 29 ઓગસ્ટના રોજ ન્યૂયોર્કના મેડિસન સ્ક્વેર ગાર્ડનમાં યોજાનાર યુનિવર્સલ વનનેસ સેલિબ્રેશન કાર્યક્રમ પહેલાં હિન્દુ અમેરિકન ફાઉન્ડેશન (HAF) એ સુરક્ષા એડવાઈઝરી જારી કરી છે.



HAFએ કાર્યક્રમમાં ભાગ લેનારા લોકોને સાવચેત રહેવા, આસપાસની હિલચાલ પર નજર રાખવા અને કોઈપણ પ્રકારના સંઘર્ષથી બચવા અપીલ કરી છે.

ખરેખરમાં, ભાગવતના કાર્યક્રમનો ન્યૂયોર્કના મેયર જોહરાન મમદાની સહિત કેટલાક સંગઠનોએ વિરોધ કર્યો છે. HAFએ કહ્યું, કેટલાક લોકો કાર્યક્રમને રદ કરાવવા માંગે છે.

આ પછી HAFએ મેયર મમદાનીને કાર્યક્રમની સુરક્ષા અને નાગરિક અધિકારોના રક્ષણની ખાતરી કરવા અપીલ કરી.

HAFએ આરોપ લગાવ્યો કે હિન્દુ-અમેરિકનોને નિશાન બનાવનારા કેટલાક કાર્યકર્તાઓ કાર્યક્રમને અટકાવવા અને રદ કરાવવાનો પ્રયાસ કરી રહ્યા છે. જોકે, HAFની એડવાઈઝરીમાં કોઈ આતંકવાદી કે હિંસક ખતરાની પુષ્ટિ કરવામાં આવી નથી.

HAFએ કાર્યક્રમમાં આવનારાઓને વિરોધ કરનારાઓ સાથે ટકરાવ ટાળવા અને કોઈપણ શંકાસ્પદ હિલચાલની જાણકારી સુરક્ષા અધિકારીઓ કે કાયદા અમલીકરણ એજન્સીઓને આપવાની સલાહ આપી છે. ઈમરજન્સીમાં 911 પર કૉલ કરવાનું પણ કહેવામાં આવ્યું છે.

ભાગવતના કાર્યક્રમનો ન્યૂયોર્કના મેયર જોહરાન મામદાની સહિત કેટલાક ઈન્ટરફેથ અને નાગરિક અધિકાર સંગઠનોએ વિરોધ કર્યો છે.

મંગળવારે તેમણે કહ્યું હતું કે તેઓ આ કાર્યક્રમનું સમર્થન કરતા નથી. વિભાજનકારી વિચારધારાનો વિરોધ કરું છું.

સંગઠનોમાં હિન્દુઝ ફોર હ્યુમન રાઈટ્સ, ઈન્ડિયન અમેરિકન મુસ્લિમ કાઉન્સિલ અને ઈન્ટરફેથ સેન્ટર ઓફ ન્યૂયોર્કનો સમાવેશ થાય છે.

મેડિસન સ્ક્વેર ગાર્ડનમાં 'યુનિવર્સલ વનનેસ સેલિબ્રેશન' કાર્યક્રમનું આયોજન અમેરિકન હિન્દુઝ ફોર એન્ગેજમેન્ટ એન્ડ ડાયલોગ (AHEAD) ફોરમ કરી રહ્યું છે. કાર્યક્રમમાં ભાગવતનું સંબોધન પણ થશે.

આ કાર્યક્રમ રક્ષાબંધનના અવસરે આયોજિત કરવામાં આવી રહ્યો છે. આયોજકોના મતે, કાર્યક્રમમાં રક્ષાબંધનની પરંપરાગત ભાવનાને એકતા, નાગરિક જવાબદારી અને વૈશ્વિક સદ્ભાવના સંદેશ સાથે જોડવામાં આવશે. આમાં સાંસ્કૃતિક પ્રસ્તુતિઓ પણ હશે. અલગ-અલગ ધર્મો અને સમુદાયો સાથે જોડાયેલા લોકો પણ સામેલ થશે. આમાં 5 હજાર લોકો સામેલ થઈ શકે છે.

ભાગવતના અમેરિકા પ્રવાસ પહેલા અમેરિકી આંતરરાષ્ટ્રીય ધાર્મિક સ્વતંત્રતા આયોગ (USCIRF) એ RSS પર પ્રતિબંધ લગાવવાની માંગ કરી હતી. આયોગે અમેરિકી સરકારને RSS નેતાઓને રાજદ્વારી સુવિધાઓ ન આપવા અને સત્તાવાર મુલાકાત ટાળવા માટે પણ કહ્યું.

ભારતે USCIRFની ટિપ્પણીઓ પર વાંધો ઉઠાવ્યો. વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે તેને 'પક્ષપાતી સંસ્થા' ગણાવતા કહ્યું કે આયોગ લાંબા સમયથી ભારત પર ખોટા અને ઉશ્કેરણીજનક નિવેદનો આપતું રહ્યું છે. માર્ચના વાર્ષિક રિપોર્ટમાં USCIRFએ ભારતમાં ધાર્મિક સ્વતંત્રતા પર ચિંતા વ્યક્ત કરી અને RSS તથા RAW સહિત કેટલીક સંસ્થાઓ પર પ્રતિબંધની ભલામણ કરી. ભારતે રિપોર્ટને 'વિકૃત અને પસંદગીયુક્ત' ગણાવીને ફગાવી દીધો. સરકારે કહ્યું કે તેમાં શંકાસ્પદ સ્ત્રોતોના આધારે ભારતની એકતરફી તસવીર રજૂ કરવામાં આવી છે. મોહન ભાગવત આ પહેલા સપ્ટેમ્બર 2018માં અમેરિકા ગયા હતા. તેમણે શિકાગોમાં 7 થી 9 સપ્ટેમ્બર 2018 દરમિયાન આયોજિત બીજી વર્લ્ડ હિન્દુ કોંગ્રેસમાં ભાગ લીધો હતો. આ કાર્યક્રમમાં 60 દેશોમાંથી લગભગ 2,500 પ્રતિનિધિઓ સામેલ થયા હતા. ભાગવતે કોંગ્રેસના ઉદ્ઘાટન સત્રમાં મુખ્ય ભાષણ આપ્યું હતું.

2018ના આ પ્રવાસના ઉપલબ્ધ અહેવાલોમાં ભાગવતની કોઈ અમેરિકી રાજદ્વારી સાથે મુલાકાત અથવા તેમને કોઈ ઔપચારિક રાજદ્વારી સન્માન આપવામાં આવ્યું હોવાનો ઉલ્લેખ મળતો નથી. તેમનો પ્રવાસ મુખ્યત્વે વર્લ્ડ હિન્દુ કોંગ્રેસ અને તેનાથી સંબંધિત કાર્યક્રમો પર કેન્દ્રિત હતો.

# ટ્રમ્પે આખા વિશ્વમાં અમેરિકન વિઝા આપવા પર પ્રતિબંધ મૂક્યો

વૉશિંગ્ટન, તા.27



દિવસ પડે અને વિશ્વના આંચકો ન આપે તો ટ્રમ્પ નહીં. ટ્રમ્પ તંત્રએ અચાનક જ આખા વિશ્વમાં ચાલતી અમેરિકન વિઝાની એપોઈન્ટમેન્ટ રોકી દીધી છે. તેની સૌથી વધુ અસર ભારત પર પડે તેવી સંભાવના છે. ટ્રમ્પ તંત્રએ પોતાના બીજા કાર્યકાળમાં અમેરિકામાં ઈમિગ્રેશન પર આકરા અંકુશો નાખ્યા છે અને તે ઈમિગ્રેશન ફરતે અંકુશોનો ગાળિયો વધુને વધુ સખ્ત કરી રહ્યા છે.

અમેરિકાના વિદેશ વિભાગના પ્રવક્તાએ મંગળવારે જણાવ્યું હતું કે બધા અમેરિકન રાજદૂતાવાસો અને અને વેપારી દૂતાવાસોમાં એક ગ્લોબલ ટ્રેનિંગ પ્રોગ્રામ શરૂ કરવામાં આવ્યો છે. આ ટ્રેનિંગ માટે વિઝા એપોઈન્ટમેન્ટમાં ફેરફાર કરવામાં આવશે. જો કે વિભાગે તાલીમના સમયગાળા અંગે કોઈ જાણકારી આપી નથી. વિભાગે જણાવ્યું હતું કે તેનું પહેલું ધ્યેય કાઉન્સેલર અધિકારીઓ અરજદારોની તપાસ સારી રીતે કરે અને તે લોકોની ઓળખ કરવામાં મદદ કરે જે અમેરિકાની સરકારી સગવડો પર આધાર રાખતા થાય તેવી સંભાવના છે.

આ પ્રતિબંધ એવા સમયે લગાવવામાં આવ્યો છે જ્યારે ટ્રમ્પ તંત્ર ઈમિગ્રેશન પર સખ્તાઈ સતત વધારી રહ્યું છે. તેમા વિઝા અને ગ્રીન કાર્ડ રદ કરવા પણ સામેલ છે. અમેરિકાએ ઘણા આધારો પર અરજીઓ ફગાવી દીધી છે, જેમા રાજકીય વિચાર અને પેલેસ્ટાઈન સમર્થનમાં ઈઝરાયેલ સામેના વિરોધ પ્રદર્શનમાં સામેલ થવાનો સમાવેશ થાય છે. ડોનાલ્ડ ટ્રમ્પે જણાવ્યું છે કે આ પગલાંનો હેતુ સ્થાનિક સુરક્ષાના મોરચે સ્થિતિ વધુ સારી બનાવવાનો છે.

આ ઉપરાંત અમેરિકન એડવોકેસી ગ્રૂપે એચ-૧બી વિઝા કામદારો માટે ૧.૦૩ લાખ ડોલરની વધારાની ફીને લઈને ચિંતા વ્યક્ત કરી હતી. તેમનું કહેવું હતું કે આના કારણે છેવટે અમેરિકન કામદારોની જોબ વિદેશમાં જતી રહેશે.

હવે જે ભારતીય અરજદારોના ઈમિગ્રન્ટ કે નોન ઈમિગ્રન્ટ વિઝા ઈન્ટરવ્યુ પહેલેથી જ નક્કી હતા, તેમની હવે એપોઈન્ટમેન્ટ્સ રદ થઈ શકે છે અથવા તો તેને આગળ વધારી શકાય છે. અમેરિકાની સરકારે તે સ્પષ્ટ કર્યું નથી કે આ તાલીમ કેટલા સમય ચાલશે, જેનાથી ભારતીય અરજદારોએ નવી તારીખ માટે લાંબી રાહ જોવાની ફરજ પડી શકે છે. હવે જે ભારતીય પોતાના કુટુંબ કે નોકરીના આધારે ગ્રીન કાર્ડ કે સ્થાયી વિઝાની રાહ જોઈ રહ્યા છે તેમની પ્રક્રિયા વચ્ચે જ અટકી શકે છે.

ટ્રમ્પ તંત્રની ઈમિગ્રેશન નીતિઓએ કાયદાકીય પડકારોનો પણ સામનો કરવો પડી રહ્યો છે. હમણા શુક્રવારે જ અમેરિકન જજે ટ્રમ્પની તે નીતિને ફગાવી દીધી જેમા તેણે ૭૫ દેશોના ઈમિગ્રન્ટ માટે અરજી કરવા પર પ્રતિબંધ મૂકયો હતો. જજે ચુકાદો આપ્યો હતો કે આ પગલું તેમના અધિકાર ક્ષેત્રની બહાર હતું.

# ઈલોન મસ્કની સ્પેસએક્સ દુનિયાની સૌથી મોટી રોકેટ લોન્ચ ફેસિલીટી બનાવશે

લુઝિઆના, તા.27

ઈલોન મસ્કની કંપની સ્પેસએક્સ હવે પોતાના સ્પેસ મિશનને નવી ઊંચાઈ આપવા માટે દુનિયાની સૌથી મોટી રોકેટ લોન્ચ ફેસિલિટી બનાવવાની તૈયારી કરી રહી છે. કંપની દ્વારા લુઝિઆનામાં બનાવવામાં આવનાર આ વિશાળ સ્પેસપોર્ટનું નામ સ્ટારબેઝ લુઝિઆના રાખવામાં આવ્યું છે. અહેવાલ મુજબ, આ પ્રોજેક્ટ માટે આશરે 1,25,000 એકર જેટલી વિશાળ જમીનનો ઉપયોગ કરવામાં આવશે. આ ફેસિલિટી તૈયાર થયા બાદ સ્પેસએક્સના રોકેટ લોન્ચિંગ અને સ્પેસ ઓપરેશનની ક્ષમતામાં અનેકગણો વધારો થઈ શકે છે.





ફોર્બ્સના રિપોર્ટ અનુસાર, સ્પેસએક્સ દ્વારા સ્ટારબેઝ લુઝિઆના પર કામ 2027માં શરૂ કરવામાં આવી શકે છે. કંપનીની યોજના મુજબ 2029માં આ સ્થળ પરથી પ્રથમ સ્ટારશિપ રોકેટ લોન્ચ કરવામાં આવશે. ત્યારબાદ આ ફેસિલિટીમાંથી દર વર્ષે હજારો મિશન ઓપરેટ કરવાની ક્ષમતા વિકસાવવામાં આવશે. જો કંપનીની આ યોજના સમયસર આગળ વધે છે, તો લુઝિઆના ફેસિલિટી સ્પેસએક્સના સૌથી મહત્વપૂર્ણ લોન્ચિંગ અને ઓપરેશનલ કેન્દ્રોમાંથી એક બની શકે છે. સ્પેસએક્સના જણાવ્યા અનુસાર, નવું સ્ટારબેઝ માત્ર રોકેટ લોન્ચ કરવા માટેનું સ્થળ નહીં હોય પરંતુ એક સંપૂર્ણપણે આત્મનિર્ભર સ્પેસપોર્ટ તરીકે વિકસાવવામાં આવશે. અહીં રોકેટ અને મિશન સાથે જોડાયેલી અનેક મહત્વપૂર્ણ સુવિધાઓ એક જ સ્થળે ઉપલબ્ધ કરાવવામાં આવશે. કંપની એવી વ્યવસ્થા ઊભી કરવા માંગે છે કે જેના કારણે રોકેટ તૈયાર કરવાથી લઈને તેના લોન્ચિંગ અને અન્ય ઓપરેશન સુધીની પ્રક્રિયા મોટા પ્રમાણમાં આ જ વિસ્તારમાં સંભાળી શકાય. સ્ટારબેઝ લુઝિઆનામાં પ્રોપેલંટ બનાવવાની સુવિધા પણ વિકસાવવામાં આવશે. રોકેટને અવકાશમાં મોકલવા માટે જરૂરી ઈંધણ અને અન્ય સામગ્રીના ઉત્પાદન તથા સંચાલન માટે વિશેષ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઊભું કરવામાં આવશે. આ ઉપરાંત ફેસિલિટીમાં વીજળી ઉત્પન્ન કરવાની વ્યવસ્થા પણ હશે, જેથી વિશાળ સ્પેસપોર્ટને સતત ઊર્જા પૂરી પાડી શકાય.

સ્પેસપોર્ટમાં પાણીના માર્ગે શિપિંગની સુવિધા પણ વિકસાવવામાં આવશે. ભારે મશીનરી, રોકેટના ભાગો અને અન્ય જરૂરી સામગ્રીની હેરફેર માટે આ વ્યવસ્થા મહત્વપૂર્ણ બની શકે છે. સાથે જ વ્હીકલ પ્રોસેસિંગ ફેસિલિટી બનાવવામાં આવશે, જ્યાં સ્ટારશિપ અને અન્ય સ્પેસ વ્હીકલને લોન્ચ પહેલાં તૈયાર કરવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવશે. આ ઉપરાંત સ્ટારબેઝ લુઝિઆનામાં એરપોર્ટ જેવી સુવિધા પણ વિકસાવવામાં આવશે. આના કારણે કર્મચારીઓ, સાધનો અને મિશન સાથે જોડાયેલી અન્ય જરૂરી હેરફેર વધુ સરળ બની શકે છે. કંપનીનો હેતુ એક એવું વિશાળ અને સંકલિત સ્પેસ સેન્ટર તૈયાર કરવાનો છે જ્યાં રોકેટ લોન્ચિંગ સાથે સંકળાયેલી અનેક પ્રક્રિયાઓ એક જ જગ્યાએ થઈ શકે. આ સમગ્ર પ્રોજેક્ટમાં સ્પેસએક્સ દ્વારા આશરે 100 બિલિયન ડોલરનું રોકાણ કરવામાં આવશે હોવાનું જણાવાયું છે. આટલું મોટું રોકાણ અમેરિકાના સ્પેસ અને એરોસ્પેસ ક્ષેત્રમાં પણ મોટી અસર ઊભી કરી શકે છે. કંપનીના જણાવ્યા પ્રમાણે, આ પ્રોજેક્ટના કારણે આશરે 3,000 નવી નોકરીઓનું સર્જન થઈ શકે છે. આથી લુઝિઆના વિસ્તારમાં આર્થિક પ્રવૃત્તિ અને રોજગારીની નવી તકો વધવાની શક્યતા છે.

# નેપાળ તબાહીની વાત કરતાં કરતાં રડી પડ્યા સદગુરુ: કૈલાશ માનસરોવર યાત્રાથી પાછા ફરતી વખતે ઈશા ફાઉન્ડેશનના 77 લોકો ગુમ થયા

તિબેટ, તા.27

નેપાળમાં બુધવારે સવારે આવેલા ભયાનક ફ્લેશ ફ્લડમાં સદગુરુના ઈશા ફાઉન્ડેશનના ઓછામાં ઓછા 77 યાત્રાળુઓ ગુમ થઈ ગયા છે. સદગુરુએ પોતાને બચાવ અભિયાનમાં સામેલ થવા માટે તૈયાર ગણાવ્યા છે. આ જ આફતમાં કોલકાતાથી કૈલાશ-માનસરોવર યાત્રા પર ગયેલો 32 સભ્યોનો સમૂહ પણ સંપર્કમાં નથી.



સદગુરુએ ઓનલાઈન પોસ્ટમાં જણાવ્યું કે તેમનો કાફલો તિબેટના કૈલાશ માનસરોવરથી પાછા ફરતી વખતે ગ્યિરોંગ (તિબેટ)ના ઈમિગ્રેશન કાર્યાલયમાં હતો. તેમણે વીડિયો શેર કરતા કહ્યું કે ચીનના તિબેટમાં ગ્યિરોંગમાં એક ભયાનક અને દુઃખદ પૂર આવ્યું છે. અમારા કૈલાશ સમૂહનાં સભ્યો તેમાં ફસાઈ ગયા હતા. પાછા ફરતી વખતે તેઓ ઈમિગ્રેશન કાર્યાલયમાં હતા ત્યારે પૂર આવ્યું અને ઈમારત અને શહેરનો મોટાભાગનો હિસ્સો જળમગ્ન થઈ ગયો. સદગુરુએ કહ્યું કે ઈમિગ્રેશન કાર્યાલયમાં હાજર લોકોના ઠેકાણા વિશે કોઈ સત્તાવાર જાણકારી નથી. તેમના સ્વયંસેવકો અને સહાયતા દળ વ્યથિત છે અને બચાવમાં મદદ કરવાની પૂરી કોશિશ કરી રહ્યા છે. તેમણે જણાવ્યું કે અમે અધિકારીઓ સાથે મળીને ઘટનાસ્થળ સુધી પહોંચવાનો પ્રયાસ કરી રહ્યા છીએ અને બચાવ પ્રયાસોમાં સામેલ થવા તૈયાર છીએ, ભલે ગમે તેટલું જોખમ હોય. નેપાળમાં આવેલા વિનાશકારી પૂર બાદ ઘણા લોકો હજુ પણ લાપતા છે. આ દરમિયાન આધ્યાત્મિક ગુરુ સદગુરુ જગ્ગી વાસુદેવે અધિકારીઓને તેમને અને કેટલાક સ્વયંસેવકોને તિબેટના ગ્યિરોંગ વિસ્તારમાં જવાની મંજૂરી આપવા અપીલ કરી છે.

સદગુરુ અનુસાર, તેમની યાત્રાના 21 સમૂહોમાંથી 495 લોકો સુરક્ષિત પાછા ફર્યા છે. 743 લોકો તિબેટમાં અને 148 નેપાળમાં છે. ત્રણ સ્વયંસેવકો નેપાળના તિમુરેમાં છે. ઈમિગ્રેશન કાર્યાલયમાં હાજર આ 77 લોકો નેપાળ ટુરિઝમ બોર્ડ દ્વારા ગુમ ગણાવવામાં આવેલા 105 ભારતીય કૈલાશ યાત્રાળુઓમાં સામેલ માનવામાં આવી રહ્યા છે. પૂર પ્રભાવિત ક્ષેત્રમાં કુલ ઓછામાં ઓછા 384 યાત્રીઓ ગુમ છે, જેમાં 291 વિદેશી અને 93 નેપાળી સામેલ છે. ઈશા ફાઉન્ડેશનનાં ગુમ થયેલાં લોકોમાં 22 અમેરિકા, 12 કેનેડા, 11 ઓસ્ટ્રેલિયા, 9 યુકે, 4 જર્મની, 3 ફ્રાન્સ, 3 નેપાળ, 2 નેધરલેન્ડ્સ, 2 ન્યૂઝીલેન્ડ, 2 સિંગાપોર, 2 સ્પેન અને 1-1 ફિનલેન્ડ, હંગેરી, ઈઝરાયલ, લિથુઆનિયા, ફિલિપાઈન્સ, પોર્ટુગલ, રશિયા અને દક્ષિણ આફ્રિકાના છે.

સદગુરુએ કહ્યું કે, અમે ભારત અને નેપાળ બંનેમાં રહેલી આ બધા દેશોની એમ્બેસીને જાણ કરી દીધી છે. અમે પ્રયત્ન કરી રહ્યા છીએ, પણ હાલ કંઈ થઈ શકે તેમ નથી. આ એક અત્યંત ભયાનક અને અસાધારણ ઘટના છે. અત્યારે અમારી પાસે કોઈ ચોક્કસ આંકડા નથી, પણ કુલ આંકડો 1500 થી વધુ હોઈ શકે છે. ઘણા નેપાળી ગાઈડ અમારી સાથે હતા, તેમના પરિવારો પણ ત્યાં હતા. તેમાંથી કેટલા લોકો ફસાયા છે, તે અમે હજુ જાણતા નથી. પશ્ચિમ બંગાળના એક અધિકારીએ જણાવ્યું કે કોલકાતાથી 32 સભ્યોનો સમૂહ (30 પ્રવાસી અને બે ટૂર મેનેજર) પણ ગુમ છે. આ સમૂહ 21 ઓગસ્ટે શહેરથી રવાના થયો અને 22 ઓગસ્ટે નેપાળ પહોંચ્યો. સવારે લગભગ 8:30 વાગ્યે રસુવાગઢીના ઈમિગ્રેશન કાર્યાલયમાં હતા ત્યારે પૂર આવ્યું. ત્યારથી કોઈનો સંપર્ક થઈ શક્યો નથી. નેપાળ-તિબેટ સરહદ પર બુધવારે સવારે અચાનક આવેલા પૂરને કારણે અત્યાર સુધીમાં 175 લોકોના મોત થયા છે, જ્યારે 1400 થી વધુ લોકો હજુ પણ ગુમ છે. નેપાળના વિદેશ મંત્રી શિશિર ખનાલના જણાવ્યા અનુસાર, તેમાં 300થી વધુ ભારતીયો છે. તિબેટમાં 550થી વધુ લોકોનો કોઈ પત્તો નથી. ચીનની સરકારી વેબસાઈટ CCTVએ આ માહિતી આપી છે. રાહત અને બચાવ ટીમો ખરાબ હવામાન અને તૂટેલા રસ્તાઓ વચ્ચે કાટમાળ નીચે દટાયેલા લોકોની શોધ કરી રહી છે.

નેપાળી સેનાએ રસુવાના ટિમુરેથી આજે સવારે 116 લોકોને સુરક્ષિત બહાર કાઢ્યા છે. જેમાં 95 નેપાળી અને 21 ભારતીય નાગરિકોનો સમાવેશ થાય છે. પૂરનું પાણી લગભગ 30 ફૂટ સુધી ઉપર આવી ગયું હતું. તેજ પ્રવાહમાં ઘરો, ગાડીઓ અને સરકારી માળખાં તણાઈ ગયા. શરૂઆતમાં એવું માનવામાં આવતું હતું કે પૂર પહેલા ભૂકંપ આવ્યો હતો, પરંતુ અમેરિકી જિયોલોજિકલ સર્વે અનુસાર ચીન તરફ લ્હેંદે નદીમાં પહાડનો મોટો હિસ્સો ખસીને પડ્યો હતો. નેપાળમાં આવેલા વિનાશકારી પૂર બાદ ઘણા લોકો હજુ પણ લાપતા છે. આ દરમિયાન આધ્યાત્મિક ગુરુ સદગુરુ જગ્ગી વાસુદેવે અધિકારીઓને તેમને અને કેટલાક સ્વયંસેવકોને તિબેટના ગ્યિરોંગ વિસ્તારમાં જવાની મંજૂરી આપવા અપીલ કરી છે. સદગુરુ અનુસાર, તેમની યાત્રાના 21 સમૂહોમાંથી 495 લોકો સુરક્ષિત પાછા ફર્યા છે. 743 લોકો તિબેટમાં અને 148 નેપાળમાં છે. ત્રણ સ્વયંસેવકો નેપાળના તિમુરેમાં છે. ઈમિગ્રેશન કાર્યાલયમાં હાજર આ 77 લોકો નેપાળ ટુરિઝમ બોર્ડ દ્વારા ગુમ ગણાવવામાં આવેલા 105 ભારતીય કૈલાશ યાત્રાળુઓમાં સામેલ માનવામાં આવી રહ્યા છે. પૂર પ્રભાવિત ક્ષેત્રમાં કુલ ઓછામાં ઓછા 384 યાત્રીઓ ગુમ છે, જેમાં 291 વિદેશી અને 93 નેપાળી સામેલ છે. ઈશા ફાઉન્ડેશનનાં ગુમ થયેલાં લોકોમાં 22 અમેરિકા, 12 કેનેડા, 11 ઓસ્ટ્રેલિયા, 9 યુકે, 4 જર્મની, 3 ફ્રાન્સ, 3 નેપાળ, 2 નેધરલેન્ડ્સ, 2 ન્યૂઝીલેન્ડ, 2 સિંગાપોર, 2 સ્પેન અને 1-1 ફિનલેન્ડ, હંગેરી, ઈઝરાયલ, લિથુઆનિયા, ફિલિપાઈન્સ, પોર્ટુગલ, રશિયા અને દક્ષિણ આફ્રિકાના છે.

# બાળકોને FB-ઈન્સ્ટાના રવાડે ચડાવવા મામલે મેટાએ ઘૂંટણ ટેકવ્યા! રૂ. 1.7 લાખ કરોડ દંડ ભરવા તૈયાર, નિયમો બદલાશે

વૉશિંગ્ટન, તા.27

સોશિયલ મીડિયાની દુનિયામાં અત્યાર સુધીનો સૌથી મોટો ઐતિહાસિક નિર્ણય સામે આવ્યો છે. બાળકો અને કિશોરોમાં ઈન્સ્ટાગ્રામ તેમજ ફેસબુકના વ્યસન અને માનસિક સ્વાસ્થ્યને થતાં નુકસાનના મામલે ટેક જાયન્ટ મેટાએ યુએસ રાજ્યો સમક્ષ ઝૂકવું પડ્યું છે. વર્ષોથી ચાલી રહેલા કાનૂની વિવાદનો અંત લાવવા માટે મેટાએ $18 બિલિયન (અંદાજે 1.7 લાખ કરોડ) ચૂકવવા અને પ્લેટફોર્મ પર બાળકોની સુરક્ષા માટે મોટા ફેરફારો કરવા પર સંમતિ દર્શાવી છે. અમેરિકી ઈતિહાસમાં કોઈપણ ટેક કંપની સામે થયેલું આ સૌથી મોટું લીગલ સેટલમેન્ટ છે.




અમેરિકાના લગભગ તમામ રાજ્યો દ્વારા દાખલ કરવામાં આવેલા કેસમાં એટર્ની જનરલે સાબિત કર્યું કે મેટાના 'અનલિમિટેડ સ્ક્રોલિંગ', 'લાઈક બટન' અને 'પુશ નોટિફિકેશન' જેવા ફીચર્સ બાળકોના મગજના વિકાસ પર ગંભીર નકારાત્મક અસર કરે છે. આ ફીચર્સના કારણે કિશોરોમાં ડિપ્રેશન, ચિંતા, ઊંઘ ન આવવી અને અન્ય માનસિક સમસ્યાઓ ઝડપથી વધી રહી હતી. કેલિફોર્નિયાના એટર્ની જનરલ રોબ બોન્ટાએ જણાવ્યું હતું કે આ સેટલમેન્ટ બાળકો માટે વાસ્તવિક સુરક્ષા અને પારદર્શિતા લાવશે.

આ કરારમાં અમેરિકાના 48 રાજ્યો, વોશિંગ્ટન ડીસી અને અન્ય યુએસ પ્રદેશો સામેલ છે. કેલિફોર્નિયાને આ રકમમાંથી સૌથી મોટો હિસ્સો એટલે કે ઓછામાં ઓછા 1.5 બિલિયન ડૉલર મળશે. આ ભંડોળનો ઉપયોગ બાળકો માટે આફ્ટર-સ્કૂલ પ્રોગ્રામ્સ, સમર એક્ટિવિટીઝ, ડિજિટલ સાક્ષરતા કાઉન્સેલિંગ અને માનસિક સ્વાસ્થ્ય યોજનાઓ માટે કરવામાં આવશે.

સેટલમેન્ટની શરતો મુજબ મેટાએ પોતાના પ્લેટફોર્મ પર નીચે મુજબના કડક નિયમો લાગુ કરવા પડશે: 2 કલાકની ડેઈલી ટાઈમ લિમિટ: કિશોરો માટે દરરોજ મહત્તમ 2 કલાકના વપરાશની ડિફોલ્ટ લિમિટ રહેશે, જેને ફક્ત માતા-પિતાની મંજૂરીથી જ વધારી શકાશે. સ્કૂલ ટાઈમમાં નોટિફિકેશન પર પ્રતિબંધ: અભ્યાસના કલાકો દરમિયાન બાળકોને કોઈપણ પુશ નોટિફિકેશન મોકલવામાં આવશે નહીં. લાઈક કાઉન્ટ હટાવવાનો વિકલ્પ: સરખામણી અને માનસિક તણાવ ઘટાડવા માટે પોસ્ટ પર લાઈક્સની સંખ્યા છુપાવવા કે મર્યાદિત કરવાનો વિકલ્પ મળશે.

ઓટોમેટિક નાઈટ મોડ: મોડી રાત્રે એપનો ઉપયોગ રોકવા માટે ફરજિયાત નાઈટ મોડ બ્રેક્સ લાગુ થશે. હાનિકારક કન્ટેન્ટ પર રોક: બુલિંગ, બોડી શેમિંગ, અને સેલ્ફ-હાર્મને પ્રોત્સાહન આપતું કન્ટેન્ટ બાળકોની ફીડમાંથી સંપૂર્ણપણે હટાવી દેવાશે.

મેટાએ આ સેટલમેન્ટમાં એક શરત મૂકી છે કે કુલ રકમનો 30% હિસ્સો (આશરે 5.3 બિલિયન ડૉલર) રાજ્યોને ત્યારે જ જારી કરવામાં આવશે જ્યારે તેના હરીફ પ્લેટફોર્મ્સ જેવા કે TikTok અને YouTube પણ આ પ્રકારના કડક સુરક્ષા નિયમો (જેમ કે ડેઈલી ટાઈમ લિમિટ, નાઈટ બ્લોક અને કડક ઉંમર ચકાસણી) લાગુ કરશે. મેટાનું માનવું છે કે જો સમગ્ર ઈન્ડસ્ટ્રી માટે નિયમો સમાન નહીં હોય તો બાળકો એક એપ છોડીને બીજી એપ પર શિફ્ટ થઈ જશે. આ સેટલમેન્ટમાં બે મોટા રાજ્યો સામેલ નથી. ન્યૂ મેક્સિકો અગાઉથી જ કેસ જીતી ચૂક્યું છે.

# નોર્વેમાં રશિયા તરફી હેકરોએ મોટા સાબયર હુમલા કર્યાનો દાવો

ઓસલો(નોર્વે), તા.27

એક રશિયા તરફી હેકર જૂથે મહત્વનો સાયબર હુમલો કરીને નોર્વે સરકારની ડિજિટિલ સેવાઓ સતત ત્રણ દિવસ સુધી ખોરવી નાખી હોવાનો દાવો કર્યો છે. સોમવારે શરૂ થયેલા આ હુમલામાં નોર્વેની ડિજિટલાઈઝેશન એજન્સીને ડિનાયલ-ઓફ-સર્વિસ ટ્રાફિક દ્વારા લક્ષ્યાંક બનાવાઈ હતી. અધિકારીઓએ તેને ડિગડિર સીસ્ટમો સામે સૌથી મોટા હુમલા તરીકે ગણાવી. જો કે મોટાભાગની સેવાઓ કાર્યરત રહી હતી. સર્વર કિલર્સ ગ્રુપ તરીકે ઓળખાતા હેકરોએ દાવો કર્યો કે ઓસલોએ યુક્રેન સાથે સુરક્ષા સહયોગ રિન્યુ કર્યો હોવાથી નોર્વે સામે સાયબર યુદ્ધ છેડી દીધું છે. તેમના દાવા અગાઉ જ વડા પ્રધાન જોનાસ ગહર સ્ટોરની કીવમાં જાહેરાત થઈ કે નોર્વે આગામી વર્ષના બજેટથી યુક્રેનને ૮૫ અબજ નોરવેજિયન ક્રાઉન્સ (૯.૨ અબજ ડોલર) આપશે. નોર્વેના અધિકારીઓએ હેકરોના દાવાને જાહેરમાં સમર્થન નથી આપ્યું. આ ઘટના એવા સમયે બની છે જ્યારે યુરોપીયન દેશો યુક્રેન પર મોસ્કોના આક્રમણ પછી રશિયા સાથે સંકળાયેલ સાયબર અને ભાંગફોડની ગતિવિધિઓ બાબતે હાઈ એલર્ટ પર છે. પ્રશાસને જણાવ્યું કે આવા હુમલાનો હેતુ યુક્રેન માટે ટેકો નબળો પાડવાનો, ભય અને વિભાજન સર્જવાનો તેમજ તપાસ સંસાધનોને વેડફી નાખવાનો છે.



નોર્વેએ અગાઉ પણ આવી ઘટનાઓનો સામનો કર્યો છે. ૨૦૨૫માં પ્રશાસને રશિયન હેકરોએ ડેમની ડિજિટલ કંટ્રોલ સીસ્ટમ મેળવી લઈને પાણીનો પ્રવાહ વધારી નાખવા વાલ્વ ખોલી નાખ્યો હોવાની શંકા વ્યક્ત કરી હતી.ડેન્માર્કે પણ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને વેબસાઈટ પર હુમલા માટે રશિયા સાથે સંકળાયેલા જૂથો પર આરોપ લગાવ્યો હતો. નોર્વેની મીડિયાએ અગાઉ નોર્વે તેમજ યુરોપમાં અન્યત્ર થયેલા સાયબર હુમલા માટે સર્વર કિલર્સને જવાબદાર ગણાવ્યા હતા.

## તંત્રી લેખ

# યુપી વિધાનસભા ચૂંટણીનો સર્વે, ભાજપ માટે ચઢાણ અઘરું

ઉત્તર પ્રદેશ વિધાનસભાની ચૂંટણીને હજુ સમય છે, પરંતુ રાજકીય ગરમી અત્યારથી જ વધવા માંડી છે. ચૂંટણીમાં મતદારોનું વલણ કેવું હશે એ જાણવા માટે 'વોટ વાઈબ'એ સર્વે કર્યો છે. હમણા તો આ સર્વેમાં ભાજપ ગઠબંધન આગળ બતાવે છે, પરંતુ હજી સમય જતા એન્ટીઈન્કમબન્સી વધવાની છે. ભાજપ ગઠબંધન ૪૧.૮ ટકા વોટશેરથી આગળ છે જ્યારે એસપી ગઠબંધન ૩૮.૭ ટકા વોટશેર સાથે થોડુક જ પાછળ છે. ભાજપના નેતાઓ અને અખિલેશ યાદવ બંને પોતાની જીતનો દાવો કરી રહ્યા છે. ભાજપ પ્રચાર કરે છે એટલી સહેલી જીત ભાજપ માટે નહીં હોય. હજી ૬૪.૪ ટકા લોકોએ નક્કી કર્યું છે કે તેઓ કયા પક્ષને મત આપશે. ૪૩.૪ ટકા લોકોએ કહ્યું છે કે તેઓ યોગી આદિત્યનાથને મુખ્યમંત્રી તરીકે જોવા માંગે છે જ્યારે અખિલેશ યાદવને ૩૫.૫ ટકા લોકોએ પસંદ કર્યા છે. ૫.૯ ટકા લોકોએ માયાવતીને પસંદ કર્યા છે.

જેન ઝી પછી હવે જેન આલ્ફા પણ વિરોધ પ્રદર્શન માટે રસ્તા પર ઉતરી રહી છે. ૨૦૧૦ પછી જન્મલેનાર પેઢીને જેન આલ્ફા કહેવામાં આવે છે. ઉત્તર પ્રદેશમાં પણ ઘણા ઠેકાણે જેન ઝી અને જેન આલ્ફાએ સ્કૂલની સમસ્યાને લઈને વિરોધ પ્રદર્શન કર્યા છે. કોઈ જગ્યાએ સ્કૂલમાં શિક્ષકોની ઓછી સંખ્યા, તો કોઈ સ્કૂલોમાં મૂળભૂત સગવડોનો અભાવ અને મીડડે મીલની ગુણવત્તા પર સવાલ કરવામાં આવ્યા છે. ઉત્તર પ્રદેશમાં આ બાબતે વીડિયો બનાવનાર યુટયુબરો પર કાર્યવાહી થઈ રહી છે. પોલીસે સરકારી કામમાં દખલ કરવા તેમજ બાળકોની ગોપનીયતાનો ભંગ કરવાનો આક્ષેપ કરીને કેટલાક સામે એફઆઈઆર કરી છે. જેમની સામે એફઆઈઆર થઈ છે એમનું કહેવું છે કે એમણે સરકારની પોલ ખોલી હોવાથી એમની સામે કાર્યવાહી થઈ છે. જેન ઝી સાથે જોડાયેલા એક કોન્કલેવમાં કોકરોચ જનતા પાર્ટીના ત્રણ મુખ્ય ચહેરાઓ અભિજીત દિપકે, આશુતોષ રાંકા અને સૌરવ દાસ હાજર રહ્યા હતા. એ વખતે દિપકેને કોઈકે પૂછ્યું હતું કે તમે તો બબાલ કરવા જ દિલ્હી આવો છો. આવીને તમે ફરીથી માર્ચ કરવાની જાહેરાત કરી દીધી છે. દિપકેએ કહ્યું હતું કે 'મજબૂરીમાં કરવી પડે છે. અમારે કરવાની ઈચ્છા હોતી નથી. એક મહિનો થવા આવ્યો. અમે વારંવાર કહી રહ્યા છીએ કે જે બાળકોએ આત્મહત્યા કરી છે એમના પરિવારને વળતર આપવામાં આવે. ૧ કરોડ રૂપિયાની વાત છે. સરકાર માટે ૧ કરોડ કોઈ મોટી રકમ નથી. સાંસદો ખરીદવામાં તમે ૧૦૦ કરોડ ખર્ચી નાખો છો તો કુટુંબીઓને ૧ કરોડ કેમ નથી આપી શકતા? આ ઉપરાંત જે વિદ્યાર્થીઓ ઉપર એફઆઈઆર કરવામાં આવી છે એ પાછી લેવી જોઈએ. અમે પાંચમી સપ્ટેમ્બરે ઈન્ડિયા ગેટથી પોલીસ હેડક્વાર્ટર સુધી માર્ચ કરવાના છીએ. અમે માર ખાનાર છીએ, મારનાર નથી. મારા અને રાંકા પર હુમલો થઈ ચૂક્યો છે હવે સૌરવનો વારો છે.'

તૃણમુલ કોંગ્રેસના સાંસદ અભિષેક બેનર્જીએ બળવાખોર સાંસદોનું સભ્યપદ રદ કરવા માટે સુપ્રિમ કોર્ટમાં અરજી કરી છે. આ સંદર્ભે લોકસભાના સ્પિકર ઓમ બીરલાએ ૨૦ સાંસદોને નોટીસ આપીને સાત દિવસમાં જવાબ માંગ્યો છે.બેનર્જીએ પોતાની અરજીમાં સભ્યપદ રદ કરવાની અરજી પર ચૂકાદો આપવામાં થઈ રહેલા વિલંબને પડકાર્યો હતો. સીજેઆઈ સૂર્યકાંત અને જસ્ટીસ જોય માલ્ય બાગચી તેમજ વી મોહનાની બેંચે આ સંદર્ભે ૨૦ સાંસદોને નોટીસ આપી હતી. લોકસભા સ્પીકર અને સદનના મહામંત્રી તરફથી હાજર રહેલા સોલીસીટર જનરલ તુષાર મહેતાએ બેંચને કહ્યું હતું કે, સ્પીકરે ૨૦ સાંસદોને પહેલા પણ નોટીસ આપી છે. એ વખતે જસ્ટીસ જોય માલ્ય બાગચીએ કહ્યું હતું કે સવાલ નોટીસ આપવાનો નથી, પરંતુ એક સમય મર્યાદાની અંદર જવાબ આપવાનો પણ છે. સોશ્યલ મીડિયા પર મોડેલ કૃતિ સેનનની જાહેરાત બાબતે વિવાદ ચાલી રહ્યો છે. કૃતિ સેનનએ અર્ધખુલ્લા વસ્ત્રોમાં રક્ષાબંધનની જાહેરાત કરી હોવાથી એમને ટ્રોલ કરવામાં આવ્યા હતા. કોઈ બિનહિન્દુના તહેવારની જાહેરાતમાં કૃતિ સેનન આવા કપડા પહેરતે ખરી? એવા સવાલ થઈ રહ્યા છે.

**નેપાળમાં તિબેટ તરફથી અચાનક આવેલા ભીષણ પૂરનું કારણ ગ્લેશિયર સરોવરનું ફાટવું માનવામાં આવી રહ્યું છે. નેપાળની જે ભોટેકોશી નદીમાં ભીષણ પૂર આવ્યું છે, તેમાં બરફ અને કાટમાળ પણ વહીને આવ્યા છે, જેના કારણે ગણતરીની મિનિટોમાં જ નદીનું જળસ્તર ૮ થી ૧૦ મીટર સુધી વધી ગયું અને રક્ષક મનાતો હિમાલય હવે કાળ બની રહ્યો છે : નેપાળના નીચલા બરુણ વિસ્તારના તાલોપોખરી ગ્લેશિયલ સરોવરને અત્યંત સંવેદનશીલ માનવામાં આવ્યું છે**

# ગ્લોબલ વોર્મિંગથી હિમાલયની ઈકોસિસ્ટમ બદલાઈ રહી છે

## ગ્લેશિયર ફાટવાના કારણે હિમાલયમાં છેલ્લાં પંદર વર્ષમાં પાંચ મહાવિનાશક ઘટનાઓ બની

નેપાળમાં તિબેટ તરફથી અચાનક આવેલા ભીષણ પૂરનું કારણ ગ્લેશિયર સરોવરનું ફાટવું માનવામાં આવી રહ્યું છે. નેપાળની જે ભોટેકોશી નદીમાં ભીષણ પૂર આવ્યું છે, તેમાં બરફ અને કાટમાળ પણ વહીને આવ્યા છે, જેના કારણે ગણતરીની મિનિટોમાં જ નદીનું જળસ્તર ૮ થી ૧૦ મીટર સુધી વધી ગયું અને રક્ષક મનાતો હિમાલય હવે કાળ બની રહ્યો છે : નેપાળના નીચલા બરુણ વિસ્તારના તાલોપોખરી ગ્લેશિયલ સરોવરને અત્યંત સંવેદનશીલ માનવામાં આવ્યું છે. આ સરોવર આશરે ત્રણ કિલોમીટર લાંબુ છે અને તેની ઊંડાઈ લગભગ ૨૦૬ મીટર હોવાનું જણાવાયું છે. જો આવા કોઈ સરોવરનો કુદરતી બંધ તૂટે છે, તો મોટાપાયે જાનમાલનું નુકસાન થાય તેવી શક્યતાઓ સેવાઈ રહી છે : ઉત્તરાખંડના કેદારનાથમાં ૨૦૧૩માં અહીંયા ગ્લેશિયર ફાટવાથી હિમાલય ક્ષેત્રમાં ઈતિહાસની સૌથી મોટી કુદરતી આપત્તિ આવી હતી. આમાં ચોરાબારી ગ્લેશિયર સરોવરનો બંધ તૂટી ગયો હતો. ભારે વરસાદ અને ગ્લેશિયર પીગળવાને કારણે આવું બન્યું હતું.

નેપાળના રસુવા જિલ્લામાં બુધવારે અચાનક આવેલા ભીષણ પૂરે બધું વેરવિખેર કરી નાખ્યું. આ પૂરમાં એક હજારથી વધુ લોકો તણાઈ જવાની આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે, જોકે સ્થાનિક તંત્ર તરફથી હજુ સુધી કોઈ ખરાઈ કરવામાં આવી નથી. પૂર એટલું ભયાનક હતું કે મિનિટોમાં જ તે અહીં ચાલી રહેલા પ્રોજેક્ટ્સ, પુલ અને પાવરપ્લાન્ટને પોતાની સાથે વહાવી ગયું. અધિકારીઓએ ભોટેકોશી નદીના કિનારે રહેતા લોકોને તાત્કાલિક ઊંચાણવાળા વિસ્તારોમાં જવાની ચેતવણી આપી હતી.

મહત્ત્વની વાત એ છે કે, નેપાળમાં તિબેટ તરફથી અચાનક આવેલા ભીષણ પૂરનું કારણ ગ્લેશિયલ સરોવરનું ફાટવું માનવામાં આવી રહ્યું છે. સામાન્ય રીતે જ્યારે ગ્લેશિયર ઝડપથી પીગળે છે, ત્યારે સરોવર પર દબાણ વધે છે અને તે તૂટી જાય છે. તેને ગ્લેશિયલ લેક આઉટબર્સ્ટ ફ્લડ કહેવાય છે. નેપાળની જે ભોટેકોશી નદીમાં ભીષણ પૂર આવ્યું છે, તેમાં બરફ અને કાટમાળ પણ વહીને આવ્યા છે, જેના કારણે ગણતરીની મિનિટોમાં જ નદીનું જળસ્તર ૮થી ૧૦ મીટર સુધી વધી ગયું. રક્ષક મનાતો હિમાલય હવે કાળ બની રહ્યો છે. આ પહેલાં પણ હિમાલય ક્ષેત્રમાં ગ્લેશિયર ફાટવાની અનેક ઘટનાઓ બની ચૂકી છે. જેમાં સૌથી ભયાનક પૂર ૨૦૧૩માં કેદારનાથમાં આવ્યું હતું, જેમાં હજારો લોકોએ જીવ ગુમાવ્યા હતા. જાણકારોના મતે હિમાલય પર્વત હવે રક્ષક નહીં ભક્ષક બનવા લાગ્યો છે. તેમાં કુદરતી રીતે અનેક ગ્લેશિયર બનવા લાગ્યા છે. આ ગ્લેશિયર બનવાની અને તે તૂટીને નવા ગ્લેશિયર બનવાની ઘટનાઓમાં સતત વધારો થવા લાગ્યો છે જે હિમાલયને અસ્થિર બનાવી રહી છે.

નેપાળમાં ગ્લેશિયલ સરોવરોનું જોખમ માત્ર કોઈ એક ઘટના પૂરતું સીમિત નથી. નિષ્ણાતોએ દેશમાં આવા ૪૨ સરોવરોની ઓળખ કરી છે જેને અત્યંત જોખમી માનવામાં આવ્યા છે. હવામાન ખાતાના અધિકારીઓના જણાવ્યા પ્રમાણે આ તમામ વિસ્તારો કોશી પ્રાંતમાં આવેલા છે. સંખુવાસભા જિલ્લામાં પણ આવા ચાર સરોવરો છે જેના પર વિશેષ નજર રાખવામાં આવી રહી છે. આમાં નીચલા બરુણ વિસ્તારના તાલોપોખરી ગ્લેશિયલ સરોવરને અત્યંત સંવેદનશીલ માનવામાં આવ્યું છે. આ સરોવર આશરે ત્રણ કિલોમીટર લાંબુ છે અને તેની ઊંડાઈ લગભગ ૨૦૬ મીટર હોવાનું જણાવાયું છે. જો આવા કોઈ સરોવરનો કુદરતી બંધ તૂટે છે, તો માત્ર આસપાસનો વિસ્તાર જ પ્રભાવિત નહીં થાય, પરંતુ આ પાણી નીચેની ખીણોમાં વસેલા ગામડાઓ અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર સુધી પહોંચીને મોટું નુકસાન પહોંચાડી શકે છે.



ઉલ્લેખનીય છે કે, ગ્લેશિયર ફાટવું અને ગ્લેશિયલ લેક આઉટબર્સ્ટ ફ્લડ છેલ્લા કેટલાક વર્ષોમાં વારંવાર બનતી ઘટનાઓ છે. આ એવી સ્થિતિને કહેવામાં આવે છે જ્યારે ગ્લેશિયર પીગળવાથી બનેલા સરોવરનો કુદરતી બંધ અચાનક તૂટી જાય છે. આવી સ્થિતિમાં પાણીનો પ્રવાહ, બરફ અને કાટમાળ ઝડપથી ખીણ તરફ વહેવા લાગે છે. વૈજ્ઞાનિક દ્રષ્ટિકોણથી સમજીએ તો, જ્યારે ગ્લેશિયર આગળ વધે છે ત્યારે તેઓ પોતાની સાથે રેતી, કાંકરી અને ખડકોના કાટમાળનો ઢગલો છોડતા જાય છે, જે એક મોટો ટેકરો બની જાય છે. તેને મોરેન કહેવામાં આવે છે. ગ્લેશિયરનું પાણી આની અંદર જ જમા થાય છે, જેનાથી એક સરોવર બને છે. જ્યારે આ સરોવરમાં પાણી વધુ ભરાઈ જાય છે અથવા કોઈ મોટો પહાડ તૂટીને તેમાં પડે છે, ત્યારે આ કુદરતી બંધ તૂટી જાય છે અને ગણતરીની મિનિટોમાં જ પાણી વિનાશ વેરતું ખીણો તરફ વહેવા લાગે છે. હિમાલય દુનિયાના એવા વિસ્તારોમાં સામેલ છે જ્યાં ક્લાઈમેટ ચેન્જની અસર ખૂબ જ ઝડપથી જોવા મળી રહી છે. તાપમાન વધવાને કારણે ગ્લેશિયર ઝડપથી પીગળી રહ્યા છે. એક તરફ ગ્લેશિયરનો બરફવાળો ભાગ ઘટી રહ્યો છે, તો બીજી તરફ પીગળેલું પાણી નવા સરોવરો બનાવી રહ્યું છે. હિમાલય વિસ્તારમાં ગ્લેશિયર ફાટવાની કેટલીક મોટી ઘટનાઓ ઉપર નજર મારીએ તો જીવલેણ કુદરતી આપત્તીઓ આવી હતી. સૌથી મોટી હોનારત કેદારનાથ ખાતે થઈ હતી. ઉત્તરાખંડના કેદારનાથમાં ૨૦૧૩માં આવેલું પૂર અને તેના તાંડવે હજારો જિંદગી હોમી દીધી હતી અને લાખો લોકો અસરગ્રસ્ત થયા હતા. અહીંયા ગ્લેશિયર ફાટવાથી હિમાલય ક્ષેત્રમાં આવેલી ઈતિહાસની સૌથી મોટી કુદરતી આપત્તિ છે. આમાં ચોરાબારી ગ્લેશિયર સરોવરનો બંધ તૂટી ગયો હતો. ભારે વરસાદ અને ગ્લેશિયર પીગળવાને કારણે આવું બન્યું હતું. આનાથી આવેલા પૂરે મંદાકિની નદીના જળસ્તરમાં અચાનક મોટો વધારો કરી દીધો હતો, જેના કારણે કેદારનાથ ખીણ અને નીચેના વિસ્તારો સંપૂર્ણપણે ડૂબી ગયા હતા. ઉત્તરાખંડના સરકારી આંકડાઓમાં ૫૭૦૦થી વધુ લોકોના મોતની પુષ્ટિ થઈ હતી, જે પાછળથી વધારીને ૬૦૫૪ કરવામાં આવી હતી. મૃતકોમાં મોટાભાગના કેદારનાથ દર્શન કરવા ગયેલા યાત્રાળુઓ હતા. આ પૂરમાં પુલ, રસ્તાઓ તણાઈ ગયા હતા અને કેદારનાથ મંદિર સુધી જતો ૧૪ કિલોમીટર લાંબો પગપાળા માર્ગ પણ નષ્ટ થઈ ગયો હતો. બીજી તરફ તેના દસ વર્ષ બાદ સિક્કિમમાં પણ મોતનું તાંડવ સર્જાયું હતું. ૩ અને ૪ ઓક્ટોબરે સિક્કિમમાં સાઉથ લ્હોનક ગ્લેશિયલ સરોવર ફાટવાથી ભારે વિનાશ સર્જાયો હતો. સરોવરને રોકી રાખતા કુદરતી બંધનો મોટો હિસ્સો સરોવરમાં પડતાં લગભગ ૨૦ મીટર ઊંચા સુનામી જેવા મોજાં ઉછળ્યા હતા અને તીસ્તા નદીમાં વિનાશક પૂર આવ્યું હતું. આ કુદરતી આપત્તિમાં ૭૦થી વધુ લોકોના મોત નોંધાયા હતા અને ૧૦૦થી ૧૨૦ લોકો લાપતા થયા હતા. તેનાથી અંદાજે ૯૦ હજાર લોકો પ્રભાવિત થયા હતા, ૧૩ પુલ તણાઈ ગયા હતા અને રાષ્ટ્રીય ધોરીમાર્ગ-૧૦ને મોટું નુકસાન પહોંચ્યું હતું.

પાંચ વર્ષ પહેલા ચમોલી ખાતે ગ્લેશિયર ફાટવાથી ભયાનક પૂર આવ્યું હતું. ચમોલી જિલ્લામાં ૭ ફેબ્રુઆરીએ બરફના શિલાખંડનો મોટો ટુકડો તૂટીને સરોવરમાં પડતાં રૌંતી, ઋષિગંગા અને ધૌલીગંગા નદીઓમાં ભીષણ પૂર આવ્યું હતું. સરકારી આંકડા મુજબ આ હોનારતમાં ૨૦૦થી વધુ લોકોના મોત થયા હતા, જેમાં મોટાભાગના નજીકના જળવિદ્યુત પ્રોજેક્ટમાં કામ કરતા મજૂરો હતા. પૂરમાં ૧૩.૨ મેગાવોટનો ઋષિગંગા હાઈડ્રોઈલેક્ટ્રિક પ્રોજેક્ટ સંપૂર્ણપણે નષ્ટ થઈ ગયો હતો અને ઘણા પુલ તૂટી ગયા હતા. તેવી જ રીતે ૨૦૨૧માં નેપાળના મેલમચી પૂરની પણ ભયાનક વાત લોકો ભુલ્યા નથી. સતત વરસાદ અને ગ્લેશિયર પીગળવાને કારણે પેમધુમ ત્સો સરોવર ઓવરફ્લો થઈ ગયું હતું. આ આપત્તિમાં નેપાળ પ્રશાસન તરફથી ૫ લોકોના મોતની પુષ્ટિ થઈ હતી, જ્યારે વર્લ્ડ બેંકના ડેટામાં ૧૭ મોત નોંધાયા હતા. પૂરમાં સેંકડો ઘરો તણાઈ ગયા હતા અને મેલમચી બજારમાં ૧૦ મીટર ઊંચો કાટમાળ જમા થઈ ગયો હતો. ઈતિહાસ જણાવે છે કે, ભોટેકોશી નદીમાં પહેલાં પણ ગ્લેશિયર તૂટવાથી પૂર આવ્યું હતું. ૨૦૧૬માં આ ભયાનક ઘટના બની હતી. ઉલ્લેખનીય છે કે, ૫ જુલાઈ ૨૦૧૬ના રોજ ૪૬૧૦ મીટરની ઊંચાઈ પર આવેલા ગોંગબાતોંગશા ગ્લેશિયલ સરોવરનો કુદરતી બંધ તૂટતાં ભોટેકોશી નદીમાં ભયાનક પૂર આવ્યું હતું. આ પૂરમાં સેંકડો લોકો તણાયા હતા અને ભોટેકોશી હાઈડ્રોપાવર પ્લાન્ટને ભારે નુકસાન પહોંચ્યું હતું.

ઈતિહાસમાં સૌથી ભયાનક અને જીવલેણ ઘટના પેરુમાં બની હતી. પેરુમાં ગ્લેશિયર ફાટવાથી ૧૮ હજારથી વધુના મોત થયા હતા ઈતિહાસમાં ગ્લેશિયર ફાટવાની સૌથી મોટી આપત્તિ ૧૯૭૦માં પેરુમાં આવી હતી, જેમાં ૧૮ હજારથી વધુ લોકોના મોત થયા હતા. એક શક્તિશાળી ભૂકંપ પછી હુઆસ્કારન પર્વત તૂટી પડયો હતો, જેના કારણે કરોડો ઘનમીટર બરફ, પાણી અને કાટમાળ નીચે ધસી આવ્યા હતા અને યુંગાય શહેર સંપૂર્ણપણે તબાહ થઈ ગયું હતું.


ઈસરોના એક રિપોર્ટ અનુસાર, ૧૯૮૪ થી ૨૦૨૩ વચ્ચે હિમાલય ક્ષેત્રના ૨૪૩૧ મોટા ગ્લેશિયલ સરોવરોમાંથી ૬૭૬ સરોવરોનું કદ વધ્યું છે. આમાંથી ૧૩૦ સરોવરો ભારતના સિંધુ, ગંગા અને બ્રહ્મપુત્રા બેસિનમાં છે.

આ જ કારણ છે કે હિમાલયમાં ગ્લેશિયર ફાટવાની ઘટનાઓ વધી રહી છે. ઉલ્લેખનીય છે કે, નેપાળ હિમાલયમાં ગ્લેશિયલ સરોવરોની સંખ્યામાં છેલ્લા કેટલાક દાયકાઓમાં મોટો ફેરફાર થયો છે. અભ્યાસો મુજબ, ૧૯૭૭માં અહીં આશરે ૬૦૬ ગ્લેશિયલ સરોવરો નોંધાયા હતા, જે વધીને ૨૦૧૭ સુધીમાં આશરે ૧,૫૪૧ થઈ ગયા.

આનો અર્થ એ નથી કે દરેક સરોવર ગમે ત્યારે ફાટી જશે, પરંતુ જેટલા વધુ સરોવરો બનશે, તેટલા જ વધુ એવા સ્થળો ઊભા થશે જ્યાં ભવિષ્યમાં જોખમ પેદા થઈ શકે છે. આ જ કારણ છે કે વૈજ્ઞાનિકો ગ્લોબલ વોર્મિંગ અને ગ્લેશિયલ સરોવરોના વધતા જોખમ વચ્ચે સીધો સંબંધ હોવાનું માને છે.

બીજી તરફ સ્થિતિ એવી છે કે, ગ્લોબલ વોર્મિંગની અસર માત્ર મેદાની વિસ્તારોમાં વધતા તાપમાન પૂરતી મર્યાદિત નથી, પરંતુ ઊંચાઈવાળા વિસ્તારોમાં પણ તાપમાન અને બરફવર્ષાની પદ્ધતિમાં બદલાવ આવી રહ્યો છે. હિમાલયના ઊંચા વિસ્તારોમાં તાપમાન વધવાથી બરફ વહેલો પીગળે છે. ઘણી જગ્યાએ ગ્લેશિયરનું સંતુલન બગડે છે, ગ્લેશિયરની જાડાઈ ઘટે છે અને ત્યાં ખાલી જગ્યા બની જાય છે, જેમાં પછી પાણી જમા થવા લાગે છે. આ જ પાણી જ્યારે કુદરતી બંધ પાછળ મોટી માત્રામાં જમા થઈ જાય છે ત્યારે જોખમ વધી જાય છે. વૈજ્ઞાનિકોના મતે હિમાલયમાં વધતું તાપમાન ગ્લેશિયરોના ઝડપથી પીગળવાના મુખ્ય કારણોમાંનું એક છે.

# શ્રાવણનો શિવ-સંકલ્પ ભૈયા મેરે રાખી કે બંધન કો નિભાના એટલે રક્ષાબંધન



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)



ભૈયા મેરે રાખી કે બંધન કો નિભાના આ પંક્તિ સાંભળતાં જ હૃદયમાં ભાઈ-બહેનના નિર્મળ પ્રેમની લાગણી જાગી ઉઠે છે. શ્રાવણ મહિનો એટલે ભક્તિ, શ્રદ્ધા અને શિવ આરાધનાનો મહિનો. આખો મહિનો જે શિવલિંગ પર જળ, બીલીપત્ર અને ભાવ ચડે છે, તેની પૂર્ણાહુતિ શ્રાવણ પૂર્ણિમાના દિવસે રાખડીના એક પવિત્ર દોરાથી થાય છે. તેથી રક્ષાબંધન માત્ર એક તહેવાર નથી, એ શિવના રક્ષક સ્વરૂપનો ઉત્સવ છે. આજે ૨૮ ઓગસ્ટ ૨૦૨૬, શુક્રવારના રોજ આ દિવ્ય પર્વ આવી રહ્યું છે.

*શ્રાવણ અને શિવનો અતૂટ સંબંધ શ્રાવણ એ દેવાધિદેવ મહાદેવનો પ્રિય મહિનો છે. શાસ્ત્રો અનુસાર રક્ષાબંધન શ્રાવણ પૂર્ણિમાએ આવે છે એટલે તેનો સીધો સંબંધ ભગવાન શિવ સાથે જોડાય છે. શિવ એ જ રક્ષા છે, શિવ એ જ વિશ્વાસ છે. જ્યારે સમુદ્રમંથનમાંથી હળાહળ ઝેર નીકળ્યું અને સૃષ્ટિનો વિનાશ નિશ્ચિત હતો, ત્યારે કોઈ દેવ આગળ ન આવ્યા. સ્વયં શિવે તે ઝેર કંઠમાં ધારણ કરી સૃષ્ટિને બચાવી અને નીલકંઠ કહેવાયા. આ જ રક્ષાબંધનનો સાચો અર્થ છે - બીજાના સંકટને પોતાના પર લઈને તેનું રક્ષણ કરવું. દરેક ભાઈ પોતાની બહેન માટે આ જ શિવ-સંકલ્પ લે છે.

*૨૦૨૬નું શુભ મુહૂર્ત અને ભદ્રાનો દોષ રક્ષાબંધન પર ભદ્રા કાળને અત્યંત અશુભ માનવામાં આવે છે. ભદ્રા શનિદેવની બહેન છે અને પુરાણોમાં કહ્યું છે કે ભદ્રામાં બાંધેલી રાખડી શુભ ફળ આપતી નથી.

આ વર્ષે શ્રાવણ પૂર્ણિમા ૨૮ ઓગસ્ટ સવારે ૮:૩૦ થી શરૂ થશે અને ૨૯ ઓગસ્ટ સવાર સુધી રહેશે. ભદ્રા સવારે ૧ વાગ્યા સુધી રહેવાની સંભાવના છે. તેથી રાખડી બાંધવાનું શ્રેષ્ઠ શુભ મુહૂર્ત *બપોરે ૧:૩૦ થી સાંજે ૫:૩૦ સુધી રહેશે. આ સમય અભિજિત મુહૂર્તનો છે, જે સૌથી ઉત્તમ માનવામાં આવે છે. જો કોઈ કારણસર આ સમયે શક્ય ન બને તો પ્રદોષ કાળમાં સાંજે દીવા પ્રગટ્યા પછી પણ રાખડી બાંધી શકાય છે, પરંતુ ભદ્રામાં ભૂલથી પણ ન બાંધવી.

*રાખડી બાંધવાની શાસ્ત્રોક્ત વિધિ શાસ્ત્રોમાં રાખડીની વિધિને પાંચ પગલામાં વહેંચવામાં આવી છે: *સંકલ્પ બહેને સ્નાન કરી,ઉત્તર દિશા તરફ મુખ રાખી ભાઈના લાંબા આયુષ્યનો સંકલ્પ કરવો. *પાટલા પર સ્થાપન ભાઈને લાકડાના પાટલા પર પૂર્વાભિમુખ બેસાડવો. *તિલક અને પૂજા કંકુ,ચંદન, અક્ષતથી તિલક કરવું. ઘીનો દીવો પ્રગટાવી ભાઈની આરતી ઉતારવી. *રક્ષા સૂત્ર જમણા હાથે રાખડી બાંધતી વખતે આ મંત્ર બોલવો -' :। ।' *મીઠું મોઢું અને આશીર્વાદ ભાઈને મીઠાઈ ખવડાવવી અને ભાઈએ બહેનને ભેટ અને રક્ષાનું વચન આપવું. *બહેને પિયરમાં જ રાખડી કેમ બાંધવી જોઈએ?આજકાલ અંતર ના કારણે ઘણી બહેનો પિયર જઈ શકતી નથી અને ભાઈ બહેનના ઘરે જઈને રાખડી બંધાવે છે. પ્રેમની દ્રષ્ટિએ આ ખોટું નથી,પરંતુ શાસ્ત્રોક્ત પરંપરા મુજબ તેને ઉત્તમ માનવામાં આવતું નથી.

પિયર એ બહેન માટે માત્ર ઘર નથી, તે તેનું મૂળ છે. શાસ્ત્રો કહે છે કે બહેન જ્યારે પિતાના ઘરે, માતાના આશીર્વાદ વચ્ચે, પોતાના કુળદેવીના સાનિધ્યમાં વિધિ કરે છે ત્યારે તે રાખડીમાં પિતૃઓના આશીર્વાદ અને કુળદેવીની શક્તિ ભળે છે. સાસરામાં આ સંપૂર્ણ વિધિ શક્ય નથી બનતી. તેથી કહેવાય છે કે રાખડી પિયરમાં બંધાય તો તેનું ફળ અનેકગણું વધી જાય છે.

*માતા પાર્વતી અને વિષ્ણુ એકવાર માતા પાર્વતીએ ભગવાન શિવના રક્ષણ માટે વિષ્ણુજીને રાખડી બાંધી હતી. વિષ્ણુએ વચન આપ્યું કે તેઓ શિવ પરિવારની હંમેશા રક્ષા કરશે. તેથી જ શ્રાવણમાં શિવ અને વિષ્ણુ બંનેની પૂજાનું મહત્વ છે.

*યમુના અને યમરાજ યમુના નદીને યમરાજની બહેન માનવામાં આવે છે. યમુનાએ યમને રાખડી બાંધી અમરત્વનું વરદાન માંગ્યું. યમરાજે વરદાન આપ્યું કે જે ભાઈ આ દિવસે યમુનામાં સ્નાન કરીને બહેનના હાથે રાખડી બંધાવશે તેને અકાળ મૃત્યુનો ભય નહીં રહે. યમરાજ સ્વયં શિવના અનુયાયી છે. તેથી બહેન પ્રાર્થના કરે છે - 'હે મહાદેવ, મારા ભાઈ પર કાળનો કોઈ પડછાયો ન પડવા દો.'

*રાજા બલિ અને લક્ષ્મીજી અસુર રાજ બલિ મહાન શિવભક્ત હતા. વિષ્ણુએ વામન અવતાર લઈ તેમની પાસેથી ત્રણ લોક માંગી લીધા અને પછી પાતાળના દ્વારપાળ બન્યા. વૈકુંઠ સૂનું લાગતા લક્ષ્મીજી પાતાળમાં આવ્યા, બલિને ભાઈ બનાવી રાખડી બાંધી અને ભેટમાં વિષ્ણુજીને પાછા માંગ્યા. આ કથા શીખવે છે કે રક્ષાબંધન દાન, વચન અને ત્યાગનો તહેવાર છે.

આખરે રક્ષાબંધન એ દોરાનો તહેવાર નથી, ભાવનાનો તહેવાર છે. આ શ્રાવણ પૂર્ણિમાએ જ્યારે તમે રાખડી બાંધો, ત્યારે તેમાં શિવનો રક્ષા-ભાવ, વિષ્ણુનો પ્રેમ-ભાવ અને બલિ જેવો ત્યાગ-ભાવ ત્રણેયને યાદ કરો. આજના ભાઈએ માત્ર બહારના સંકટથી નહીં, પણ બહેનના સન્માન, તેના સપના અને તેના આત્મવિશ્વાસની રક્ષા કરવાનો સંકલ્પ લેવો જોઈએ. કારણ કે સાચી રાખડી કાંડા પર નહીં, હૃદયમાં બંધાય છે.

# રક્ષાનાં બંધનથી બંધાયેલ કૃષ્ણ એ દ્રૌપદીનું ચીરહરણ થયુ ત્યારે તેની લાજ બચાવી હતી



**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)

આજે શ્રાવણ સુદ પૂનમ રક્ષાબંધન અને નાળિયેરી પૂનમ નામે ઓળખાતો તહેવાર છે. આપણે ત્યાં હિન્દુ સંસ્કૃતિમાં ભાઈ-બહેનનાં પવિત્ર સ્નેહને દર્શાવતું ને ઉતરોત્તર પ્રેમ વધારતું આ એક અનેરું પર્વ છે, જેમાં બહેન પોતાનાં ભાઈનાં હાથે રક્ષાસૂત્ર એટલે કે રાખડી બાંધે છે. ભાઈ પરનાં અતૂટ વિશ્વાસથી રાખડી બાધે છે. આ ઉપરાંત બહેન ભાઈનાં કપાળમાં તિલક કરી પોતાના ભાઈનું જીવન સદાય સુખી અને આનંદ ભર્યું રહે, શરીર સ્વસ્થ રહે, તેમજ જીવનનાં દરેક મુકામે સફળતા પ્રાપ્ત કરે, એવાં આશિષ વરસાવે છે. બહેન પ્રત્યે ભાઈને કાયમ સ્નેહભરી લાગણી હોય છે, અને બહેનને પણ પોતાનાં ભાઈથી વધુ કંઈ જ હોતું નથી. આવા નિર્દોષ નિખાલસ અને અનન્ય પ્રેમનું પર્વ એટલે રક્ષાબંધન. આ વર્ષની રક્ષાબંધન એક અનન્ય સંયોગ લઈને આવી છે, એટલે કે પંચક પણ નથી અને ભદ્રાનો ઓછાયો પણ નથી. ઉપરાંત પાંચ શુભ યોગ પણ છે, આ દિવસે સૂર્યદેવ પોતાની જ રાશિ સિંહમાં બિરાજમાન છે, જ્યાં તેમની સાથે બુદ્ધ ગ્રહ જોડાયેલા હોવાથી 'બુધાદિત્ય રાજયોગ' બની રહ્યો છે જ્યોતિષીય ગણતરી મુજબ, આ વર્ષે રક્ષાબંધન પર ગ્રહોની ચાલ અને યોગ વિશેષ અસરો લાવશે.

*બુધાદિત્ય યોગ: સિંહ રાશિમાં સૂર્ય અને બુધની યુતિ થઈ રહી છે, જે આ તહેવારની શુભતામાં મોટો વધારો કરે છે.આ દિવસે શતભિષા નક્ષત્ર, સુકર્મા યોગ, ત્રિપુષ્કર યોગ, અને સર્વાર્થ સિદ્ધિ યોગ સહિત કુલ સાત શુભ જ્યોતિષીય સંયોગો બની રહ્યા છે. કર્ક રાશિમાં ગુરુ એટલે કે બૃહસ્પતિ ઉચ્ચ સ્થાને હોવાથી તે પણ કૌટુંબિક સુખ-શાંતિ માટે ખૂબ અનુકૂળ છે. પરંતુ એક તરફ જ્યાં શુભ યોગો છે, ત્યાં બીજી તરફ આ દિવસે ૪ મુખ્ય ગ્રહોની સ્થિતિ પડકારજનક પણ છે.

શનિ, રાહુ અને કેતુ, આ ત્રણ ગ્રહો વક્ર એટલે કે ઊંધા ચાલે ચાલી રહ્યા છે.બુધ ગ્રહ સૂર્યની નજીક હોવાને કારણે અસ્ત અવસ્થામાં રહેશે આ જ દિવસે આંશિક ચંદ્રગ્રહણ પણ થવાનું છે, જોકે તે ભારતમાં દેખાવાનું ન હોવાથી તેની ધાર્મિક અસરો કે સૂતકકાળ અહિયાં લાગુ પડતો નથી.ભારતમાં રક્ષાબંધન શું કામ મનાવવામાં આવે છે? એનાં કોઈ ચોક્કસ કારણો મળતાં નથી. પરંતુ પુરાણો સાથે ક્યાંક તેની વાત જોડાયેલી છે ખરી.

રક્ષાબંધનનો તહેવાર આમ તો દ્વાપર યુગથી શરૂ થયો હશે, કારણ કે કૃષ્ણના જીવન સાથે એનાં છેડા અડેલા છે. કૃષ્ણના ફોઈ શ્રુત દેવી એ એક પુત્રને જન્મ આપ્યો જે દેખાવે ખૂબ જ વિચિત્ર હતો. તેને ચાર હાથ અને ત્રણ આંખ હતી, તેના જન્મ સમયે જ ભવિષ્યવાણી કે આકાશવાણી થઈ અને કહેવામાં આવ્યું કે આ બાળકને જેનાં સ્પર્શથી સુંદર દેખાવ પ્રાપ્ત કરશે, એના જ હાથે તેનું મૃત્યુ પણ થશે. એકવાર કૃષ્ણ શ્રુતદેવીનાં ઘરે જાય છે, અને નાનાં શિશુપાલને પોતાના હાથેથી તેડી લે છે, બરાબર એ જ સમયે બાળક સુંદર દેદીપ્યમાન સ્વરૂપ ધારણ કરે છે, અને તેના ફોઈ એટલે કે શ્રુતદેવી ખૂબ જ રાજી થઈ જાય છે. પરંતુ આકાશવાણી યાદ આવતાં તેને થાય છે કે મારા પુત્રનું મૃત્યુનું કારણ પણ કૃષ્ણ બનશે, આથી તે પોતાનાં પુત્રની સલામતી માટે કૃષ્ણને પ્રાર્થના કરે છે, અને કહે છે કે મારા પુત્રનું આયુષ્ય તમારે હાથે છે, તો ક્ષમા કરો. કૃષ્ણ ફોઈને વચન આપે છે કે, હું 100 ભૂલ સુધી માફ કરીશ, પરંતુ 101મી ભૂલે તેનો વધ થશે. શિશુપાલ ધીરે ધીરે મોટો થતો જાય છે, અને એક અત્યંત ક્રૂર વ્યક્તિ બને છે. જે આગળ જઈને એક રાજા પણ બને છે, જ્યાં તે તેની પ્રજા પર ખૂબ જ ત્રાસ ગુજારે છે,અને પ્રજાને ચૂપચાપ તેનો ત્રાસ સહન કરવો પડે છે. આ ઉપરાંત તે કૃષ્ણને વારંવાર પડકાર કરે છે. એક વખત રાજસભામાં શિશુપાલ પોતાની હદ પાર કરી જાય છે, અને કૃષ્ણની ખૂબ નિંદા કરે છે. 100 વાર સુધી કૃષ્ણ તેને માફ કરે છે પરંતુ 101 મી વારે કૃષ્ણ સુદર્શનચક્રથી શિશુપાલનું મસ્તક છેદી નાખે છે, અને ક્રોધમાં તેની આંગળી પણ છેદાઈ જાય છે. ત્યાં હાજર લોકો કૃષ્ણની આંગળી પર બાંધવા પાટો શોધવા દોડાદોડ કરે છે, પરંતુ બાજુમાં જ ઊભેલી દ્રૌપદી કંઈ પણ વિચાર્યા વગર પોતાની સાડી ફાડી અને તે કૃષ્ણને બાંધી આપે છે, એટલે કૃષ્ણ કહે છે, બહેન તેં મારી રક્ષા કરી છે, હું પણ સમયે તમારી રક્ષા કરીશ. એક દિવસ કૌરવ-પાંડવો ધૃત ક્રીડા કરી રહ્યાં હતાં, અને પાંડવોની હાર પર હાર થતી હતી. પાંડવો એ દ્રૌપદીને દાવ પર રાખી દીધી, અને હારી ગયાં. આથી કૌરવોએ ભરી સભામાં દ્રૌપદીનાં ચીર ખેંચ્યા,અને કૃષ્ણ એ સમયે આવીને તેનું રક્ષણ કર્યું. ત્યારથી આ ભાઈ બહેનના પવિત્ર સંબંધને દર્શાવતો રક્ષાબંધનનો તહેવાર ઉજવવામાં આવે છે. આ ઉપરાંત કહેવાય છે કે માતા કુંતીએ પણ પોતાનાં પૌત્ર અભિમન્યુને રાખડી બાંધી હતી, અને તેને કારણે અભિમન્યુ ચક્રવ્યૂહના કોઠામાંથી પસાર થઈ શક્યો. એકવાર દેવો અને દાનવો વચ્ચે ખૂબ જ લાંબું મહાયુદ્ધ ચાલ્યું હતું, કહેવાય છે કે બાર વર્ષ સુધી આ યુદ્ધ ચાલ્યું, અને દેવતાઓ ચિંતિત થઈ ગયાં, કારણ મોટાભાગના દાનવો વરદાનથી આરક્ષિત હતાં, અને દેવોના દેવ ઈન્દ્ર ગભરાઈ ગયા હતાં, અને તેમણે લગભગ શરણાગતિ સ્વીકારી લીધી હતી, ત્યારે રાણી ઈન્દ્રાણીએ તેમને રક્ષાસૂત્ર બાંધી યુદ્ધમાં મોકલ્યાં હતાં, અને કહ્યું હતું કે રક્ષાસૂત્ર તમારી રક્ષા કરશે, અને ત્યારે તેમનો વિજય થયો હતો. ભગવાન વિષ્ણુ પણ બલિ રાજાને ત્યાં દ્વારપાળ તરીકે રહેવું પડ્યું હતું, ત્યારે લક્ષ્મીજીએ બલિરાજાને પોતાનો ભાઈ બનાવી અને વિષ્ણુને છોડાવ્યા હતાં. બલિરાજા એ કહ્યું હતું કે રક્ષાબંધન એના જીવનનો મહાન દિવસ હતો. આમ રાખડી એટલે કે રક્ષા પોટલી એ રક્ષા કરવાના હેતુથી બાંધવામાં આવે છે! તેથી જ રક્ષાબંધનનો તહેવાર ઉજવવામાં આવે છે.

આમ રાખડી કે રક્ષાસૂત્ર એ બાંધનારના મનમાં ભરોસો પ્રતિપાદિત કરે છે, અને બંધાવનારનાં મનમાં સાહસ અને વીરતાનાં ભાવ ઊભા કરે છે, જે કાયમ પોતાની બહેનનું રક્ષણ કરવા માટે તૈયાર રહે છે. આ ઉપરાંત આ દિવસે ભાઈ પોતાની બહેનને વીર પસલી આપી તેનાં સ્નેહ પ્રત્યેનું માન દર્શાવે છે. આ ઉપરાંત શ્રાવણ સુદ પૂનમને દિવસે બળેવ નો તહેવાર પણ હોય છે, એટલે કે બ્રાહ્મણો આ દિવસે જનોઈ બદલે છે. જનોઈ એટલે કે યજ્ઞોપવિત એ એક એવો સંસ્કાર છે, જે ધારણ કરવાથી કરનારનું પતનથી રક્ષણ થાય છે.

# અમદાવાદમાં અડધી રાત્રે રેલવે બ્લૉક દરમિયાન પ્રીકાસ્ટ પગપાળા સબવે સ્થાપિત, મહીનાઓમાં થનારૂં કામ કેટલાક કલાકોમાં પૂર્ણ કરી રચ્યો ઈતિહાસ

**અમદાવાદ, તા.27**

પશ્ચિમ રેલવે દ્વારા આપવામાં આવેલા એક જ ટ્રાફિક બ્લોક દરમિયાન વસ્ત્રાપુર, અમદાવાદ ખાતે ફેક્ટરીમાં નિર્મિત પ્રીકાસ્ટ પગપાળા સબવેની સફળતાપૂર્વક સ્થાપના કરીને ઝડપી, સુરક્ષિત અને આધુનિક નિર્માણ ટેકનોલોજીનું અસરકારક પ્રદર્શન કરવામાં આવ્યું છે.

25/26 ઓગસ્ટ 2026ની મોડી રાત્રે મળેલા 8 કલાકના નિશ્ચિત રેલવે બ્લૉક દરમિયાન ખોદકામ, સાઈટ તૈયાર કરવાથી લઈને પ્રીકાસ્ટ સબવે સ્ટ્રક્ચરની સ્થાપના અને કામ પૂર્ણ કરવા સુધીની આખી પ્રક્રિયા નિશ્ચિત સમયમર્યાદા કરતાં 45 મિનિટ પહેલાં, એટલે કે 7 કલાક અને 15 મિનિટમાં પૂર્ણ કરી દેવામાં આવી.

આ કામ અમદાવાદ મંડળ રેલ પ્રબંધક (DRM) વેદ પ્રકાશ અને પ્રદીપ ગુપ્તા CAO બાંધકામની દેખરેખ હેઠળ પૂર્ણ કરવામાં આવ્યું.

**રેલવે મંત્રીની ગુજરાત મુલાકાત બાદ મહત્વપૂર્ણ પહેલ**

આ પરિયોજના માનનીય કેન્દ્રીય રેલવે, માહિતી અને પ્રસારણ તથા ઈલેક્ટ્રોનિક્સ અને માહિતી ટેકનોલોજી મંત્રી અશ્વિની વૈષ્ણવના 4 જુલાઈ 2026ના રોજ બાગોદરા સ્થિત પ્લાન્ટની મુલાકાત બાદ લેવાયેલી એક મહત્વપૂર્ણ પહેલનો ભાગ છે. જે દરમિયાન કંપનીએ ભારતીય રેલવે માટે પોતાના પ્રીકાસ્ટ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઉકેલોનું પ્રદર્શન કર્યું હતું.

ત્યારબાદ અમદાવાદ મંડળ રેલ પ્રબંધક (DRM) વેદ પ્રકાશ અને પ્રદીપ ગુપ્તા CAO બાંધકામ, અમદાવાદ દ્વારા રેલવે લાઈન નીચે ઉચ્ચ ગુણવત્તાવાળા અને લીકેજ-મુક્ત પ્રીકાસ્ટ પગપાળા સબવેનું નિર્માણ તેમજ સ્થાપના કરવાનું કામ સોંપવામાં આવ્યું.

અમદાવાદ DRM વેદ પ્રકાશે જણાવ્યું કે, "વસ્ત્રાપુરમાં એક જ રેલવે બ્લોક દરમિયાન પ્રીકાસ્ટ પગપાળા સબવેની સફળ સ્થાપના એ ઝડપી, સુરક્ષિત અને આધુનિક નિર્માણ ટેકનોલોજીનું ઉત્કૃષ્ટ ઉદાહરણ છે. રેલવે માટે યાત્રીઓની સુરક્ષા સર્વોચ્ચ પ્રાથમિકતા છે અને આવી ટેકનોલોજીથી મર્યાદિત સમયમાં ગુણવત્તાયુક્ત કાયમી ઈન્ફ્રાસ્ટ્રક્ચર તૈયાર કરવાની સાથે-સાથે રેલવે વાહનવ્યવહારમાં અડચણને લઘુત્તમ કરી શકાય છે. આ સિદ્ધિ રેલવે અધિકારીઓ, ફૂજી સિલ્વરટેક કોંક્રીટ અને ખોડલ કન્સ્ટ્રક્શન વચ્ચેના શ્રેષ્ઠ સમન્વય અને ટીમવર્કનું પરિણામ છે. આ પગપાળા સબવેથી વસ્ત્રાપુર વિસ્તારના સ્થાનિક રહીશોને સુરક્ષિત અને સગવડભરી અવરજવરની સુવિધા મળશે અને રેલવે ટ્રેક પર અનાધિકૃત અવરજવર રોકવામાં પણ મદદ મળશે."



વસ્ત્રાપુરમાં નિર્મિત આ પગપાળા સબવે સ્થાનિક રહીશોને સુરક્ષિત અને સુવિધાજનક અવરજવર પૂરી પાડવામાં સહાયક બનશે તેમજ રેલવે ટ્રેક પર અનાધિકૃત રીતે ચાલીને જતાં અને ટ્રેક ક્રોસ કરતાં લોકોને રોકવામાં પણ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે.

વેજલપુરના ધારાસભ્ય અમિત ઠાકરે જણાવ્યું કે, "વસ્ત્રાપુર વિસ્તારના સ્થાનિક નાગરિકોની લાંબા સમયથી સુરક્ષિત અને અનુકૂળ પગપાળા અવરજવરની જરૂરિયાત રહી હતી. તેને ધ્યાનમાં રાખીને જ મેં એક દિવસ પહેલાં અહીંની મુલાકાત લઈને સ્થાનિક લોકો સાથે ચર્ચા કરી હતી અને રેલવે અધિકારીઓ સમક્ષ આ પગપાળા સબવેની જરૂરિયાત તથા ઝડપી સ્થાપનાનો વિષય મૂક્યો હતો. આજે જે ઝડપથી આ કામ પૂર્ણ થયું છે, તે ચોક્કસપણે પ્રશંસનીય છે.

પ્રીકાસ્ટ ટેકનોલોજી મારફતે ઓછા સમયમાં આ પગપાળા સબવેની સ્થાપના થવાથી સ્થાનિક નાગરિકોને મોટી સુવિધા મળશે. આ ટેકનોલોજીની એક મહત્વપૂર્ણ વિશેષતા એ પણ છે કે વરસાદ દરમિયાન પાણી ભરાવાની સમસ્યાને ઓછી કરવામાં આ માળખું અસરકારક રહેશે, જેનાથી ચોમાસાના સમયે પણ લોકોને સુરક્ષિત અને સુગમ અવરજવર મળી શકશે. હું આ મહત્વપૂર્ણ કામ માટે પશ્ચિમ રેલવે, અમદાવાદ મંડળ, ફૂજી સિલ્વરટેક અને નિર્માણ સાથે જોડાયેલી આખી ટીમને અભિનંદન આપું છું."

**પડકારરૂપ 8 કલાકના રેલવે બ્લૉકમાં એક જ રાતમાં પૂર્ણ થયું કામ**

રેલવે લાઈન નીચે અંડરગ્રાઉન્ડ ક્રોસિંગનું નિર્માણ અત્યંત પડકારજનક કામોમાં સામેલ છે. જેમાં ખોદકામ, માળખાની સ્થાપના અને રેલવે ટ્રેકને પૂર્વવત કરવા જેવા મહત્વપૂર્ણ કામોને મર્યાદિત અને નિશ્ચિત ટ્રાફિક બ્લૉકની અંદર જ પૂર્ણ કરવાના હોય છે.

ફેક્ટરીમાં નિર્મિત ઉચ્ચ ગુણવત્તા અને ચોકસાઈથી તૈયાર કરાયેલા પ્રીકાસ્ટ ઘટકોના ઉપયોગથી આ પડકારજનક કામને એક જ રાતમાં 8 કલાકના રેલવે બ્લોકની સામે 7 કલાક અને 15 મિનિટમાં પૂર્ણ કરી લેવામાં આવ્યું.

પરંપરાગત નિર્માણ પદ્ધતિની સરખામણીમાં પ્રીકાસ્ટ ટેકનોલોજી દ્વારા સાઈટ પર નિર્માણના સમયગાળાને ઘણો ઓછો કરી શકાય છે. આનાથી રેલવે વાહનવ્યવહારમાં અડચણ લઘુત્તમ રાખીને ઝડપી ગતિએ કાયમી અને ગુણવત્તાયુક્ત ઈન્ફ્રાસ્ટ્રક્ચર તૈયાર કરવામાં મદદ મળે છે.

કામના દરેક તબક્કાને પશ્ચિમ રેલવેના અધિકારીઓની દેખરેખ હેઠળ રેલવે દ્વારા નિશ્ચિત સુરક્ષા અને ગુણવત્તાના ધોરણો અનુસાર પૂર્ણ કરવામાં આવ્યો હતો. કામ પૂર્ણ થયા બાદ રેલવે કોરિડોરને નિશ્ચિત સમયમાં ફરીથી વાહનવ્યવહાર માટે ઉપલબ્ધ કરાવી દેવામાં આવ્યો.

આ સિદ્ધિ પ્રીકાસ્ટ ટેકનોલોજી, સત્વરે સાઈટ એક્ઝિક્યુશન અને રેલવે તથા નિર્માણ એજન્સીઓ વચ્ચેના અસરકારક સંકલનનું નોંધપાત્ર ઉદાહરણ છે.

**આધુનિક રેલવે ઈન્ફ્રાસ્ટ્રક્ચર માટે મહત્વપૂર્ણ પહેલ**

વસ્ત્રાપુર પગપાળા સબવેનું આ નિર્માણ દર્શાવે છે કે પ્રીકાસ્ટ ટેકનોલોજી ભારતીય રેલવેના આધુનિકીકરણ અને ઝડપી ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકાસમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી શકે છે.

ફેક્ટરીમાં નિર્મિત પ્રીકાસ્ટ માળખાઓ દ્વારા નિર્માણની ગુણવત્તા અને ચોકસાઈને નિયંત્રિત રાખીને સાઈટ પરના કામના સમયગાળાને ઓછો કરી શકાય છે. આનાથી રેલવે બ્લૉકની જરૂરિયાતવાળી પરિયોજનાઓમાં વાહનવ્યવહારની અડચણને પણ લઘુત્તમ કરી શકાય છે.

આ ટેકનોલોજી ખાસ કરીને પગપાળા સબવે, અંડરપાસ અને રેલવે લાઈન નીચે બનતા અન્ય માળખાઓ માટે ઉપયોગી છે, જ્યાં ઓછા સમયમાં સુરક્ષિત, મજબૂત અને ગુણવત્તાયુક્ત નિર્માણ જરૂરી હોય છે.

વસ્ત્રાપુરમાં આ સફળ સ્થાપના જાપાની 'Monozukuri' એન્જિનિયરિંગ કાર્યશૈલીને ભારતીય ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકાસ સાથે જોડવાની પ્રતિબદ્ધતાને પણ દર્શાવે છે. આ પરિયોજનાના સફળ અમલીકરણ માટે પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળ દ્વારા પૂરા પાડવામાં આવેલા અવસર, સંકલન અને સાઈટ પરના સહયોગ બદલ આભાર વ્યક્ત કરવામાં આવે છે. કંપની પોતાના અમલીકરણ સહયોગી ખોડલ કન્સ્ટ્રક્શનના સહયોગ અને ટીમવર્કની પણ પ્રશંસા કરે છે.

# ડાક-ટિકિટ પ્રત્યે રુચિ અને સંશોધન કાર્યને પ્રોત્સાહન આપવા માટે 'દીન દયાલ સ્પર્શ યોજના' હેઠળ ટપાલ વિભાગ આપશે શિષ્યવૃત્તિ – પોસ્ટમાસ્ટર જનરલ કૃષ્ણ કુમાર યાદવ

## 'દીન દયાલ સ્પર્શ યોજના' હેઠળ મેધાવી વિદ્યાર્થીઓને ટપાલ વિભાગ દ્વારા વાર્ષિક રૂ. 6,000ની શિષ્યવૃત્તિ, અરજી કરવાની અંતિમ તારીખ 10 સપ્ટેમ્બર – પોસ્ટમાસ્ટર જનરલ કૃષ્ણ કુમાર યાદવ

**અમદાવાદ, તા.27**

ડાક-ટિકિટ સંગ્રહ (ફિલેટલી)ને શિક્ષણ પ્રણાલીની મુખ્યધારામાં લાવવા અને તેને પ્રોત્સાહન આપવાના હેતુથી ડાક વિભાગ દ્વારા "દીન દયાલ સ્પર્શ યોજના" (સ્કોલરશિપ ફોર પ્રમોશન ઓફ એપ્ટિટ્યુડ એન્ડ રિસર્ચ ઈન સ્ટેમ્પ્સ એઝ અ હોબી) હેઠળ જેન આલ્ફા વિધાર્થીઓને શિષ્યવૃત્તિ આપવામાં આવશે. આ અંગે માહિતી આપતાં ઉત્તર ગુજરાત પરિક્ષેત્ર, અમદાવાદના પોસ્ટમાસ્ટર જનરલ કૃષ્ણ કુમાર યાદવે જણાવ્યું હતું કે વર્ષ 2017થી ધોરણ 6થી 9ના વિદ્યાર્થીઓ માટે શરૂ કરવામાં આવેલી આ યોજનામાં સારા શૈક્ષણિક રેકોર્ડ ધરાવતા અને શોખ તરીકે ફિલેટલી અપનાવનાર મેધાવી વિદ્યાર્થીઓને વાર્ષિક રૂ. 6,000ની શિષ્યવૃત્તિ આપવાની જોગવાઈ છે. આ શિષ્યવૃત્તિ યોજના હેઠળ લાભાર્થીઓની પસંદગી માટે યોજાનારી પરીક્ષામાં ભાગ લેવા માટે નિર્ધારિત ફોર્મેટમાં અરજી કરવાની અંતિમ તારીખ 10 સપ્ટેમ્બર નક્કી કરવામાં આવી છે.



પોસ્ટમાસ્ટર જનરલ કૃષ્ણ કુમાર યાદવે જણાવ્યું હતું કે આ યોજના હેઠળ સમગ્ર ભારતના દરેક પોસ્ટલ સર્કલ કાર્યાલય દ્વારા ધોરણ 6, 7, 8 અને 9ના 10-10 વિદ્યાર્થીઓને, એટલે કે મહત્તમ 40 વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ આપવામાં આવશે. શિષ્યવૃત્તિની રકમ દર મહિને રૂ. 500, એટલે કે વાર્ષિક રૂ. 6,000 રહેશે, જે ત્રિમાસિક ધોરણે ચૂકવવામાં આવશે. પોસ્ટમાસ્ટર જનરલ કૃષ્ણ કુમાર યાદવે વધુમાં જણાવ્યું હતું કે શિષ્યવૃત્તિ માટે પાત્ર બનવા માટે વિદ્યાર્થી ભારતની માન્યતા પ્રાપ્ત શાળામાં અભ્યાસ કરતો હોવો જોઈએ. સંબંધિત શાળામાં ફિલેટલી ક્લબ હોવો જોઈએ અને ઉમેદવાર તે ક્લબનો સભ્ય હોવો જોઈએ. જો શાળામાં ફિલેટલી ક્લબ સ્થાપિત ન હોય, તો એવી શાળાના તે વિદ્યાર્થીના નામ પર પણ વિચારણા કરી શકાય છે, જેના પોતાના નામે ફિલેટલી ડિપોઝિટ ખાતું સંચાલિત થતું હોય. ફિલેટલી ડિપોઝિટ ખાતું પોસ્ટ ઓફિસમાં ઓછામાં ઓછા રૂ. 200ની રકમથી ખોલી શકાય છે. શિષ્યવૃત્તિ માટે ઉમેદવારોની પસંદગી કરતી વખતે એ બાબતનું ધ્યાન રાખવામાં આવશે કે ઉમેદવારે અગાઉની અંતિમ પરીક્ષામાં ઓછામાં ઓછા 60 ટકા ગુણ અથવા સમકક્ષ ગ્રેડ/ગ્રેડ પોઈન્ટ મેળવ્યા હોય. અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ ના ઉમેદવારોને 5 ટકાની છૂટછાટ આપવામાં આવશે.

પોસ્ટમાસ્ટર જનરલ કૃષ્ણ કુમાર યાદવે જણાવ્યું હતું કે શિષ્યવૃત્તિ માટે પ્રથમ તબક્કામાં મંડળીય સ્તરે લેખિત ક્વિઝનું આયોજન 27 સપ્ટેમ્બરના રોજ કરવામાં આવશે, જેમાં 50 બહુવિકલ્પીય પ્રશ્નો પૂછવામાં આવશે. તેમાં સફળ થનાર વિદ્યાર્થીઓએ અંતિમ પસંદગી માટે નવેમ્બર મહિનાના પ્રથમ અઠવાડિયા સુધીમાં 16 ડાક-ટિકિટો સાથે મહત્તમ 500 શબ્દોમાં ફિલેટલી પ્રોજેક્ટ જમા કરાવવાનો રહેશે. આ માટે પરિમંડળ સ્તરે ડાક અધિકારીઓ અને પ્રતિષ્ઠિત ફિલેટલિસ્ટોની એક સમિતિ પણ રચવામાં આવશે. અંતિમ પરિણામ 01 ડિસેમ્બર, 2026ના રોજ જાહેર કરવામાં આવશે. પસંદ થયેલા વિદ્યાર્થીઓએ પોસ્ટ ઓફિસ અથવા ઈન્ડિયા પોસ્ટ પેમેન્ટ્સ બેંકમાં પોતાના માતા-પિતા સાથે સંયુક્ત ખાતું ખોલાવવું પડશે.

પોસ્ટમાસ્ટર જનરલ કૃષ્ણ કુમાર યાદવે જણાવ્યું હતું કે આ શિષ્યવૃત્તિનો હેતુ જેન આલ્ફા પેઢી ના બાળકોમાં નાની ઉંમરથી જ ફિલેટલીના શોખને પ્રોત્સાહન આપવાનો છે, જેથી આ રસપ્રદ પ્રવૃત્તિ તેમને આનંદદાયક અનુભવ અને તણાવમુક્ત જીવન પ્રદાન કરવાની સાથે તેમના માટે શૈક્ષણિક પણ સાબિત થાય. 'દીન દયાલ સ્પર્શ યોજના' જેન આલ્ફા વિદ્યાર્થીઓમાં ફિલેટલીના શોખને પ્રોત્સાહન આપવા સાથે તેમની પ્રતિભાને શિષ્યવૃત્તિ દ્વારા સન્માનિત કરવાનો એક સાર્થક પ્રયાસ છે.

# 'સંસ્કૃત સપ્તાહ મહોત્સવ' અંતર્ગત અમદાવાદની જય સોમનાથ સ્કૂલમાં 'સંસ્કૃત સંભાષણ દિન'ની ભવ્ય ઉજવણી

**અમદાવાદ, તા.27**

ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડ દ્વારા આયોજિત ત્રિ-દિવસીય સંસ્કૃત સપ્તાહ મહોત્સવ અંતર્ગત જિલ્લા શિક્ષણાધિકારી કચેરી, અમદાવાદ શહેર દ્વારા જય સોમનાથ હાયર સેકન્ડરી સ્કૂલ ખાતે જિલ્લા કક્ષાના 'સંસ્કૃત સંભાષણ દિન'નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું.

જિલ્લા શિક્ષણાધિકારી આર. એમ. ચૌધરીના માર્ગદર્શન હેઠળ આયોજિત આ કાર્યક્રમમાં ભારત માતા પૂજન, વેદ પૂજા, વૈદિક મંત્રોચ્ચાર, ઋષિ પૂજન અને સંસ્કૃત પ્રાર્થના સાથે કરવામાં આવ્યો હતો.

કાર્યક્રમ દરમિયાન સંસ્કૃત સપ્તાહના નોડલ શિક્ષણ નિરીક્ષક બી. બી. ગઢવીએ સંસ્કૃત ભાષાનું મહત્ત્વ સમજાવી કૃષ્ણાષ્ટકમ્ અને ભવાનીષ્ટકમ્નું ભાવસભર ગાન કર્યું હતું. સંસ્કૃત ભારતીના વિભાગ સંયોજક નીલેશભાઈ ધાનાનીએ સંસ્કૃત ભાષાના સંરક્ષણ અને સંવર્ધન સંદર્ભે વિદ્યાર્થીઓ સાથે અત્યંત રસપ્રદ સંવાદ સાધ્યો હતો.

મુખ્ય અતિથિ અને વક્તા ડૉ. નિશિતા શુક્લા, HOD, સરકારી આર્ટ્સ કોલેજ, મણિનગર દ્વારા 'ભગવદ્ ગીતા અને જીવન પદ્ધતિ' વિષય પર સંસ્કૃત ભાષામાં પ્રેરણાદાયી વ્યાખ્યાન આપવામાં આવ્યું હતું. આ પ્રસંગે જિલ્લા શિક્ષણાધિકારી આર. એમ. ચૌધરીએ શુભેચ્છા સંદેશ પાઠવી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા.



જય સોમનાથ સ્કૂલના મેનેજિંગ ટ્રસ્ટી મનોજભાઈ પટેલ, હર્ષ એમ. પટેલ, આચાર્ય મહેન્દ્રસિંહ ગઢવી તથા શાળાના નિયામક જયંતીભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ શિક્ષકો અને વિદ્યાર્થીઓ દ્વારા ભારતીય જ્ઞાન પરંપરાના મહાકાવ્યો, વેદ-પુરાણો, ઉપનિષદો અને ઋષિમુનિઓના જીવન ચરિત્રોની ભવ્ય પ્રદર્શની તથા વેશભૂષા રજૂ કરવામાં આવી હતી.

આ ઉપરાંત સંસ્કૃત નાટક, સંભાષણ, શિવતાંડવ સ્તોત્ર તેમજ ઋષિ-કવિ પાત્રોના એકપાત્રીય અભિનય જેવા સાંસ્કૃતિક કાર્યક્રમોથી શાળા પરિસરમાં સંસ્કૃત ભાષાની દિવ્યતા છવાઈ ગઈ હતી અને સમગ્ર વાતાવરણ 'જયતુ સંસ્કૃતમ્, વદતુ સંસ્કૃતમ્'ના નારાઓથી ગૂંજી ઊઠ્યું હતું.

સમગ્ર આયોજનમાં નોડલ અધિકારી બી. બી. ગઢવી, ટીમ એજ્યુકેશન, આચાર્ય સંઘના અધ્યક્ષ, જિલ્લા સંસ્કૃત સપ્તાહ ઉજવણી સમિતિના સભ્યો બ્રિજેશ દવે, નિમેષ જાની, જયેશ ટાંક તથા જય સોમનાથ શાળા પરિવાર ઉત્સાહપૂર્વક સહભાગી થયા હતા.

# ગુજરાત સરકારની કલ્યાણકારી યોજનાઓથી નારીશક્તિ અને સાગરપુત્રોનું સશક્તિકરણ....

## નારી સુરક્ષાથી સાગરખેડૂના વિકાસ સુધી: આત્મનિર્ભર અને 'વિકસિત ગુજરાત'નો સંકલ્પ

**અમદાવાદ, તા.27**

રક્ષાબંધન અને નાળિયેરી પૂનમના પવિત્ર પર્વે ગુજરાત સરકારે રાજ્યની બહેનો અને માછીમાર સમુદાય માટે અમલમાં મુકેલી કલ્યાણકારી યોજનાઓનું સફળ પરિણામ જોવા મળ્યુ છે.'મુખ્યમંત્રી મહિલા ઉત્કર્ષ યોજના' હેઠળ રાજ્યના મહિલા સ્વસહાય જૂથોને વિના વ્યાજે ધિરાણ પૂરું પાડીને બહેનોને ગૃહ ઉદ્યોગ અને વ્યવસાય ક્ષેત્રે આત્મનિર્ભર બનાવવામાં આવી છે. બીજી તરફ, નાળિયેરી પૂનમે દરિયાઈ પૂજન કરતા માછીમાર ભાઈઓ માટે 'સાગરખેડૂ સર્વાંગી વિકાસ યોજના' હેઠળ હાઈ-સ્પીડ ડીઝલ સબસિડી, આધુનિક ફિશિંગ હાર્બર, બોટ સબસિડી અને સેટેલાઈટ ટ્રેકિંગ સિસ્ટમ પૂરી પાડીને દરિયાખેડૂઓનું આર્થિક અને સામાજિક રક્ષણ સુનિશ્ચિત કરવામાં આવ્યું છે.

શ્રાવણ સુદ પૂનમના પવિત્ર અવસરે આજે સમગ્ર ગુજરાતમાં બે વિશિષ્ટ પર્વો - ભાઈ-બહેનના પ્રેમનું પ્રતિક 'રક્ષાબંધન' અને




સાગરપુત્રોનો ઉત્સવ 'નાળિયેરી પૂનમ' અત્યંત ઉલ્લાસપૂર્વક ઉજવાઈ રહ્યા છે. એક તરફ બહેનો ભાઈના કાંડા પર રક્ષાકવચ બાંધી તેના દીર્ઘાયુની પ્રાર્થના કરે છે, તો બીજી તરફ રાજ્યનો સાગર ખેડૂત વર્ગ દરિયાદેવ વરુણદેવની પૂજા-અર્ચના કરી નવી માછીમારી મોસમનો પ્રારંભ કરે છે. આ ૨૮ ઓગસ્ટ ૨૦૨૬ના પવિત્ર દિવસે, ગુજરાત સરકારની મહિલા સશક્તિકરણ અને દરિયાકાંઠાના વિસ્તારોના સર્વાંગી વિકાસ માટેની દૂરંદેશી નીતિઓ વિશેષ રૂપે સરાહનીય બની રહે છે.

નારી ગૌરવ અને સુરક્ષા માટે 'અભયમ ૧૮૧' હેલ્પલાઈન અને ગૃહ વિભાગની તકેદારીના કારણે ગુજરાત આજે દેશભરમાં મહિલાઓ માટે સૌથી સુરક્ષિત રાજ્ય તરીકે ઓળખાય છે. 'મુખ્યમંત્રી મહિલા ઉત્કર્ષ યોજના' અને સ્વસહાય જૂથો દ્વારા લાખો મહિલાઓને ઝીરો ટકા વ્યાજે ધિરાણ આપીને ગૃહ ઉદ્યોગો સાથે જોડવામાં આવી છે. તથા 'પૂર્ણા યોજના' અને 'માતૃશક્તિ યોજના' દ્વારા સગર્ભા માતાઓ અને કિશોરીઓના પોષણની પૂરેપૂરી કાળજી સરકારે લીધી છે. ગુજરાત દેશનો સૌથી લાંબો ૨૩૦૦ કિલોમીટરથી વધુનો દરિયાકિનારો ધરાવે છે. નાળિયેરી પૂનમે જ્યારે દરિયાઈ ખેડૂતો સમુદ્રમાં પૂજન કરીને બોટ ઉતારે છે.

# મુખ્યમંત્રીનું એરપોર્ટ પર નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી દ્વારા સ્વાગત કરાયું

## વડાપ્રધાન નરેન્દ્ર મોદીના વૈશ્વિક સંબંધો અને તેમના પરના વિશ્વાસને કારણે લોકો દરેક સેક્ટરમાં વધારે મૂડીરોકાણ કરવા ઇચ્છે છે : મુખ્યમંત્રી

**અમદાવાદ, તા.27**

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અમેરિકા અને કેનેડાનો સફળ પ્રવાસ કરીને અમદાવાદ પધાર્યા ત્યારે એરપોર્ટ પર નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી દ્વારા તેમનું ઉષ્માપૂર્ણ સ્વાગત કરવામાં આવ્યું હતું.

મુખ્યમંત્રીએ એરપોર્ટ પર મીડિયાને જણાવ્યું હતું કે ગુજરાતમાં વધુમાં વધુ વૈશ્વિક મૂડીરોકાણ આવે એવો અમારો પ્રયત્ન રહ્યો છે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના વૈશ્વિક સંબંધો અને તેમના પરનો વિશ્વાસ અમને આ પ્રવાસમાં જોવા મળ્યો છે. વડાપ્રધાન પરના સંપૂર્ણ વિશ્વાસને કારણે લોકો દરેક સેક્ટરમાં વધારે મૂડીરોકાણ કરવા ઈચ્છે છે. ભારતમાં આવનાર રોકાણ ગુજરાતમાં આવે એના માટેનો અમારો આ પ્રયાસ હતો. સેમિકન્ડક્ટર, એઆઈ, ડેટા સેન્ટર, મેન્યુફેક્ચરિંગ વગેરે ક્ષેત્રો ઉપરાંત ગિફ્ટ સિટી માટે ફાઈનાન્સિયલ ક્ષેત્રની મોટી મોટી કંપનીઓ સાથેની બેઠકો ખૂબ સારી રહી છે અને તે લોકો ગુજરાતમાં રોકાણ માટે ઉત્સુક છે, એવું તેમણે ઉમેર્યું હતું.





મુખ્યમંત્રીએ અમેરિકા અને કેનેડાના પ્રવાસને ફળદાયી બની રહેશે એવા વિશ્વાસ સાથે જણાવ્યું હતું કે ગુજરાતમાં ખૂબ સારું મૂડીરોકાણ આવશે.

વૈશ્વિક રોકાણકારો અને ઈનોવેટર્સને આગામી 10મી-12મી જાન્યુઆરી, 2027ના રોજ વડાપ્રધાનની પ્રેરણાથી યોજાનારી 11મી વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટમાં ઈન્વેસ્ટમેન્ટ , કોલબોરશન અને પાર્ટનરશીપ માટે આમંત્રણ આપવામાં આવ્યું છે.

માનનીય વડાપ્રધાન નરેન્દ્ર મોદીના માર્ગદર્શન હેઠળ, આગામી વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ 2027ને પ્રોત્સાહન આપવા માટે ગુજરાત સરકારના મુખ્યમંત્રી તથા મુખ્ય સચિવ સહિતના ઉચ્ચ સ્તરીય પ્રતિનિધિ મંડળે અમેરિકા અને કેનેડાનો પ્રવાસ સફળતાપૂર્વક પૂર્ણ કર્યો છે.

આ પ્રતિનિધિ મંડળે સાન ફ્રાન્સિસ્કો, વોશિંગ્ટન ડી.સી. અને ન્યૂયોર્કમાં રોકાણકારો, ટેક્નોલોજી અગ્રણીઓ અને યુવા ઉદ્યોગસાહસિકો તથા ઈનોવેટર્સ તેમજ ગુજરાતી ડાયસ્પોરા સાથે મુલાકાતો કરી હતી.

મુખ્ય સચિવ એમ.કે. દાસ, નાણાં વિભાગના અધિક મુખ્ય સચિવ ટી. નટરાજન, ઉદ્યોગ અને ખાણ વિભાગનાં અધિક મુખ્ય સચિવ મતી મમતા વર્મા, મુખ્યમંત્રીના અગ્ર સચિવ સંજીવ કુમાર તેમજ મુખ્યમંત્રીના અધિક અગ્ર સચિવ ડૉ. વિક્રાંત પાંડે ઉપરાંત રાજ્યના ઉદ્યોગ વેપાર જગતનું પ્રતિનિધિ મંડળ પણ મુખ્યમંત્રીની સાથે આ વિદેશ પ્રવાસમાં સહભાગી બન્યું હતું.

મુખ્યમંત્રી તથા મુખ્ય સચિવ સહિતના ઉચ્ચ અધિકારીઓ સાથેનું આ પ્રતિનિધિ મંડળ વિદેશ પ્રવાસ સફળતા પૂર્વક પૂરો કરીને ગુજરાત પરત આવ્યુ ત્યારે તેને આવકારવા માટે અમદાવાદ એરપોર્ટ પર ઈન્ડેક્સ-બીના મેનેજિંગ ડિરેક્ટર કે.સી. સંપત, અધિક ઉદ્યોગ કમિશનર અમિત પ્રકાશ યાદવ, અમદાવાદ શહેરના પોલીસ કમિશનર અનુપસિંહ ગહલોત, અમદાવાદ જિલ્લા કલેક્ટર ભવ્ય વર્મા સહિતના અધિકારીઓએ ઉપસ્થિત રહીને આવકાર્યા હતા અને સફળ પ્રવાસ બદલ શુભકામનાઓ પાઠવી હતી.

# ટેસ્ટ ક્રિકેટના 7 બદનસીબ ક્રિકેટર જેમણે 400+ વિકેટો ઝડપી છતાં ક્યારેય રેન્કિંગમાં નંબર-1 ન બન્યા

**નવી દિલ્હી, તા.27**

ટેસ્ટ ક્રિકેટ ઈતિહાસમાં એવા કેટલાક સર્વકાલીન મહાન બોલરો રહ્યા છે જેમણે પોતાની ઘાતક બોલિંગથી વિશ્વભરમાં તરખાટ મચાવ્યો હતો અને 400થી 600થી વધુ વિકેટો ઝડપી હતી. જોકે, આશ્ચર્યજનક બાબત એ છે કે આટલી ભવ્ય સફળતા અને સાતત્ય છતાં આ દિગ્ગજો પોતાના સમગ્ર કરિયર દરમિયાન ક્યારેય ICC ટેસ્ટ બોલિંગ રેન્કિંગમાં No. 1ના સ્થાને પહોંચી શક્યા નહોતા. પોતાના સમકાલીન બોલરો સાથેની તીવ્ર સ્પર્ધાને કારણે તેઓ ટોચનું સ્થાન હાંસલ કરવાથી વંચિત રહી ગયા હતા.



અનિલ કુંબલે (ભારત) - 619 વિકેટ: ભારતના સર્વકાલીન મહાન લેગ-સ્પિનર અનિલ કુંબલે ટેસ્ટમાં ભારત તરફથી સૌથી વધુ વિકેટ લેનારા બોલર છે. એક ઈનિંગમાં તમામ 10 વિકેટ લેવાની સિદ્ધિ છતાં મુથૈયા મુરલીધરન, શેન વોર્ન અને ગ્લેન મેકગ્રાના વર્ચસ્વ વચ્ચે તેઓ ક્યારેય નંબર-1 બની શક્યા નહીં.

નાથન લાયન (ઓસ્ટ્રેલિયા) - 571 વિકેટ: ઓસ્ટ્રેલિયાના દિગ્ગજ ઓફ-સ્પિનર નાથન લાયને ટેસ્ટ ક્રિકેટમાં 571 વિકેટો ઝડપી છે. પેટ કમિન્સ, રવિચંદ્રન અશ્વિન અને જસપ્રીત બુમરાહ જેવા સમકાલીન બોલરો સાથેની સ્પર્ધાને કારણે લાયન હજુ સુધી ICC રેન્કિંગમાં નંબર-1 પર પહોંચી શક્યા નથી.

કર્ટની વોલ્શ (વેસ્ટ ઈન્ડિઝ) - 519 વિકેટ: ટેસ્ટ ક્રિકેટમાં સૌપ્રથમ 500 વિકેટનો આંકડો પાર કરનારા વેસ્ટ ઈન્ડિઝના ઘાતક ફાસ્ટ બોલર કર્ટની વોલ્શે 519 વિકેટો ઝડપી હતી, પરંતુ પોતાની જ ટીમના કર્ટલી એમ્બ્રોઝ અને અન્ય બોલરોના દબદબાને લીધે તેઓ ક્યારેય ટોચનું રેન્કિંગ મેળવી શક્યા નહોતા.

કપિલ દેવ (ભારત) - 434 વિકેટ: ભારતને પ્રથમ વર્લ્ડ કપ અપાવનારા દિગ્ગજ ઓલરાઉન્ડર કપિલ દેવે 434 ટેસ્ટ વિકેટો ઝડપીને લાંબા સમય સુધી વિશ્વ રેકોર્ડ જાળવી રાખ્યો હતો. જોકે, રિચાર્ડ હેડલી, માલ્કમ માર્શલ અને ઈમરાન ખાન જેવા બોલરોની હાજરીને લીધે કપિલ દેવ ક્યારેય નંબર-1 બોલર બની શક્યા નહોતા.

રંગના હેરાથ (લંકા) - 433 વિકેટ: લંકાના ડાબોડી સ્પિનર રંગના હેરાથે મુથૈયા મુરલીધરનની નિવૃત્તિ બાદ લંકાના સ્પિન આક્રમણની શાનદાર આગેવાની કરતાં 433 ટેસ્ટ વિકેટ ઝડપી હતી, પરંતુ તેઓ પણ ICC ટેસ્ટ બોલિંગ રેન્કિંગમાં નંબર-1ના તાજ સુધી પહોંચવાથી ચૂકી ગયા હતા.

હરભજન સિંહ (ભારત) - 417 વિકેટ: ભારતના દિગ્ગજ ઓફ-સ્પિનર 'ટર્બનેટર' હરભજન સિંહે ભારતને અનેક ઐતિહાસિક ટેસ્ટ જીત અપાવીને 417 વિકેટો હાંસલ કરી હતી, પરંતુ મુથૈયા મુરલીધરન અને અન્ય સમકાલીન બોલરોના પ્રભાવ વચ્ચે તેઓ નંબર-1 ન બની શક્યા.

વસીમ અકરમ (પાકિસ્તાન) - 414 વિકેટ: 'સુલતાન ઓફ સ્વિંગ' તરીકે જાણીતા પાકિસ્તાનના મહાન ડાબોડી ફાસ્ટ બોલર વસીમ અકરમે ટેસ્ટમાં 414 વિકેટો ઝડપી હતી. રિવર્સ સ્વિંગના બાદશાહ હોવા છતાં વકાર યુનિસ, એલન ડોનાલ્ડ અને કર્ટલી એમ્બ્રોઝ સાથેની સ્પર્ધાને કારણે તેમનું સર્વોચ્ચ રેન્કિંગ નંબર-2 સુધી જ સીમિત રહ્યું હતું.

# યુવાનોના શિસ્તભંગ સામે કૂણા રહેવા બદલ માંજરેકરે આઈસીસીની ઝાટકણી કાઢી....

## સર્વોચ્ચ સંસ્થાઓ આ પ્રકારના વર્તનને ચલાવી લેને યુવાનોને ફરીથી આમ કરવા તાલીમ આપે છે

**નવી દિલ્હી, તા.27**



ભારતના ભૂતપૂર્વ બેટ્સમેન સંજય માંજરેકરે યુવા ખેલાડીઓ વૈભવ સૂર્યવંશી અને યશસ્વી જયસ્વાલ દ્વારા તાજેતરમાં કરવામાં આવેલા શિસ્તભંગના ઉલ્લંઘન સામે કોઈ કડક પગલાં ન લેવા બદલ આઈસીસી અને બીસીસીઆઈની ઝાટકણી કાઢી હતી. તેણે કહ્યું કે આ બંને સંસ્થાઓ આ પ્રકારના વર્તનને ચલાવી લઈને ખેલાડીઓને તેને દોહરાવવાની "તાલીમ" આપી રહી છે. યશસ્વી જયસ્વાલ અને સૂર્યવંશી બંને મેદાન પર ઉગ્ર ઘર્ષણમાં સામેલ રહ્યા છે, જેમાં જયસ્વાલે તો ટીકાઓ થવા છતાં પોતાના વર્તનનો બચાવ પણ કર્યો હતો.

લેખિત પોસ્ટમાં માંજરેકરે 'X' પર લખ્યું છે કે "@icc અને @bcci, તાજેતરમાં ઈન્ડિયા A માટે વૈભવ અને હવે જયસ્વાલ... જો તમે તેમને આવા વર્તનમાંથી છટકી જવા દેશો, તો તમે તેમને આવું વર્તન દોહરાવવાની જ તાલીમ આપી રહ્યા છો. આ રમત માટે સારું નથી અને સૌથી મહત્વનું કે તેમના પોતાના ભવિષ્ય માટે પણ સારું નથી." કોલંબોમાં રમાયેલી બીજી ક્રિકેટ ટેસ્ટના પહેલા દિવસે મેદાન પર થયેલી બોલાચાલી બદલ જયસ્વાલ અને લંકાના ઝડપી બોલર અસિથા ફર્નાન્ડો પર તેમની મેચ ફીની 25 ટકા રકમનો દંડ ફટકારવામાં આવ્યો હતો. આ સાથે જ બંનેને એક-એક ડિમેરિટ પોઈન્ટ પણ આપવામાં આવ્યો હતો.

ભારતની પહેલી ઈનિંગ્સની 17મી ઓવરમાં ફર્નાન્ડોએ જયસ્વાલને આઉટ કર્યા બાદ બંને વચ્ચે ઘર્ષણ થયું હતું. જયસ્વાલ ફર્નાન્ડો તરફ ચાલ્યો ગયો અને બંને વચ્ચે શબ્દોની આપ-લે થઈ, ત્યારબાદ ફર્નાન્ડોએ પોતાનું માથું જયસ્વાલ તરફ આગળ કર્યું. જવાબમાં જયસ્વાલે પણ માથું આગળ ધર્યું, જેને કારણે બંનેના માથા એકબીજા સાથે ટકરાયા હતા. બીજા દિવસની રમત શરૂ થાય તે પહેલાં જયસ્વાલે પોતાના વર્તનનો બચાવ કરતા કહ્યું હતું: "જો તમે નથી જાણતા કે તેણે શું કહ્યું હતું, તો કૃપા કરીને તમારો ચુકાદો આપશો નહીં. જો કોઈ પોતાની હદ વટાવશે, તો અમારે તેમને જણાવવું પડશે કે આ ભારત છે જે લડશે અને જવાબ આપશે."

આ અગાઉ જૂન મહિનામાં 15 વર્ષીય આક્રમક બેટ્સમેન વૈભવ સૂર્યવંશી વન-ડે સિરીઝ બાદ લંકા Aના ખેલાડી સાથે ઉગ્ર ચર્ચામાં ઉતરી પડ્યો હતો, જે લગભગ શારીરિક ઘર્ષણમાં પરિણમી હતી.


સુપર ઓવરમાં ઈન્ડિયા Aની

# એશિયન ગેમ્સમાં ભારતનું અભિયાન 28મી સપ્ટેમ્બરથી

## એશિયન ગેમ્સ ક્રિકેટ: વિમેન્સ ટીમ 18મી સપ્ટેમ્બરે યજમાન જાપાન સામે રમશે

**નવી દિલ્હી, તા.27**

ભારતીય મેન્સ ક્રિકેટ ટીમ 28મી સપ્ટેમ્બરે જાપાનમાં યોજાનારી એશિયન ગેમ્સમાં પોતાના અભિયાનની શરૂઆત કરશે જ્યારે વિમેન્સ ટીમ 18મી સપ્ટેમ્બરે જાપાન સામે તેમની પ્રથમ મેચ રમશે. ભારતની બંને મેન્સ અને વિમેન્સ ટીમને ક્રમાંકમાં પ્રાધાન્ય મળ્યું હોવાથી તેઓ સીધા ક્વાર્ટર ફાઈનલથી જ પોતાના અભિયાનની શરૂઆત કરશે. નાગોયા નજીક કોરોગી એથ્લેટિક પાર્ક ખાતે યોજાનારી એશિયન ગેમ્સની ક્રિકેટની ઈવેન્ટમાં ચીનમાં યોજાયેલી ગત આવૃત્તિમાં તમામ ગોલ્ડ મેડલ જીત્યા બાદ શ્રેયસ ઐયરની



આગેવાની હેઠળની મેન્સ ટીમ અને હરમનપ્રિત કૌરની આગેવાની હેઠળની વિમેન્સ ક્રિકેટ ટીમ ગોલ્ડ મેડલ માટે પ્રબળ દાવેદાર છે. મહિલા ડ્રોમાં ભારતની ક્વાર્ટર ફાઈનલના હરીફ અગાઉથી જ નક્કી થઈ ગયા છે, જ્યારે મેન્સ ટીમ ગ્રુપ Aમાં બીજા ક્રમે રહેનારી ટીમ સામે ટકરાશે. આ ગ્રૂપમાં અફઘાનિસ્તાન, જાપાન અને નેપાળ સામેલ છે. મહિલા વર્ગની ફાઈનલ 22મી સપ્ટેમ્બરે અને પુરુષ વર્ગની ફાઈનલ ત્રીજી ઓક્ટોબરે રમાશે. મેન્સ ક્રિકેટ ઈવેન્ટમાં ક્રમાંકિત ટીમોમાં ભારત, બાંગ્લાદેશ, પાકિસ્તાન અને લંકાનો સમાવેશ થાય છે, જ્યારે મહિલા ક્રમાંકમાં ભારત સહિત માત્ર આઠ ટીમ છે.

# ગુજરાતમાં રમતા જોવા મળશે સેહવાગ-દ્રવિડના પુત્રો, ઓસ્ટ્રેલિયા સામેની શ્રેણી માટે U19 ભારતીય ટીમમાં એન્ટ્રી

**નવી દિલ્હી, તા.27**

ઓસ્ટ્રેલિયા U19 સામેની ઘરઆંગણે રમાનારી શ્રેણી માટે ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (BCCI) દ્વારા ભારતની U19 ટીમની જાહેરાત કરવામાં આવી છે. આ ટીમ પસંદગીમાં પૂર્વ ભારતીય દિગ્ગજ ખેલાડીઓના પુત્રો પર સૌની નજર રહેશે. ભારતના પૂર્વ વિસ્ફોટક ઓપનર વીરેન્દ્ર સેહવાગના પુત્ર આર્યવીર સેહવાગ અને પૂર્વ કેપ્ટન તથા હેડ કોચ રાહુલ દ્રવિડના પુત્ર અન્વય દ્રવિડની પસંદગીને લઈને ચાહકોમાં ઉત્સાહ જોવા મળી રહ્યો છે. BCCIના સંયુક્ત સચિવ દેવજીત



સૈકિયા દ્વારા આ અંગે માહિતી આપવામાં આવી છે.

ઓસ્ટ્રેલિયા સામેની ત્રણ વનડે મેચોની શ્રેણી માટે લક્ષ્ય રાયચંદાનીને કેપ્ટન બનાવવામાં આવ્યા છે, જ્યારે યશવર્ધન ચૌહાણ વાઈસ કેપ્ટન રહેશે. ચાર દિવસીય (મલ્ટી-ડે) શ્રેણી માટે યશવર્ધન ચૌહાણ કેપ્ટનશિપ સંભાળશે અને લક્ષ્ય રાયચંદાની વાઈસ કેપ્ટન તરીકેની ભૂમિકા ભજવશે.

ઓસ્ટ્રેલિયા U19 નો આ ભારત પ્રવાસ ગુજરાતમાં યોજાવા જઈ રહ્યો છે. તમામ ત્રણ વનડે મેચ અને પ્રથમ મલ્ટી-ડે મેચ રાજકોટ ખાતે રમાશે. શ્રેણીની બીજી અને અંતિમ મલ્ટી-ડે મેચ અમદાવાદના 'બી' ગ્રાઉન્ડ ખાતે રમાશે.

પ્રથમ વનડે: 18 સપ્ટેમ્બર 2026 (શુક્રવાર) - રાજકોટ (સવારે 9:00 વાગ્યે) બીજી વનડે: 21 સપ્ટેમ્બર 2026 (સોમવાર) - રાજકોટ (સવારે 9:00 વાગ્યે)

ત્રીજી વનડે: 23 સપ્ટેમ્બર 2026 (બુધવાર) - રાજકોટ (સવારે 9:00 વાગ્યે)

પ્રથમ મલ્ટી-ડે: 27 થી 30 સપ્ટેમ્બર 2026 - રાજકોટ (સવારે 9:30 વાગ્યે) બીજી મલ્ટી-ડે: 05 થી 08 ઓક્ટોબર 2026 - અમદાવાદ 'બી' ગ્રાઉન્ડ (સવારે 9:30 વાગ્યે) વનડે ટીમ: લક્ષ્ય રાયચંદાની (કેપ્ટન), યશવર્ધન ચૌહાણ (વાઈસ કેપ્ટન), રજત બઘેલ (વિકેટકીપર), આર્યવીર સેહવાગ, વી.કે. વિનીત, કુશાગ્ર ઓઝા, અર્જુન રાજપૂત, મનાલ ચૌહાણ, અન્વય દ્રવિડ (વિકેટકીપર), વી. યશવીર, રોહિત યાદવ, શાવિન વિનોદ, મોહિત ઉલવા, ચિગુરુપતિ વેંકટા અને કાવ્યા પટેલ.

# પહેલા જ દિવસે કમાણી રૂ. 140 કરોડને પાર! અનેક રેકોર્ડ તોડ્યા, કન્નડ કરતાં હિન્દીમાં વધુ ક્રેઝ

**મુંબઈ, તા.27**

દિગ્ગજ સાઉથ એક્ટર યશની મોસ્ટ અવેઈટેડ ફિલ્મ 'ટોક્સિક' 26 ઓગસ્ટે સિનેમાઘરોમાં રિલીઝ થઈ ગઈ છે અને રિલીઝ થતાંની સાથે જ બોક્સ ઓફિસ પર કમાણીના તમામ રેકોર્ડ તોડી નાખ્યા છે. ગીતુ મોહનદાસના ડિરેક્શનમાં બનેલી આ ફિલ્મે ભારતમાં ઓપનિંગ ડે પર જ 100 કરોડનો આંકડો પાર કરી લીધો છે, જ્યારે વર્લ્ડવાઈડ કલેક્શન 140 કરોડથી વધુ થઈ ગયું છે. KGF 2ની રિલીઝના ચાર વર્ષ બાદ 'ટોક્સિક' દ્વારા સ્ક્રીન પર વાપસી કરનાર યશે દેશમાં સૌથી મોટી ઓપનિંગ મેળવવાનો રેકોર્ડ પોતાના નામે કર્યો છે.

મીડિયા રિપોર્ટ મુજબ, 'ટોક્સિક' દેશભરમાં 24,579 શોઝ પર રિલીઝ થઈ હતી. ફિલ્મે પ્રથમ દિવસે ભારતમાં 120.75 કરોડનું ગ્રોસ અને 101.10 કરોડનું




નેટ કલેક્શન કર્યું છે. આ સાથે જ RRR પછી 'ટોક્સિક' એવી બીજી નોન-સીક્વલ ફિલ્મ બની ગઈ છે જેણે પ્રથમ દિવસે 100 કરોડથી વધુ કમાણી કરી હોય. મૂળ કન્નડ ભાષાની આ ફિલ્મે હિન્દી વર્ઝનમાં સૌથી વધુ 55 કરોડનો બિઝનેસ કર્યો છે. આ ઉપરાંત કન્નડમાં 23.30 કરોડ, તેલુગુમાં 16 કરોડ, તમિલમાં 5.50 કરોડ અને મલયાલમમાં 1.30 કરોડની કમાણી નોંધાઈ છે.

વિદેશી માર્કેટમાંથી (ઓવરસીઝ) પ્રથમ દિવસે 20 કરોડનું ગ્રોસ કલેક્શન મળતા જ વર્લ્ડવાઈડ ઓપનિંગ ડે કલેક્શન 140.75 કરોડ થઈ ગયું છે. વર્લ્ડવાઈડ કમાણીમાં આ ફિલ્મે 'જવાન' અને 'આદિપુરુષ' જેવી ફિલ્મોને પાછળ છોડી દીધી છે. આ ઉપરાંત, સેન્સર બોર્ડ તરફથી A સર્ટિફિકેટ મેળવનારી ફિલ્મોમાં પ્રથમ દિવસે 100 કરોડથી વધુ કમાણી કરવામાં 'ટોક્સિક' બીજા ક્રમે (ધુરંધર 2 બાદ) આવી ગઈ છે. એડવાન્સ બુકિંગમાં જ વર્લ્ડવાઈડ 85 કરોડનું ગ્રોસ કલેક્શન થઈ ચૂક્યું હતું.

આ રૂ. 500 કરોડના બજેટમાં બનેલી એક ગેંગસ્ટર-એક્શન ડ્રામા ફિલ્મ છે, જેમાં યશ ડબલ રોલમાં જોવા મળી રહ્યો છે. યશની સાથે ફિલ્મમાં કિયારા અડવાણી, નયનતારા, હુમા કુરેશી, તારા સુતારિયા, રૂકમણી વસંત, અક્ષય ઓબેરોય અને સુદેવ નાયર મુખ્ય ભૂમિકામાં છે. જો યશની આગામી ફિલ્મ 'રામાયણમ્' પણ આ જ રીતે રિલીઝના પહેલા દિવસે 100 કરોડની કમાણી કરી લેશે, તો યશ સતત ત્રણ ફિલ્મોમાં 100 કરોડની ઓપનિંગ આપનારા પહેલો એક્ટર બની જશે.

# ગોલમાલ ફાઈવ આવતા માર્ચમાં રજૂ કરવાનું ટાર્ગેટ

## ગુડ ફ્રાઈડેની રજાનો લાભ લેવા માટે આ રીલિઝ ડેટ નક્કી કરાયાની ચર્ચા



**મુંબઈ, તા.27**

અજય દેવગણ, અક્ષય કુમાર અને શર્મન જોશીને ચમકાવતી કોમેડી ફ્રેન્ચાઇઝી 'ગોલમાલ'નો પાંચમો ભાગ ૨૬ માર્ચ ૨૦૨૭ના દિવસે થિયેટર્સમાં રજૂ કરવામાં આવશે. ગુડ ફ્રાઈડેની રજાઓનો લાભ મેળવવા માટે આ રીલિઝ ડેટ નક્કી કરવામાં આવી છે. આ માટે નિર્દેશક રોહિત શેટ્ટીએ ઝપાટાભેર શૂટિંગ આટોપવા માટે તૈયારીઓ આદરી છે. પારિવારિક કોમેડી ફિલ્મને રજૂ કરવા માટે લોંગ વીક એન્ડ પસંદ કરવામાં આવે છે. જેથી રિપિટ દર્શકો મળી રહે. કોમેડી 'ગોલમાલ' ફ્રેન્ચાઇઝી સૌથી સફળ પુરવાર થઈ છે. તેને તમામ પ્રકારના દર્શકોએ પસંદ કરી છે. 'ગોલમાલ ફાઈવ'માં ટોચના સ્ટાર અજય દેવગણ, અક્ષય કુમાર અને શર્મન જોશી મહત્વની ભૂમિકામાં જોવા મળશે અક્ષય કુમારની ગયા વર્ષે બે કોમેડી ફિલ્મો 'હાઉસ ફૂલ' અને 'જોલી એલએલબી થ્રી' આવી હતી.

અક્ષય અને અજયની મોટાભાગની કોમડી ફિલ્મો સફળ રહી હોવાથી રોહિત શેટ્ટીને આ ફિલ્મના બોક્સ ઓફિસ પર્ફોર્મન્સ પર બહુ આશા છે.

# બે વર્ષના ડેટિંગ બાદ અનન્યા પાંડેનું વોકર બ્લેન્કો સાથે બ્રેક અપ.....

## અનન્યાનું અગાઉ આદિત્ય રોય કપૂર સાથે પણ લાંબી રિલેશનશિપ બાદ બ્રેક અપ થયું હતું

**મુંબઈ, તા.27**

બે વર્ષથી ડેટિંગ કરી રહેલાં અનન્યા પાંડે અને વોકર બ્લેન્કો વચ્ચે બ્રેક અપ થઈ ગયું હોવાની ચર્ચા થઈ રહી છે. જો કે, બંને જણાંએ ડેટિંગની જેમ બ્રેક અપને પણ હજી કન્ફર્મ કર્યું નથી.

બે વર્ષ ડેટિંગ કર્યા બાદ અનન્યાએ ગયા અઠવાડિયે બ્રેક અપનો નિર્ણય લીધો હતો. બંને જણાંએ પરસ્પર સંમતિથી સંબંધો પુરા કર્યા હોવાની વાત જાણવા મળી છે. અનન્યાના જન્મદિને વોકરે જણાવ્યું હતું કે યુ આર સો સ્પેશ્યલ. આઈ લવ યુ, એની! અનન્યા પણ વોકરને લાડમાં વોકી કહીને બોલાવતી હતી. અનન્યા પણ વોકર બ્લેન્કોના નામના પ્રથમ અક્ષર



ધરાવતો નેકલેસ પહેરી અનેક સ્થળે મહાલતી દેખાઈ હતી. રસપ્રદ વાત એ છે કે વોકર સાથે સંબંધ બંધાયો એ પહેલાં અનન્યા આદિત્ય રોય કપૂરને ડેટિંગ કરતી હતી. બે વર્ષ બાદ તેમની વચ્ચે પણ બ્રેક અપ થઈ ગયું હતું. આ બ્રેક અપનું કારણ પણ કદી બહાર આવ્યું નથી.

# 100થી વધુ ફિલ્મોમાં અભિનય કરનાર દિગ્ગજ એક્ટરનું નિધન, રજનીકાંત અને ચિરંજીવી સાથે હતી ગાઢ મિત્રતા

**મુંબઈ, તા.27**

100થી વધુ ફિલ્મોમાં અભિનય કરનાર તેલુગુ સિનેમાના દિગ્ગજ અભિનેતા અને નિર્માતા જીવી નારાયણ રાવનું નિધન થઈ ગયું છે. તેમણે 73 વર્ષની ઉંમરે બુધવાર સાંજે દુનિયાને અલવિદા કહી દીધુ છે. તેમના નિધનના સમાચાર સામે આવતા જ તેલુગુ ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં શોકની લહેર દોડી ગઈ. ઘણા કલાકારો અને ફિલ્મી હસ્તીઓએ તેમને શ્રદ્ધાંજલિ આપતા તેમના નિધનને સિનેમા જગત માટે મોટી ક્ષતિ ગણાવી છે.

જીવી નારાયણ રાવ છેલ્લા કેટલાક સમયથી સ્વાસ્થ્ય સંબંધી સમસ્યાઓનો સામનો કરી રહ્યા હતા. તેમના નિધન પર મૂવી આર્ટિસ્ટ્સ એસોસિએશને પણ દુઃખ વ્યક્ત કર્યું છે. ખાસ વાત એ છે કે, તેઓ મેગાસ્ટાર ચિરંજીવીના અત્યંત નજીકના મિત્રોમાં સામેલ હતા. બંનેએ ઘણી ફિલ્મોમાં સાથે કામ પણ કર્યું હતું.



કૃષ્ણા જિલ્લાના કુરુમદલી ગામમાં જન્મેલા જીવી નારાયણ રાવે મદ્રાસ ફિલ્મ ઈન્સ્ટિટ્યૂટમાંથી એક્ટિંગની ટ્રેનિંગ લીધી હતી. વર્ષ 1976માં તેમણે પ્રખ્યાત નિર્દેશક કે. બાલાચંદરની ફિલ્મ 'અંથુલેની કથા'થી એક્ટિંગની દુનિયામાં પગ મૂક્યો હતો. પહેલી જ ફિલ્મમાં તેમના અભિનયને ખૂબ પસંદ કરવામાં આવ્યો હતો અને તેમને સર્વશ્રેષ્ઠ સપોર્ટિંગ એક્ટર માટે નંદી પુરસ્કાર પણ મળ્યો હતો.

ત્યારબાદ તેમણે 'મુત્યાલા પલ્લાકી', 'ઓકા ઊરી કથા', 'ચિલકમ્મા ચેપ્પિંદિ' અને 'ઊરુકિચ્ચિના માટા' જેવી ફિલ્મોમાં કામ કર્યું. પોતાના લગભગ પાંચ દશકના કરિયરમાં તેમણે 100થી વધુ ફિલ્મોમાં અભિનય કર્યો અને પોતાની એક અલગ ઓળખ બનાવી.

જીવી નારાયણ રાવની મિત્રતા માત્ર ચિરંજીવી સાથે જ નહીં, પરંતુ સુપરસ્ટાર રજનીકાંત સાથે પણ ખૂબ જ ખાસ હતી. બંને મદ્રાસ ફિલ્મ ઈન્સ્ટિટ્યૂટમાં એક જ બેચના વિદ્યાર્થીઓ હતા. ત્યાંથી જ બંનેની મિત્રતા શરૂ થઈ અને જિંદગીભર કાયમ રહી.

ચિરંજીવી સાથે તેમણે 'ચટ્ટાનિકી કલ્લૂ લેવૂ', 'મંચૂ પલ્લાકી', 'રાજા વિક્રમાર્ક', 'ગેંગ લીડર' અને 'હિટલર' જેવી ફિલ્મોમાં કામ કર્યું. પડદા પર પણ બંનેની જોડીને દર્શકોએ ખૂબ પસંદ કરી હતી.

જીવી નારાયણ રાવે માત્ર અભિનય જ નહીં, પરંતુ ફિલ્મ નિર્માણમાં પણ પોતાની ઓળખ બનાવી. તેમણે ચિરંજીવીની 'દેવાન્તકુડુ' અને 'યમુડિકી મોગુડુ' જેવી ફિલ્મો બનાવી. 'યમુડિકી મોગુડુ'ની તમિલ રિમેક પણ તેમણે બનાવી હતી, જેમાં રજનીકાંત નજર આવ્યા હતા.

ફિલ્મો ઉપરાંત તેઓ ટીવી ઈન્ડસ્ટ્રી સાથે પણ જોડાયેલા રહ્યા, જેમાં તેમણે ઘણી હિટ ધારાવાહિકોમાં મહત્ત્વની ભૂમિકાઓ ભજવી. લગભગ પાંચ દશક સુધી સિનેમા સાથે જોડાયેલા રહેલા જીવી નારાયણ રાવનું નિધન તેલુગુ ફિલ્મ ઈન્ડસ્ટ્રી માટે એક મોટી ક્ષતિ છે.

# રક્ષાબંધન પહેલાં સોના-ચાંદીના ભાવ ઘટ્યા: સોનું ₹2,860 સસ્તું થઈને ₹1.58 લાખ પર આવ્યું, 1 કિલો ચાંદીની કિંમત ₹2,791 ઓછી થઈ

મુંબઈ, તા.27

રક્ષાબંધનના એક દિવસ પહેલા એટલે કે આજે 27 ઓગસ્ટે સોના અને ચાંદીના ભાવમાં ઘટાડો નોંધાયો છે. તહેવારોની સિઝન શરૂ થઈ રહી છે ત્યારે સોના-ચાંદીના ભાવમાં આવેલી આ નરમાઈને કારણે ખરીદી કરનારા ગ્રાહકોને થોડી રાહત મળી શકે છે. ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશન એટલે કે IBJAના જણાવ્યા અનુસાર, 10 ગ્રામ 24 કેરેટ સોનાનો ભાવ 2,860 રૂપિયા ઘટીને 1.58 લાખ રૂપિયા પર આવી ગયો છે.

ચાંદીના ભાવમાં પણ આજે ઘટાડો જોવા મળ્યો છે. એક કિલો ચાંદીનો ભાવ 2,791 રૂપિયા ઘટીને 2.40 લાખ રૂપિયા પર પહોંચી ગયો છે. સોના અને ચાંદી બંને કિંમતી ધાતુઓમાં એકસાથે ઘટાડો જોવા મળ્યો છે, જેના કારણે તહેવારો દરમિયાન જ્વેલરી ખરીદવાની તૈયારી કરી રહેલા લોકોની નજર હવે આગામી દિવસોના ભાવ પર રહેશે.

વર્ષ 2026 દરમિયાન સોના અને ચાંદીના ભાવમાં સતત મોટી વધઘટ જોવા મળી રહી છે. વર્ષની શરૂઆતથી જ બંને કિંમતી ધાતુઓમાં તેજી અને ઘટાડાના અનેક તબક્કા આવ્યા છે. જોકે, હાલના ઘટાડા છતાં વર્ષની શરૂઆતની સરખામણીમાં સોનું ઘણું મોંઘું છે.

31 ડિસેમ્બર 2025ના રોજ 10 ગ્રામ સોનાનો ભાવ 1.33 લાખ રૂપિયા હતો. હવે તે વધીને લગભગ 1.58 લાખ રૂપિયા થઈ ગયો છે. એટલે કે 2026માં અત્યાર સુધીમાં સોનાના ભાવમાં લગભગ 29 હજાર રૂપિયાનો વધારો થયો છે. આ વધારો દર્શાવે છે કે ટૂંકા ગાળામાં ભાવમાં ઘટાડો થયો હોવા છતાં સોનાએ લાંબા ગાળે રોકાણકારોને મજબૂત વળતર આપ્યું છે.

ચાંદીની વાત કરીએ તો 31 ડિસેમ્બર 2025ના રોજ એક કિલો ચાંદીનો ભાવ 2.30 લાખ રૂપિયા હતો. હવે તેની કિંમત વધીને 2.40 લાખ રૂપિયા થઈ ગઈ છે. એટલે કે વર્ષની શરૂઆતની સરખામણીમાં ચાંદી પણ લગભગ 10 હજાર રૂપિયા મોંઘી થઈ છે.

આ વર્ષે સોનાના ભાવમાં એક સમયે ખૂબ જ મોટી તેજી જોવા મળી હતી. 29 જાન્યુઆરીએ 10 ગ્રામ સોનાનો ભાવ 1.76 લાખ રૂપિયા સુધી પહોંચી ગયો હતો. આ સોનાનો અત્યાર સુધીનો ઓલટાઈમ હાઈ રહ્યો હતો.



ત્યારબાદ ભાવમાં કેટલાક તબક્કે ઘટાડો જોવા મળ્યો, પરંતુ સોનું હજુ પણ વર્ષની શરૂઆતની સરખામણીમાં ઊંચા સ્તરે ટ્રેડ થઈ રહ્યું છે. ચાંદીમાં પણ આ વર્ષે ઐતિહાસિક તેજી જોવા મળી હતી. 29 જાન્યુઆરીએ ચાંદીનો ભાવ 3.86 લાખ રૂપિયા પ્રતિ કિલો સુધી પહોંચી ગયો હતો. ત્યારબાદ ચાંદીના ભાવમાં પણ નોંધપાત્ર ઘટાડો થયો છે અને હાલમાં તે 2.40 લાખ રૂપિયા પ્રતિ કિલોની આસપાસ છે. રક્ષાબંધન જેવા તહેવારો દરમિયાન સોના-ચાંદીની ખરીદી વધતી હોય છે. ઘણા લોકો આ સમયે બહેનને ભેટ આપવા માટે સોનાની ચેન, વીંટી, કાનની બુટ્ટી અથવા અન્ય જ્વેલરી ખરીદે છે. આવી સ્થિતિમાં માત્ર ભાવમાં ઘટાડો જોઈને ખરીદી કરવી યોગ્ય નથી. સોનું ખરીદતી વખતે તેની શુદ્ધતા, વજન, હોલમાર્ક અને મેકિંગ ચાર્જ જેવી બાબતોની પણ તપાસ કરવી જરૂરી છે.

સોનું ખરીદતી વખતે હંમેશા બ્યુરો ઓફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડ એટલે કે BISનો હોલમાર્ક ધરાવતું પ્રમાણિત સોનું ખરીદવું જોઈએ. હોલમાર્ક સોનાની શુદ્ધતા અંગે મહત્વની માહિતી આપે છે. સોનાની જ્વેલરી પર હોલમાર્ક સાથેનો આલ્ફાન્યુમેરિક નંબર પણ હોય છે, જે ઉદાહરણ તરીકે AZ4524 જેવા ફોર્મેટમાં હોઈ શકે છે. જ્વેલરી ખરીદતા પહેલા હોલમાર્ક યોગ્ય રીતે ચેક કરવો ખૂબ જ જરૂરી છે. ગ્રાહકે બિલમાં સોનાની શુદ્ધતા અને અન્ય જરૂરી વિગતો પણ યોગ્ય રીતે લખાવવામાં ધ્યાન આપવું જોઈએ. આ ઉપરાંત સોનાની જ્વેલરી ખરીદતી વખતે BIS સંબંધિત પ્રમાણિકતા પણ ચકાસવી જોઈએ.

સોનું ખરીદતા પહેલા તે દિવસનો સોનાનો ભાવ ચોક્કસપણે ચેક કરવો જોઈએ. માત્ર એક જ જ્વેલર દ્વારા જણાવવામાં આવેલી કિંમત પર આધાર રાખવાને બદલે અન્ય વિશ્વસનીય સ્રોતો પરથી પણ ભાવની તપાસ કરવી યોગ્ય છે. ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશન એટલે કે IBJAના ભાવને પણ ક્રોસ ચેક કરી શકાય છે. સોનાની કિંમત 24 કેરેટ, 22 કેરેટ અને 18 કેરેટ પ્રમાણે અલગ-અલગ હોય છે. 24 કેરેટ સોનું સૌથી વધુ શુદ્ધ માનવામાં આવે છે, જ્યારે જ્વેલરીમાં સામાન્ય રીતે 22 કેરેટ અથવા અન્ય શુદ્ધતાવાળું સોનું ઉપયોગમાં લેવાય છે. તેથી ગ્રાહકે જ્વેલર પાસેથી સોનાની શુદ્ધતા સ્પષ્ટ રીતે જાણી લેવી જોઈએ.

સોનાની જ્વેલરી ખરીદતી વખતે માત્ર સોનાના ભાવને જોવો પૂરતો નથી. જ્વેલરીની કુલ કિંમતમાં મેકિંગ ચાર્જ પણ મહત્વનો ભાગ ભજવે છે. જ્વેલર્સ સોનાને આભૂષણનું સ્વરૂપ આપવા માટે મેકિંગ ચાર્જ વસૂલે છે. આ ચાર્જ દરેક જ્વેલર અને દરેક ડિઝાઈન માટે અલગ હોઈ શકે છે.

મેકિંગ ચાર્જ હંમેશા એકસરખો હોતો નથી, તેથી ગ્રાહક તેની ચર્ચા કરી શકે છે. ખાસ કરીને મોટી ખરીદી દરમિયાન જ્વેલર સાથે મેકિંગ ચાર્જ અંગે ભાવતાલ કરવાથી કુલ બિલમાં સારી એવી બચત થઈ શકે છે. ગ્રાહક જ્વેલર પાસેથી મેકિંગ અથવા લેબર કોસ્ટનું સંપૂર્ણ બ્રેકઅપ પણ માંગી શકે છે. જ્વેલરી ખરીદતી વખતે માત્ર સોનાની કિંમત અને મેકિંગ ચાર્જ જ નહીં પરંતુ બિલમાં લાગતા અન્ય ચાર્જ પણ ધ્યાનથી તપાસવા જોઈએ. જ્વેલર પાસેથી સંપૂર્ણ અને યોગ્ય બિલ લેવું જરૂરી છે.

# કેન્દ્ર સરકાર આપે છે 20 લાખની લોન એ પણ ગેરન્ટી વગર

નવી દિલ્હી, તા.27

કેન્દ્ર સરકાર યુવાનો અને પોતાનો બિઝનેસ શરૂ કરવાનો પ્લાન બનાવી રહેલા લોકોને આર્થિક મદદ આપવા માટે 20 લાખ રૂપિયા સુધીની લોન આપી રહી છે. માત્ર નવો બિઝનેસ શરૂ કરવા માટે જ નહીં, પરંતુ પોતાના બિઝનેસનો વિસ્તાર કરવા માટે પણ સરકારી મદદ આ યોજના હેઠળ મળે છે. આ સ્કીમ છે પીએમ મુદ્રા યોજના (PM Mudra Yojana) અને તેની સૌથી ખાસ વાત એ છે કે આમાં કોઈ પણ પ્રકારની ગેરંટી નથી આપવી પડતી, કારણ કે આ કોલેટરલ ફ્રી લોન છે.



કેન્દ્ર સરકારની પ્રધાનમંત્રી મુદ્રા યોજના હેઠળ 20 લાખ રૂપિયાની ગેરન્ટી ફ્રી લોન આપવામાં આવે છે. લોનની આ રકમ પહેલા 10 લાખ રૂપિયા હતી, પરંતુ સરકારી સ્કીમને મળેલ રિસ્પોન્સ અને લાભાર્થીઓને વધુ આર્થિક મદદ આપવાના હેતુથી સરકારે તેને વધારીને બમણી કરી દીધી હતી. PMMY હેઠળ 4 કેટેગરીમાં બિઝનેસ કરનારાઓને લોન આપવામાં આવે છે, જેથી તેઓ સમયાંતરે પોતાના બિઝનેસને વધારી શકે.

પ્રધાનમંત્રી મુદ્રા યોજનામાં જે ચાર કેટેગરીમાં લોન આપવામાં આવે છે, તેમાં પહેલી છે શિશુ કેટેગરી અને તેના હેઠળ 50 હજાર રૂપિયા આપવામાં આવે છે. ત્યારબાદ કિશોર કેટેગરી હેઠળ 50,000 થી 5 લાખ રૂપિયા સુધીની લોન મંજૂર કરવામાં આવે છે. તરુણ કેટેગરી હેઠળ 5 લાખથી 10 લાખ રૂપિયા અને તરુણ પ્લસ હેઠળ 10 થી 20 લાખ રૂપિયા સુધીની લોન આપવામાં આવે છે.

પ્રધાનમંત્રી મુદ્રા યોજના હેઠળ શૈક્ષણિક લાયકાત માટે કોઈ ખાસ લિમિટ સેટ કરવામાં નથી આવી અને આમાં 8મું પાસ વ્યક્તિ પણ અરજી કરીને સરકારી આર્થિક મદદ મેળવી શકે છે. કોઈ પણ ભારતીય નાગરિક આનો લાભ લઈ શકે છે. ખાસ કરીને આ પ્રધાનમંત્રી મુદ્રા યોજના 2015માં એવા લોકો માટે રજૂ કરવામાં આવી હતી, જેઓ ખુદનો બિઝનેસ શરૂ કરવા માંગે છે.

પીએમ મુદ્રા સ્કીમ હેઠળ લોન મેળવવા માટે તમારી પાસે એક મજબૂત બિઝનેસ પ્લાન હોવો જરૂરી છે. આ સાથે તમે બેન્ક મારફતે મુદ્રા લોન માટે અપ્લાય કરી શકો છો. અપ્લાય કરવા પર સંબંધિત બેન્ક તમારી આવક, કારોબાર, ક્રેડિટ હિસ્ટ્રી, દસ્તાવેજો અને લોન ચૂકવવાની ક્ષમતા જોઈને અરજીનું આકલન કરે છે, ત્યારબાદ જ મંજૂરી આપે છે અને પછી લોનની રકમ જારી કરવામાં આવે છે. લોન પર વ્યાજનો દર બેન્ક અને અરજદારની પ્રોફાઈલના આધારે નક્કી થાય છે.

PMMY Scheme હેઠળ લોન માટે અરજી કરતી વખતે તમારી પાસે જે જરૂરી દસ્તાવેજો હોવા જરૂરી છે, તેમાં અરજદારનું આધાર કાર્ડ, પાન કાર્ડ, રહેણાંકનો પુરાવો, પાસપોર્ટ સાઈઝ ફોટો, એક બિઝનેસ પ્લાન, KYC દસ્તાવેજ અને ઈનકમ પ્રૂફ સામેલ છે. અપ્લાય કરવા માટે તમે ઓનલાઈન https://www.mudra.org.in/ પર જઈને અપ્લાય કરી શકો છો. આ સિવાય તમે બેન્કોમાં જઈને પણ આ યોજના હેઠળ અરજી કરી શકો છો.

# ₹20માં ₹2 લાખનું વીમા કવર! PMSBY યોજનાથી પરિવારને મળશે અકસ્માત સામે આર્થિક સુરક્ષા

નવી દિલ્હી, તા.27

સામાન્ય રીતે કોઈપણ વીમા પોલિસી લેવા માટે હજારો રૂપિયાનું પ્રીમિયમ ચૂકવવું પડે છે, પરંતુ કેન્દ્રની વડાપ્રધાન નરેન્દ્ર મોદી સરકાર માત્ર 20 રૂપિયાના વાર્ષિક પ્રીમિયમમાં 2 લાખ રૂપિયાનું અકસ્માતી વીમા કવર પૂરું પાડે છે. વડાપ્રધાન સુરક્ષા વીમા યોજના (PMSBY) દેશમાં ખૂબ જ લોકપ્રિય છે. ખાસ કરીને ઓછી આવક ધરાવતા લોકોને આર્થિક સુરક્ષા આપવાના હેતુથી સરકાર દ્વારા આ પર્સનલ એક્સિડન્ટ ઈન્સ્યોરન્સ સ્કીમ શરૂ કરવામાં આવી હતી. આ યોજના હેઠળ દુર્ઘટનામાં મૃત્યુ થવા કે અપંગતા આવવા પર સરકાર દ્વારા નક્કી કરાયેલી કવરેજ રકમ આપવામાં આવે છે.

વડાપ્રધાન સુરક્ષા વીમા યોજનામાં નોંધાયેલી વ્યક્તિનું જો અકસ્માતમાં મૃત્યુ થાય અથવા તે સંપૂર્ણપણે વિકલાંગ બને, તો 2 લાખ રૂપિયાનું કવર ચૂકવવામાં આવે છે. જ્યારે કોઈ દુર્ઘટનામાં વ્યક્તિ આંશિક રીતે વિકલાંગ થાય, તો સરકાર દ્વારા 1 લાખ રૂપિયાનું આર્થિક કવરેજ પૂરું પાડવામાં આવે છે. 18 થી 70 વર્ષ સુધીની ઉંમર ધરાવતી કોઈપણ વ્યક્તિ આ સ્કીમનો લાભ લઈ શકે છે. આ યોજનાને દર વર્ષે રિન્યૂ કરવાની હોય છે. મોંઘવારીના આ સમયમાં 20 રૂપિયા બચાવીને પરિવાર માટે 2 લાખ રૂપિયાની સરકારી ગેરંટી ધરાવતી આર્થિક સુરક્ષા મેળવી શકાય છે.



આ સરકારી વીમા યોજનાનો લાભ લેવા માટે સક્રિય બેંક ખાતું હોવું અનિવાર્ય છે. જો તમારી પાસે 1 થી વધુ બેંક ખાતાઓ હોય, તો પણ તમે માત્ર 1 બેંક ખાતા પરથી જ આ યોજનાનું કવરેજ મેળવી શકો છો. યોજના હેઠળ રજિસ્ટ્રેશન પીરિયડ 1 જૂનથી 31 મે સુધીનો હોય છે. દર વર્ષે 1 જૂન અથવા તે પહેલાં તમારા બેંક ખાતામાંથી 'ઓટો ડેબિટ' સુવિધા દ્વારા 20 રૂપિયાનું પ્રીમિયમ સીધું જ કપાઈ જાય છે. આથી તમારા બેંક એકાઉન્ટમાં ઓછામાં ઓછી 20 રૂપિયાની રકમ જાળવી રાખવી જરૂરી છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ 9 મે 2015 ના રોજ આ યોજના લોન્ચ કરી હતી. સરકારી આંકડાઓ અનુસાર, યોજનાની શરૂઆતથી મે 2024 સુધીમાં સરકારને કુલ 1,80,812 દાવાઓ મળ્યા હતા, જેમાં 1,37,404 દાવાઓનું સફળ સેટલમેન્ટ કરીને 2,728.85 કરોડ રૂપિયાની ચુકવણી કરવામાં આવી હતી. જ્યારે જૂન 2024 થી 16 એપ્રિલ 2025 સુધીમાં આ યોજનામાં 36.86 કરોડ નવા નામો ઉમેરાયા હતા. આ સમયગાળા દરમિયાન 33,906 દાવાઓમાંથી 19,024 દાવાઓનું સેટલમેન્ટ કરીને સરકારે 377.73 કરોડ રૂપિયાની રકમ ક્લેમ પેમેન્ટ પેટે ચુકવી છે.

# સેન્સેક્સ 539 પોઈન્ટ ઘટીને 76,934 પર બંધ: નિફ્ટી પણ 117 પોઈન્ટ નીચે 24,091 પર આવ્યો

મુંબઈ, તા.27


શેરબજારમાં આજે એટલે કે 27 ઓગસ્ટે ફરી એકવાર ઘટાડો જોવા મળ્યો હતો. સપ્તાહના ચોથા કારોબારી દિવસે ભારતીય શેરબજારમાં શરૂઆતથી જ વેચવાલીનું દબાણ જોવા મળ્યું હતું. ખાસ કરીને મેટલ, સરકારી બેંક અને મીડિયા ક્ષેત્રના શેરોમાં રોકાણકારોએ મોટા પ્રમાણમાં વેચવાલી કરી હતી. તેના કારણે બજારના મુખ્ય સૂચકાંકો ઘટાડા સાથે બંધ થયા હતા.

કારોબારના અંતે સેન્સેક્સ 539 પોઈન્ટના ઘટાડા સાથે 76,934ના સ્તરે બંધ થયો હતો. આ સાથે સેન્સેક્સમાં 0.70 ટકાનો ઘટાડો નોંધાયો હતો. બીજી તરફ નિફ્ટી પણ 117 પોઈન્ટ ઘટીને 24,091ના સ્તરે બંધ રહ્યો હતો. નિફ્ટીમાં 0.48 ટકાનો ઘટાડો જોવા મળ્યો હતો. જોકે, બજારમાં તમામ શેરોમાં એકસરખી નબળાઈ જોવા મળી નહોતી. મિડકેપ 50 ઈન્ડેક્સ 19 પોઈન્ટના ઘટાડા સાથે 18,362 પર બંધ થયો હતો, જ્યારે સ્મોલકેપ 50માં 9 પોઈન્ટનો વધારો થયો હતો અને તે 10,021ના સ્તરે બંધ રહ્યો હતો. આ દર્શાવે છે કે મોટા શેરોમાં વેચવાલીનું દબાણ વધારે રહ્યું હતું, જ્યારે કેટલાક નાના શેરોમાં ખરીદીનો માહોલ જોવા મળ્યો હતો.

આજે મેટલ ક્ષેત્રના શેરોમાં ખાસ કરીને નબળાઈ જોવા મળી હતી. આ ઉપરાંત સરકારી બેંકો અને મીડિયા કંપનીઓના શેરોમાં પણ રોકાણકારોનું વેચાણ જોવા મળ્યું હતું. વૈશ્વિક બજારોના સંકેતો, રોકાણકારોની સાવચેતી અને વિવિધ ક્ષેત્રોમાં નફાવસૂલીને કારણે સ્થાનિક બજાર પર દબાણ રહ્યું હતું.

આ દરમિયાન પ્રાથમિક બજારમાં પણ આજે મહત્વપૂર્ણ હલચલ જોવા મળી હતી. લ્યુમિનો ઈન્ડસ્ટ્રીઝનો IPO આજે એટલે કે 27 ઓગસ્ટથી ખુલ્યો છે. કંપની IPO દ્વારા કુલ 700 કરોડ રૂપિયા એકત્ર કરવાની યોજના ધરાવે છે. રોકાણકારો આ IPOમાં 31 ઓગસ્ટ સુધી બોલી લગાવી શકશે.

IPO માર્કેટમાં રોકાણકારોની નજર હવે લિસ્ટિંગની સંભાવનાઓ અને કંપનીના બિઝનેસ મોડલ પર રહેશે. બજારમાં અસ્થિરતા હોવા છતાં નવા IPOને લઈને રોકાણકારોમાં રસ યથાવત જોવા



મળી રહ્યો છે.

ભારતીય બજાર પર વૈશ્વિક સંકેતોની પણ અસર જોવા મળી હતી. એશિયાઈ બજારોમાં આજે મિશ્ર કારોબાર રહ્યો હતો. દક્ષિણ કોરિયાનો કોસ્પી 65 પોઈન્ટ વધીને 6,808ના સ્તરે પહોંચ્યો હતો. તેમાં 0.97 ટકાનો વધારો નોંધાયો હતો.

જાપાનનો નિકેઈ 406 પોઈન્ટ વધીને 66,262 પર પહોંચ્યો હતો અને તેમાં 0.62 ટકાનો વધારો થયો હતો. હોંગકોંગનો હેંગસેંગ પણ 126 પોઈન્ટના વધારા સાથે 25,637ના સ્તરે રહ્યો હતો. હેંગસેંગમાં 0.49 ટકાનો વધારો નોંધાયો હતો. અમેરિકી શેરબજારના અગાઉના કારોબારી સત્રમાં પણ મુખ્ય સૂચકાંકોમાં વધારો નોંધાયો હતો. ડાઉ જોન્સ 160 પોઈન્ટ વધીને 53,577 પર બંધ થયો હતો. તેમાં 0.30 ટકાનો વધારો થયો હતો.

નૅસ્ડૅકમાં 171 પોઈન્ટનો વધારો જોવા મળ્યો હતો અને તે 26,151ના સ્તરે બંધ થયો હતો. નૅસ્ડૅકમાં 0.66 ટકાનો વધારો નોંધાયો હતો. જ્યારે S&P 500 ઈન્ડેક્સ 24 પોઈન્ટ વધીને 7,677ના સ્તરે બંધ થયો હતો. તેમાં 0.32 ટકાનો વધારો રહ્યો હતો. સ્થાનિક સંસ્થાકીય રોકાણકારો એટલે કે DIIની બજારમાં ખરીદી યથાવત જોવા મળી રહી છે. છેલ્લા સાત દિવસ દરમિયાન DIIએ ભારતીય શેરબજારમાં 8,386 કરોડ રૂપિયાના શેરની ખરીદી કરી છે. છેલ્લા 30 દિવસના આંકડા પર નજર કરીએ તો DIIની ખરીદી 40,152 કરોડ રૂપિયા સુધી પહોંચી છે. બીજી તરફ FII અને FPIની પણ ખરીદી જોવા મળી રહી છે. તાજેતરના આંકડા પ્રમાણે તેમણે 1,594 કરોડ રૂપિયાના શેર ખરીદ્યા છે. છેલ્લા સાત દિવસમાં FII અને FPIની કુલ ખરીદી 1,649 કરોડ રૂપિયા રહી છે, જ્યારે છેલ્લા 30 દિવસમાં આ આંકડો 12,928 કરોડ રૂપિયા સુધી પહોંચ્યો છે. IPO માર્કેટમાં વધુ એક મહત્વપૂર્ણ ઈશ્યૂ આવતીકાલે એટલે કે 28 ઓગસ્ટે ખુલવાનો છે. ESDS સોફ્ટવેર સોલ્યુશન લિમિટેડનો IPO 28 ઓગસ્ટથી રોકાણકારો માટે ખુલશે. કંપની આ IPO દ્વારા 720 કરોડ રૂપિયા એકત્ર કરવા માંગે છે.

કંપનીએ IPO માટે શેરનો પ્રાઈસ બેન્ડ 408 રૂપિયાથી 429 રૂપિયા નક્કી કર્યો છે. રોકાણકારો ઓછામાં ઓછા એક લોટ એટલે કે 34 શેર માટે અરજી કરી શકશે. ઉપરના પ્રાઈસ બેન્ડ પ્રમાણે એક લોટ માટે રોકાણકારોને 14,586 રૂપિયા ખર્ચવા પડશે.

ESDS સોફ્ટવેર સોલ્યુશનનો IPO 1 સપ્ટેમ્બરે બંધ થશે. IPOમાં રોકાણ કરતા પહેલા રોકાણકારો માટે કંપનીના નાણાકીય પરિણામો, બિઝનેસ મોડલ, જોખમો અને વેલ્યુએશનનો અભ્યાસ કરવો મહત્વપૂર્ણ રહેશે. આ પહેલા ગઈકાલે એટલે કે 26 ઓગસ્ટે પણ ભારતીય શેરબજારમાં ઘટાડો જોવા મળ્યો હતો. બુધવારના કારોબારમાં સેન્સેક્સ 183 પોઈન્ટ ઘટીને 77,473ના સ્તરે બંધ થયો હતો. જ્યારે નિફ્ટીમાં 127 પોઈન્ટનો ઘટાડો નોંધાયો હતો અને તે 24,208ના સ્તરે બંધ થયો હતો.

# બ્લિંકિટ-સ્વિગી, ડીમાર્ટથી 5 કિલોથી વધુ ખાંડ નહીં મળે: રિટેલ અને ઓનલાઈન પ્લેટફોર્મ્સે લિમિટ નક્કી કરી, એક મહિનામાં 35% મોંઘી થઈ

મુંબઈ, તા.27

તહેવારોની સિઝન શરૂ થવાના થોડા દિવસો પહેલા દેશમાં ખાંડના ભાવમાં અચાનક મોટો વધારો જોવા મળ્યો છે. ખાંડના ભાવમાં સતત તેજી અને બજારમાં સપ્લાયને લઈને વધતી ચિંતા વચ્ચે હવે રિટેલ માર્કેટમાં ગ્રાહકો માટે ખાંડની ખરીદી પર મર્યાદા લાગુ કરવામાં આવી રહી છે. Blinkit, Zepto જેવી ક્વિક-કોમર્સ એપ્સ ઉપરાંત મોટા સુપરમાર્કેટ્સમાં પણ એક ગ્રાહક એક વખતમાં કેટલી ખાંડ ખરીદી શકે તેના પર મર્યાદા નક્કી કરવામાં આવી છે.

ગ્રાહક બાબતોના વિભાગના જણાવ્યા અનુસાર, 26 ઓગસ્ટે દેશમાં ખાંડની સરેરાશ છૂટક કિંમત 65.05 રૂપિયા પ્રતિ કિલો સુધી પહોંચી ગઈ હતી. એક મહિના પહેલા એટલે કે 26 જુલાઈએ ખાંડનો સરેરાશ ભાવ 48 રૂપિયા પ્રતિ કિલો હતો. એટલે કે માત્ર 30 દિવસના સમયગાળામાં ખાંડની કિંમતમાં લગભગ 35.5 ટકાનો વધારો નોંધાયો છે.

ખાંડના ભાવમાં આટલા ટૂંકા સમયગાળામાં થયેલા મોટા વધારાએ સરકારની ચિંતા પણ વધારી છે. ખાસ કરીને રક્ષાબંધન બાદ ગણેશોત્સવ, નવરાત્રી અને દિવાળી જેવા મોટા તહેવારો આવવાના હોવાથી આગામી દિવસોમાં ખાંડની માંગમાં વધુ વધારો થવાની શક્યતા છે. તહેવારો દરમિયાન મીઠાઈ, બેકરી ઉત્પાદનો અને ઘરેલુ વાનગીઓમાં ખાંડનો વપરાશ વધતો હોવાથી સપ્લાય પર વધુ દબાણ આવી શકે છે. ખાંડના વધતા ભાવ અને સપ્લાયને ધ્યાનમાં રાખીને ક્વિક-કોમર્સ પ્લેટફોર્મ્સ પર ગ્રાહકો માટે ખરીદીની મર્યાદા નક્કી કરવામાં આવી છે. Blinkit પર ગ્રાહક એક વખતમાં વધુમાં વધુ 5 કિલો ખાંડ ખરીદી શકશે.

Swiggy Instamart પર ગ્રાહકોને 1 કિલોના બે પેકેટ અથવા 5 કિલોનું એક પેક ખરીદવાની મંજૂરી આપવામાં આવી રહી છે. BigBasket પર અલગ-અલગ બ્રાન્ડ્સને ધ્યાનમાં રાખીને કુલ 6 કિલો સુધીની ખરીદી કરી શકાય છે.

આ મર્યાદાઓનો મુખ્ય હેતુ એ છે કે થોડા ગ્રાહકો મોટી માત્રામાં ખાંડ ખરીદી કરીને તેનો સ્ટોક ન કરી લે અને અન્ય ગ્રાહકોને પણ પૂરતો માલ મળી રહે. તહેવારોની સિઝનમાં ખાંડની માંગ વધવાની હોવાથી રિટેલર્સ તરફથી




સંગ્રહખોરી અટકાવવા માટે આ પ્રકારના પગલાં લેવામાં આવી રહ્યા છે. માત્ર ઓનલાઈન એપ્સ જ નહીં પરંતુ ઓફલાઈન રિટેલ માર્કેટમાં પણ ખાંડ ખરીદવાની મર્યાદા નક્કી કરવામાં આવી છે. DMart અને Reliance Retail જેવા મોટા સુપરમાર્કેટ્સમાં એક ગ્રાહક માટે 2 થી 3 કિલો સુધીની ખાંડ ખરીદવાની મર્યાદા રાખવામાં આવી છે.

મુખ્ય ખાંડ બ્રાન્ડ સાથે સંકળાયેલા એક સિનિયર એક્ઝિક્યુટિવના જણાવ્યા પ્રમાણે, રિટેલર્સ દ્વારા આ નિર્ણય સંગ્રહખોરી અટકાવવા અને દરેક ગ્રાહકને પૂરતો સ્ટોક મળી રહે તે સુનિશ્ચિત કરવા માટે લેવામાં આવી રહ્યો છે. જો થોડા ગ્રાહકો મોટી માત્રામાં ખાંડ ખરીદી લે તો બજારમાં સામાન્ય ગ્રાહકો માટે ઉપલબ્ધતા ઘટી શકે છે અને તેના કારણે ભાવ પર વધુ દબાણ આવી શકે છે. છૂટક બજારની સાથે જથ્થાબંધ બજારમાં પણ ખાંડના ભાવમાં નોંધપાત્ર વધારો થયો છે. જથ્થાબંધ બજારમાં ખાંડનો ભાવ અગાઉ 45 રૂપિયા પ્રતિ કિલો આસપાસ હતો, જે હવે વધીને 60.36 રૂપિયા પ્રતિ કિલો સુધી પહોંચી ગયો છે. એટલે કે જથ્થાબંધ બજારમાં પણ ખાંડના ભાવમાં લગભગ 34 ટકાનો વધારો થયો છે.

PIBના આંકડા પ્રમાણે, 20 જુલાઈથી 20 ઓગસ્ટ વચ્ચે જ ખાંડના ભાવમાં લગભગ 16 ટકાનો વધારો નોંધાયો હતો. ઓગસ્ટના છેલ્લા અઠવાડિયામાં ભાવ વધવાની ગતિ વધુ ઝડપી બની હોવાનું જણાવવામાં આવ્યું છે. જથ્થાબંધ બજારમાં ભાવ વધવાથી તેની અસર ધીમે ધીમે રિટેલ માર્કેટ સુધી પહોંચે છે અને અંતે ગ્રાહકોએ વધારે કિંમત ચૂકવવી પડે છે.

ખાંડના ભાવમાં વધારા પાછળ દેશના ઉત્પાદન અંગેની ચિંતા પણ એક મહત્વનું કારણ માનવામાં આવે છે. ઈન્ડિયન સુગર એન્ડ બાયો-એનર્જી મેન્યુફેક્ચરર્સ એસોસિએશન એટલે કે ISMAના અંદાજ પ્રમાણે 2025-26 માર્કેટિંગ વર્ષમાં ઈથેનોલ બ્લેન્ડિંગ માટેના ઉપયોગ બાદ દેશમાં ખાંડનું ઉત્પાદન આશરે 279 લાખ ટન રહી શકે છે. દેશમાં ખાંડનું ઉત્પાદન ઓછું રહેવાની આશંકા વચ્ચે બજારમાં સપ્લાયને લઈને ચિંતા વધી છે. જો ઉત્પાદન અને ઉપલબ્ધ સ્ટોક બંને માંગની સરખામણીમાં ઓછા રહે તો બજારમાં ભાવ વધવાનું દબાણ ઊભું થઈ શકે છે.

ભારતમાં ખાંડનો વાર્ષિક ઘરેલું વપરાશ આશરે 280 લાખ ટન છે. બીજી તરફ 2025-26 સીઝનની શરૂઆતમાં દેશમાં લગભગ 50 લાખ ટનનો ઓપનિંગ સ્ટોક ઉપલબ્ધ હતો. જોકે, સમગ્ર વર્ષ દરમિયાન થનારા વપરાશની સરખામણીમાં નવું ઉત્પાદન ઓછું રહેવાની આશંકા હોવાથી સપ્લાયને લઈને દબાણ વધી રહ્યું છે.

ખાંડના બજારમાં જ્યારે માંગ સતત રહે અથવા વધે અને તેની સામે ઉપલબ્ધતા ઓછી થવાની શક્યતા હોય ત્યારે વેપારીઓ અને રિટેલર્સ ભાવ વધારી શકે છે. હાલ તહેવારોને કારણે માંગમાં વધારો થવાની શક્યતા હોવાથી આ ચિંતા વધુ વધી છે. ISMAના અંદાજ મુજબ સપ્ટેમ્બરના અંત સુધીમાં દેશમાં ખાંડનો ક્લોઝિંગ સ્ટોક ઘટીને લગભગ 35 લાખ ટન રહી શકે છે.

# E20 પેટ્રોલથી પરેશાની વચ્ચે ગ્રાહકો માટે સારા સમાચાર, જાણો શું છે સરકારની તૈયારી?

નવી દિલ્હી, તા.27

દેશમાં E20 પેટ્રોલના કારણે જૂના વાહનોના એન્જિન અને માઈલેજ પર પડી રહેલી માઠી અસરને લઈને વાહનચાલકોમાં ભારે ચિંતા જોવા મળી રહી છે. સામાન્ય લોકોની ફરિયાદ છે કે E20 પેટ્રોલના કારણે તેમના વાહનોની માઈલેજ ઘટી ગઈ છે અને વારંવાર સર્વિસ કરાવવી પડે છે. કેન્દ્રીય માર્ગ પરિવહન મંત્રી નિતિન ગડકરીએ પણ સંસદમાં સ્વીકાર્યું હતું કે E20 ફ્યુઅલના કારણે વાહનની ક્ષમતા મુજબ 2 થી 6 ટકા સુધી માઈલેજ ઘટી શકે છે. જનતાની આ વધતી નારાજગી વચ્ચે હવે સરકાર જૂના વાહનો માટે અનુકૂળ ગણાતા E10 પેટ્રોલનો વિકલ્પ ફરીથી ઉપલબ્ધ કરાવવા માટે ગંભીરતાથી વિચારણા કરી રહી છે.

સૂત્રોના જણાવ્યા અનુસાર, પેટ્રોલિયમ મંત્રાલય દેશની સરકારી તેલ કંપનીઓ ઈન્ડિયન ઓઈલ (IOCL), ભારત પેટ્રોલિયમ (BPCL) અને હિન્દુસ્તાન પેટ્રોલિયમ (HPCL) સાથે ચર્ચા કરી રહ્યું છે. જો યોજના સફળ રહેશે તો XP95, Speed અને Power95 જેવા 'બ્રાન્ડેડ' અથવા પ્રીમિયમ ઓક્ટેન 95 ઈંધણમાં 20%ના બદલે માત્ર 10% એથેનોલ




(E10) મિશ્રિત કરીને વેચવામાં આવી શકે છે. આનાથી અલગથી E10 માટે નવું સ્ટોરેજ કે ડિસ્પેન્સિંગ ઈન્ફ્રાસ્ટ્રક્ચર બનાવવાની જરૂર નહીં પડે, કારણ કે E20 થી પરેશાન લોકો હાલમાં આ પ્રીમિયમ પેટ્રોલ તરફ શિફ્ટ થઈ રહ્યા છે.

ભારતમાં એથેનોલ મિશ્રણ કાર્યક્રમની શરૂઆત 2001માં એક પાઈલટ પ્રોજેક્ટ તરીકે થઈ હતી. 2006માં E5 લાવવામાં આવ્યું હતું, જ્યારે 2013-14માં બ્લેન્ડિંગનું પ્રમાણ માત્ર 1.53% હતું, જે આજે વધીને 20% સુધી પહોંચી ગયું છે. નીતિન ગડકરી અનુસાર, E20 ફ્યુઅલથી ઉત્સર્જનમાં 30% સુધીનો ઘટાડો થાય છે અને રાઈડ ક્વોલિટી સારી રહે છે. જોકે, ગ્રાહકોના સંતોષ માટે ઓક્ટેન 95ને E10 તરીકે રજૂ કરવું વ્યવહારુ છે કે નહીં તેની અત્યારે સમીક્ષા થઈ રહી છે.

હાલમાં દિલ્હીમાં સામાન્ય પેટ્રોલ 102 રૂપિયા પ્રતિ લીટર મળે છે, જ્યારે ઓક્ટેન 95 એટલે કે XP95 અને Speed જેવા પ્રીમિયમ પેટ્રોલનો ભાવ 110થી 115 રૂપિયા પ્રતિ લીટરની આસપાસ છે. આ સિવાય લક્ઝરી કાર્સ માટે ઓક્ટેન 100 પણ ઉપલબ્ધ છે જે 150થી 170 રૂપિયા પ્રતિ લીટરે મળે છે અને તેમાં એથેનોલ હોતું નથી. જો સરકાર ઓક્ટેન 95માં E10 મિશ્રણ મંજૂર કરશે, તો તેનાથી લાખો વાહનચાલકોને મોટી રાહત મળશે અને તેમના વાહનોનું એન્જિન પણ સુરક્ષિત રહેશે.

# બીપી અને હૃદયરોગની નકલી દવાનું આંતરરાજ્ય રેકેટ, 3 આરોપીઓની ધરપકડ



**અમદાવાદ, તા.27**

હૃદયરોગ અને હાઈ બ્લડપ્રેશરની બોગસ દવાઓ બજારમાં ઘુસાડવાના આંતરરાજ્ય રેકેટનો અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચ અને ફૂડ એન્ડ ડ્રગ્સ કન્ટ્રોલ એડમિનિસ્ટ્રેશન (FDCA)ની સંયુક્ત ટીમે પર્દાફાશ કર્યો છે. ઉત્તર પ્રદેશના લખનઉથી સંચાલિત આ નેટવર્કમાં સામેલ અમદાવાદના એક વેપારી સહિત ત્રણ આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે. તપાસ દરમિયાન ઘટસ્ફોટ થયો છે કે વધુ કમિશન અને ડિસ્કાઉન્ટની લાલચ આપીને રિટેલર્સ મારફતે દર્દીઓના જીવ જોખમમાં મૂકવામાં આવી રહ્યા હતા.

મળતી માહિતી મુજબ, અંકલેશ્વર સ્થિત 'જેબી કેમિકલ્સ એન્ડ ફાર્માસ્યુટિકલ્સ લિમિટેડ' દ્વારા ડ્રગ્સ વિભાગને ફરિયાદ કરવામાં આવી હતી કે તેમની હૃદયરોગ અને બીપી માટે વપરાતી જાણીતી દવા 'નિકાર્ડિયા રિટાર્ડ 10 એમજી' (Nicardia Retard 10mg)નું લીલાવતી ફાર્મસી એન્ડ વેલનેસ પ્રાઈવેટ લિમિટેડમાંથી ડુપ્લિકેટ વેચાણ થઈ રહ્યું છે. ફરિયાદના આધારે અધિકારીઓએ ડમી ગ્રાહક મોકલીને દવાનું સેમ્પલ મેળવ્યું હતું. તપાસ દરમિયાન બેચ નંબર મેચ ન થતાં અલગ-અલગ સ્થળે દરોડા પાડીને બોગસ જથ્થો જપ્ત કરવામાં આવ્યો હતો અને આ અંગે સિટી ક્રાઈમ બ્રાન્ચમાં ગુનો નોંધવામાં આવ્યો હતો.

તપાસમાં સામે આવ્યું છે કે ફેબ્રુઆરી 2026થી શરૂ થયેલા આ નેટવર્ક દ્વારા ગુજરાત સહિત દેશના વિવિધ ભાગોમાં આશરે 2700 જેટલી નકલી દવાઓની સ્ટ્રીપ્સ સપ્લાય કરવામાં આવી ચૂકી છે. લખનઉથી ખરીદાયેલી આ નકલી દવામાંથી અમદાવાદની પારસ ઈકો મેડિકલમાં 900, અશોર હેલ્થકેરમાં 900, ગ્લોબલ ફાર્મામાં 200, અરિહંત મેડિકલમાં 60 અને ગિરીરાજ હેલ્થકેરમાં 50 સ્ટ્રીપ્સ મોકલવામાં આવી હતી. આ ઉપરાંત મૈસૂરની રક્ષા એસોસિએટ્સમાં 200 સ્ટ્રીપ્સ સહિત સુરત, ભાવનગર, ભુજ અને નડિયાદમાં પણ જથ્થો મોકલાયો હોવાનું સામે આવ્યું છે.

પોલીસે આ કેસમાં અમદાવાદની પાર્શ્વ એજન્સીના દર્શિલ ગિરીશભાઈ સંઘવી તેમજ લખનઉના દેવેન્દ્ર યાદવ અને ઉમંગ રસ્તોગીની ધરપકડ કરી છે. લખનઉના બંને આરોપીઓ કમિશન મેળવીને ગુજરાતમાં નકલી દવાઓ સપ્લાય કરતા હતા. આ બંને આરોપીઓ અગાઉ મહારાષ્ટ્રના પુણેમાં પણ નકલી દવા વેચવાના ગુનામાં ઝડપાઈ ચૂક્યા છે. નકલી દવાનું ઉત્પાદન કરતી મુખ્ય ફેક્ટરી સુધી પહોંચવા પોલીસની ત્રણ ટીમો અન્ય રાજ્યોમાં તપાસ ચલાવી રહી છે.

ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગના જણાવ્યા મુજબ, સામાન્ય રીતે દવામાં રીટેલ માર્જિન 20 ટકા અને હોલસેલ માર્જિન 10 ટકા હોય છે. પરંતુ આરોપી વેપારીઓને 18 ટકાથી વધુનું વધારાનું ડિસ્કાઉન્ટ આપવામાં આવતું હતું. મૂળ 112.90 રૂપિયાની એમઆરપી ધરાવતી 10 ટેબ્લેટની સ્ટ્રીપ પર ઊંચી લાલચ આપીને કૌભાંડ આચરવામાં આવતું હતું.

આરોગ્ય નિષ્ણાતોના મતે, હાઈ બ્લડપ્રેશર અને હૃદયરોગના દર્દીઓ માટે આવી બનાવટી દવાઓ અત્યંત ઘાતક સાબિત થઈ શકે છે. કારણ કે તેમાં જરૂરી સક્રિય ઘટકો (એક્ટિવ ઈન્ગ્રેડિયન્ટ્સ) હોતા નથી. એફડીસીએ દ્વારા નાગરિકોને અપીલ કરવામાં આવી છે કે દવા ખરીદતી વખતે પાકું બિલ અવશ્ય લેવું અને પેકિંગ પરનું પ્રિન્ટિંગ ચકાસવું. અસલી 'નિકાર્ડિયા' દવાની સ્ટ્રીપ પર બેચ નંબર અને એક્સપાયરી ડેટનું સ્ટીરિયો પ્રિન્ટિંગ 3 લાઈનમાં હોય છે, જ્યારે નકલી દવામાં તે 2 લાઈનમાં જોવા મળ્યું હતું. કોઈ પણ શંકાસ્પદ દવાની જાણ તાત્કાલિક ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગને કરવા જણાવાયું છે.

## સાબરમતીમાં રસ્તો ક્રોસ કરતા વૃદ્ધને એસટી બસે ટક્કર મારી, ઘટનાસ્થળે જ નીપજ્યું મોત



**અમદાવાદ, તા.27**

અમદાવાદના સાબરમતી વિસ્તારમાં ઓએનજીસી કટ પાસે એસટી બસની અડફેટે આવતાં 70 વર્ષીય વૃદ્ધનું મોત નીપજ્યું હતું. આ બનાવ અંગે પોલીસે મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે ખસેડીને બસ ચાલક સામે અકસ્માતનો ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

મળતી વિગતો અનુસાર, અમદાવાદની રેલવે કોલોનીમાં જવાહર ચોક, ભૂતબંગલા પાસે આવેલા સાહેબપુરાના છાપરામાં રહેતા ગજાજી મનરૂપજી મારવાડી (ઉંમર વર્ષ 70) સવારે કામ અર્થે નીકળ્યા હતા. તે સાબરમતી ચાર રસ્તા નજીક આવેલા ઓએનજીસી કટ પાસેથી પગપાળા રસ્તો ક્રોસ કરી રહ્યા હતા, તે દરમિયાન ત્યાંથી પસાર થઈ રહેલી એસ.ટી. બસના ચાલકે તેમને અડફેટે લીધા હતા.

બસની ટક્કર વાગવાને કારણે ગજાજી મારવાડી ગંભીર રીતે ઘવાયા હતા અને તેમનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. અકસ્માતની જાણ થતાં જ સાબરમતી પોલીસની ટીમ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. પોલીસે મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે ખસેડીને બસ ચાલક સામે અકસ્માતનો ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

## જજિસ બંગલો રોડ પર પાન પાર્લરમાં ત્રણ શંકાસ્પદ સગીરોએ કરી ચોરી, સમગ્ર ઘટના CCTVમાં કેદ

**અમદાવાદ, તા.27**

અમદાવાદના જજિસ બંગલો રોડ પર આવેલા કદમ કોમ્પ્લેક્સમાં ચોરીની ઘટના સામે આવી છે. અહીં એક પાન પાર્લરનું શટર વચ્ચેથી ઊંચું કરી અંદર ઘૂસેલા ત્રણ શંકાસ્પદ સગીરો 74,400 રૂપિયાની મત્તાની ચોરી કરીને ફરાર થઈ ગયા હતા. આ સમગ્ર ઘટના દુકાનમાં લાગેલા CCTV કેમેરામાં કેદ થઈ ગઈ છે. વેપારીની ફરિયાદના આધારે વસ્ત્રાપુર પોલીસે ગુનો નોંધીને વધુ તપાસ હાથ ધરી છે.

મળતી માહિતી મુજબ, બોપલ વિસ્તારમાં રહેતા 56 વર્ષીય અનિલ રાજપૂત કદમ કોમ્પ્લેક્સના ગ્રાઉન્ડ ફ્લોર પર પાન પાર્લર ચલાવે છે. ગત 26 ઓગસ્ટના રોજ સવારે 7 વાગ્યે તેના પાર્લરમાં કામ કરતા કર્મચારી રાહુલ અને ઉત્સવ દુકાને પહોંચ્યા ત્યારે શટરના બંને તાળાં મારેલાં હતાં, પરંતુ શટર વચ્ચેથી વળેલું જોવા મળ્યું હતું. દુકાનની અંદર તપાસ કરતા ગલ્લામાંથી રોકડ રકમ અને અન્ય સામાન ગાયબ હતો.



વેપારીએ દુકાનના CCTV ફૂટેજ ચકાસતાં માલૂમ પડ્યું હતું કે, રાત્રિના સમયે ત્રણ શંકાસ્પદ સગીરોએ દુકાનનું શટર વચ્ચેથી ઊંચું કરીને અંદર પ્રવેશ કર્યો હતો. તેમણે કેશ કાઉન્ટરમાંથી 48,000 રોકડા રૂપિયા અને 26,400 રૂપિયાની કિંમતની સિગારેટના પેકેટોની ચોરી કરી હતી. હાલ વસ્ત્રાપુર પોલીસે CCTV ફૂટેજના આધારે ત્રણેય શંકાસ્પદ સગીરોને ઓળખી કાઢવા અને પકડવા માટે ચક્ર ગતિમાન કર્યાં છે.

## અમદાવાદમાં કાંકરિયા તળાવની જૂની ટોય ટ્રેન નિવૃત્ત થશે, 3.5 કરોડની બે નવી ટ્રેનો દોડાવાશે

**અમદાવાદ, તા.27**

અમદાવાદ કાંકરિયા તળાવની ફરતે મુસાફરી કરાવતી ટોય ટ્રેન બાળકોમાં આકર્ષણનું કેન્દ્ર રહી છે. ત્યારે હવે આ જૂની ટ્રેન નિવૃત્ત થવા જઈ રહી છે. તેના બદલે સાડા ત્રણ કરોડ રૂપિયાના ખર્ચે તૈયાર કરાયેલી બે નવી ટ્રેન કાંકરિયા તળાવની પાળે દોડાવવામાં આવશે. અઠવાડિયામાં બંને નવી ટ્રેન કાંકરિયામાં આવે તેવી શક્યતાઓ છે. બીજી બાજુ પરિસરમાં ખાલી પડેલી છ જગ્યાએ નવી એક્ટિવિટીસ ઉભી કરવાનું આયોજન કરાયું છે. અમદાવાદ મ્યુનિસિપલ દ્વારા લાંબા સમયથી કાંકરિયા લેકફ્રન્ટમાં બે નવી ટ્રેન લાવવાનું આયોજન ચાલી રહ્યું હતું. જે હવે અંતિમ ચરણમાં પહોંચ્યું છે. વટવામાં તૈયાર કરાયેલા કોચ અને પુણેમાં બનાવેલા એન્જિન સાથેની બે નવી ટ્રેન આગામી અઠવાડિયામાં કાંકરિયા પરિસરમાં પહોંચશે. મણિનગર વોર્ડના અસિસ્ટન્ટ મ્યુનિસિપલ કમિશનરના જણાવ્યાનુસાર, બંને ટ્રેનના કોચ અને એન્જિન આવ્યા બાદ તેમને અસેમ્બલ કરી નવી ટ્રેનની ટ્રાયલ કરાશે. જેમાં બે મહિના સુધીનો સમય લાગશે. ત્યારબાદ એક-એક કરીને બંને જૂની ટ્રેન બંધ કરી તેની જગ્યાએ સંભવિત દિવાળીથી નવી ટ્રેન દોડાવવામાં આવશે. એક ટ્રેનમાં એક સાથે 150 પ્રવાસીઓ મુસાફરી કરી શકશે. બીજી બાજુ કાંકરિયા તળાવમાં ખાલી પડેલી 150 ચો. મીટરથી લઈને સાત હજાર ચો. મીટરની જુદી જુદી છ જગ્યાએ નવી એક્ટિવિટીસ ઉભી કરવાનું આયોજન કરાયું છે. પીપીપી મોડલથી વિવિધ એક્ટિવિટીસ ઊભી કરવા ખાનગી એજન્સી પાસેથી ઓફર મંગાવાઈ છે.

## અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં બઢતી અને નિમણૂકનો ધમધમાટ, વિવિધ વિભાગોમાં મોટો ફેરફાર

**અમદાવાદ, તા.27**

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC)ની સ્ટાફ સિલેક્શન એન્ડ અપોઈન્ટમેન્ટ કમિટીની બેઠક મેયરના અધ્યક્ષસ્થાને યોજાઈ હતી. આ બેઠકમાં વહીવટી, ઈજનેરી, હેલ્થ તેમજ લાઈટ વિભાગની જગ્યાઓ પર બઢતી, સ્વૈચ્છિક નિવૃત્તિ અને પ્રોબેશન પિરિયડ લંબાવવા સહિતના અનેક મહત્વપૂર્ણ નિર્ણયો લેવામાં આવ્યા છે. જ્યારે કેટલાક વિભાગોના બઢતીના પ્રસ્તાવો મુલતવી રાખવામાં આવ્યા છે.



કમિટી દ્વારા લેવાયેલા નિર્ણયો મુજબ, વહીવટી કેડરમાં એચઓડી (HOD) કક્ષાની બઢતીપાત્ર એક જગ્યા પર ડેપ્યુટી એચઓડી મુકેશ બી. પટેલને એચઓડી તરીકે બઢતી આપવામાં આવી છે. જ્યારે ડેપ્યુટી એચઓડીની એક જગ્યા પર અસિસ્ટન્ટ મેનેજર કલ્પેશ દશરથલાલ પટેલને પ્રમોશન આપવામાં આવ્યું છે.

લાઈટ, એસટીપી અને દૂધેશ્વર વોટર વર્ક્સ ખાતામાં રેશિયો મુજબ નવી ઊભી કરાયેલી એડિશનલ ચીફ એન્જિનિયરની બઢતીપાત્ર જગ્યા પર ડેપ્યુટી સિટી એન્જિનિયર વસંત બાબુ નિનામાને રાજ્ય સરકારની મંજૂરીની અપેક્ષાએ તથા નિયત શરતોને આધીન બઢતી આપવાની મંજૂરી આપવામાં આવી છે. હેલ્થ વિભાગ અંતર્ગત મધ્ય ઝોનના ડેપ્યુટી હેલ્થ ઓફિસર ડૉ. મિલન એચ. નાયકે (એમ્પ્લોયી નંબર 70092) સ્વાસ્થ્ય અને અંગત કારણોસર 3 માસનો નોટિસ પિરિયડ ગણી સ્વૈચ્છિક નિવૃત્તિની માંગણી કરી હતી. કમિટીએ તેમની અરજી ગ્રાહ્ય રાખીને આઠમી જુલાઈ 2026ના રોજ ઓફિસ સમય બાદ તેમની સ્વૈચ્છિક નિવૃત્તિ મંજૂર કરી છે.

બીજી તરફ, ઝૂ ખાતાના ઝૂ સુપ્રિન્ટેન્ડેન્ટ તરીકે પ્રોબેશન સમય પર નિમાયેલા અધિકારીનો અગાઉ લંબાવેલો 6 માસનો પ્રોબેશન પિરિયડ તા. 17 ફેબ્રુઆરી 2026ના રોજ પૂર્ણ થતો હોવાથી, તેને 18મી ફેબ્રુઆરી 2026થી વધુ 1 વર્ષ માટે અથવા આઈ.આર. વિભાગ દ્વારા આપવામાં આવેલી શો-કોઝ નોટિસનો આખરી નિર્ણય ન આવે ત્યાં સુધી (બેમાંથી જે વહેલું હોય તે) લંબાવવાની મંજૂરી આપવામાં આવી છે. શો-કોઝ નોટિસનો નિર્ણય સંબંધિત અધિકારી માટે બંધનકર્તા રહેશે.

આ ઉપરાંત, પાર્ક્સ એન્ડ ગાર્ડન્સ વિભાગના ડાયરેક્ટરની જગ્યા, ઈજનેર રોડ એન્ડ બિલ્ડિંગ વિભાગમાં ડેપ્યુટી સિટી એન્જિનિયરની 3 બઢતીપાત્ર જગ્યાઓ તથા વોટર રિસોર્સ મેનેજમેન્ટ વિભાગમાં ડેપ્યુટી સિટી એન્જિનિયરની 18 બઢતીપાત્ર જગ્યાઓ પરના નિર્ણયો આગામી કમિટી બેઠક સુધી મુલતવી રાખવામાં આવ્યા છે.

## રતનપોળના વેપારી સાથે ₹2.19 કરોડની છેતરપિંડી, આસામના 4 શખસોએ સોનાના બદલે નકલી લગડી પધરાવી

**અમદાવાદ, તા.27**

અમદાવાદના ઈસનપુર વિસ્તારમાં રહેતા અને રતનપોળમાં સોના-ચાંદીના દાગીના બનાવવાનો વેપાર કરતા વેપારી સાથે 2.19 કરોડ રૂપિયાથી વધુની છેતરપિંડી થઈ હોવાનો કિસ્સો સામે આવ્યો છે. આસામના ચાર શખસોએ વિશ્વાસ કેળવીને 1624 ગ્રામ સોનાના દાગીના મેળવી લીધા હતા અને તેના બદલામાં અન્ય ધાતુ પર માત્ર સોનાનો વરખ ચડાવેલી નકલી લગડીઓ પધરાવી છેતરપિંડી કરી હતી. આ અંગે અમદાવાદના ઈસનપુર પોલીસ સ્ટેશનમાં ચાર આરોપીઓ સામે ફરિયાદ નોંધાઈ છે.

મળતી માહિતી મુજબ, ઈસનપુર ગામમાં રહેતા અને છેલ્લા 20 વર્ષથી રતનપોળના સહજાનંદ માર્કેટમાં જ્વેલરી બનાવવાનો વ્યવસાય કરતા 52 વર્ષીય રાકેશ સોનીએ આ અંગે ફરિયાદ નોંધાવી છે. તેની ફરિયાદ અનુસાર, ગુવાહાટી (આસામ) ખાતે જ્વેલરીનો ધંધો કરતા મુનીર, અજીજ, જેબુદ્દીન અને તાલુ નામના ચાર શખસોએ તેમની સાથે આ ઠગાઈ આચરી છે.

ઘટનાની વિગતો અનુસાર, ફેબ્રુઆરી 2026માં આરોપીઓએ રાકેશ સોનીની દુકાને આવી નાનું કામ સોંપીને તાત્કાલિક રોકડ ચૂકવણી કરી વિશ્વાસ જીત્યો હતો. ત્યારબાદ એપ્રિલ 2024માં આરોપીઓએ વોટ્સએપ કોલ મારફતે 22 કેરેટ સોનાના સેટ, ચેઈન, રિંગ વગેરે મળીને કુલ 1624 ગ્રામ દાગીનાનો મોટો ઓર્ડર આપ્યો હતો. આ ઓર્ડર પૂર્ણ કરવા માટે રાકેશ સોનીએ તેના વેપારી મિત્ર નઈમઅખ્તર સાથે મળીને કુલ 2,19,62,500 રૂપિયાની કિંમતના દાગીના તૈયાર કર્યા હતા.




દાગીના તૈયાર થઈ ગયા બાદ રાકેશ સોની તેની ડિલિવરી આપવા ગુવાહાટી ગયા હતા. ત્યાં આરોપીઓએ તમામ અસલી દાગીના મેળવી લીધા હતા અને હાલ પૂરતા રોકડા નાણાં ન હોવાનું બહાનું બતાવીને 24 કેરેટ સોનાની 166 ગ્રામ વજન ધરાવતી 9 લગડીઓ આપી હતી. પરંતુ રાકેશ સોનીએ હોટેલ પર જઈને આ લગડીઓની તપાસ કરાવતા તે અંદરથી અન્ય ધાતુની અને માત્ર ઉપર સોનાનો વરખ ચડાવેલી નકલી હોવાનું બહાર આવ્યું હતું.

જ્યારે વેપારીએ આ અંગે આરોપીઓનો સંપર્ક કર્યો ત્યારે તેમણે શરૂઆતમાં લગડી બદલી આપવાના વાયદા કર્યા હતા, પરંતુ બાદમાં પોતાના મોબાઈલ ફોન સ્વિચ ઓફ કરી લીધા હતા. છેતરપિંડીનો ભોગ બન્યાનો અહેસાસ થતાં રાકેશ સોનીએ અંતે ઈસનપુર પોલીસ મથકમાં ચાર શખસો સામે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.


ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત
આપે છે તક...
બનો સોશિયલ જર્નાલિસ્ટ
આપના વિસ્તારની સમસ્યાઓ, રસ્તા, પાણી, ગટર, લાઈટ વગેરેના પ્રશ્નો, રોજિંદી ઘટનાઓ, સામાજિક પ્રસંગો તેમજ આપની આસપાસ કંઈક વિશેષ કે નવું બની રહ્યું હોય તો તેની વિગતો, શૈક્ષણિક સંસ્થાઓ, NGO સહિતની સેવાભાવી સંસ્થાઓ પણ ફોટોગ્રાફ્સ સાથે કાર્યક્રમની વિગતો અમને મોકલી આપો.
વોટ્સએપ નંબર - 8980070599



MAMTA SOLUTION
House Keeping નો કોન્ટ્રાક્ટ લેવામાં આવે છે,
House Keeping સપ્લાય કરીએ છીએ.
લેબર કોન્ટ્રાક્ટ કરીએ છીએ
લેબર જોતા હોય તો કોલ કરો
કોઈ પણ કંપનીને લેબરની જરૂરીયાત હોય તો કોલ કરો.
લેબર (લેડીઝ/જેન્ટસ) છોકરાઓને તમામ પ્રકારની સુવિધા આપવામાં આવે છે.
લેબરને તમામ પ્રકારની ફેસીલીટી આપવામાં આવે છે, જેવી કે મેડીકલ/ખાવા-પીવાનું/રહેવાનું આપવામાં આવે છે.
88 66 21 7393


જાનકી ટ્રેડર્સ
FinOlex PIPES
NILKANTH STEEL
JK SUPER CEMENT BUILD SAFE
BUILD SAFE #YehPaccaHai
નેહલ મહેતા M :- 97261 06200 nehalmehta81.nm@gmail.com
સીમેન્ટ, ટીએમટી લોખંડ, એંગલ, પાઈપ્સ, પતરા વગેરે દરેક જાતનું બીલ્ડીંગ મટીરીયલ્સ અમારા ત્યા વ્યાજબી ભાવે મળશે... અવશ્ય મુલાકાત લો....
ગજા સિનેમા પાસે, પ્રતાપપુરા, ઉખરેલી રોડ, સંતરામપુર, જિલ્લા-મહિસાગર